# પર્યુષણપર્વ મહાત્મ્ય

## (સંક્ષિપ્ત પરિચય)



સ્મિતા પિનાકીન શાહ

:: મૂલ્ય : નિશુલ્ક ::

શેઠશ્રી. જમનાભાઈ ભગુભાઈ રીલીજીયસ ટ્રસ્ટના સહયોગ થી

# પર્યુષણપર્વ મહાત્મ્ય

## (સંક્ષિપ્ત પરિચય)

:: સંપાદન ::


**સ્મિતા પિનાકીન શાહ**

૧૭, નિશાંત બંગલોઝ વિભાગ-૧, બિલેશ્વર મહાદેવ સામે,

સીટી ગોલ્ડ સિનેમાની ગલી, શ્યામલ ચાર રસ્તા,

સેટેલાઇટ, અમદાવાદ – ૩૮૦૦૦૫

ફોન નં. : ૨૬૭૬૮૦૯૦, ૪૦૦૨૫૯૧૪

મોબાઇલ નં. : ૯૮૯૮૩૮૦૦૫૩


:: મૂલ્ય : નિશુલ્ક ::


શેઠશ્રી. જમનાભાઈ ભગુભાઈ રીલીજીયસ ટ્રસ્ટના

સહયોગ થી

:: પ્રકાશક ::

શેઠશ્રી જમનાભાઈ ભગુભાઈ

રીલીજીયસ ટ્રસ્ટ

# ...પ્રસ્તાવના...

પર્યુષણ આવે અને મનમાં અનેક જાતના વિચારોનો ચક્રવાત ચકરાવા લેવા માંડે. શું શું કરીશું ? કયાં કયાં દર્શન કરવા જઈશું ? શું વાંચીશું ? પર્યુષણનો પ્રભાવ જ એવો કે આખા વાતાવરણમાં ધર્મ પ્રસરી જાય. જૈન હોય કે ના હોય પણ ધર્મના રંગમાં રંગાઈ જાય. છાપાઓમાં આવતા લેખો, વ્યાખ્યાનો વાંચવાનો નાનપણથી જ બહુ રસ પડે અને વિચાર આવ્યો કે પર્વના મહાત્મ્ય વિશે કંઈ લખું. વિષય જરાય નવો નથી, અપરિચિત નથી, છતાં તેની વધારે નિકટ જવા માટેનો એક પ્રયત્ન માત્ર છે.

પર્યુષણ એ પર્વોનો રાજા છે. પર્વાધીરાજ છે. આ મહાન પર્વ વિશે જેટલું લખાયું છે તેમાંથી જ તારવીને સામાન્ય વ્યક્તિને પણ વાંચવામાં રસ પડે તે રીતે આ પુસ્તક તૈયાર કર્યું છે. સરળ ભાષા અને સરળ વિચારો છતાં ધર્મના ઊંડાણમાં ઉતરવાની ભાવના જાગૃત થાય તેવી શુભેચ્છા રાખું છું. શાસ્ત્ર વિરુદ્ધ કંઈ પણ લખાઈ ગયું હોય તો મન વચન અને કાયાથી મિચ્છામિ દુક્કડમ્ !

- સ્મિતા પિનાકીન શાહ

તા. ૧૫-૧૨-૨૦૧૫

# ...અનુક્રમણિકા...


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧. | જૈન ધર્મ ભારતવર્ષનો પ્રાચીન ધર્મ | ૦૧ - ૦૪ |
| ૨. | પર્યુષણપર્વ | ૦૫ - ૫૮ |
| ૩. | ગજસિંહ રાજાની કથા | ૫૯ - ૭૭ |

## :: અર્પણ ::

અનન્ય સ્વજનો

ડૉ. વંદનાબેન

અને

જગદીશભાઈ

Chicago

# જૈન ધર્મ ભારતવર્ષનો પ્રાચીન ધર્મ છે

'જૈન' શબ્દ 'જિન' પરથી બનેલો છે. ભગવાન મહાવીરના સમયમાં એને માટે 'નિર્ગ્રન્થ' શબ્દ ચાલતો હતો એને ક્યાંક ક્યાંક આર્યધર્મ પણ કહ્યો છે. પાર્શ્વનાથના સમયમાં એને 'શ્રમણધર્મ' કહેતા. પાર્શ્વનાથ પહેલાં જે બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિ થઈ ગયા તે સમયમાં 'અર્હત ધર્મ' કહેવાતો હતો. બિહારમાં જૈન ધર્મ 'આર્હત ધર્મ'ના નામે પ્રચલિત હતો. ઈતિહાસમાં વખતોવખત નામ બદલાતાં રહ્યાં હશે, પણ આ ધર્મ - પરંપરા અને સંસ્કૃતિનું મૂળ, સિદ્ધાંત બીજ તો આજે છે તેનું તે જ હતું - આત્મવાદ અને અનેકાન્તવાદ. આ જ આત્મવાદની ભૂમિ પર જૈન- પરંપરાનું કલ્પવૃક્ષ વધતું ગયું છે. જૈન સાધુ આજે પણ શ્રમણ કહેવાય છે. શ્રમણ શબ્દ, શ્રમ, સમતા અને વિકાર - શમનનનો સૂચક છે. એમાં પ્રભૂત અર્થ સમાયેલો છે.

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો અહિંસા, પરિગ્રહ અને અનેકાંત છે. જૈનધર્મમાં અહિંસાના સિદ્ધાંતને શુદ્ધ અને શાશ્વતરૂપે દર્શાવવામાં આવ્યો છે. અહિંસાના આવિષ્કારથી જીવનમાં સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની ભાવના ઉત્પન્ન થાય છે. અહિંસામાં જીવમાત્રના અસ્તિત્વનો સ્વીકાર છે વીતરાગતા અહિંસાની જનની છે.

જૈનધર્મમાં પરિગ્રહ વિશે સૂક્ષ્મ નિરીક્ષણો કરેલાં છે. પરિગ્રહ એ ગુનો ત્યારે જ બને છે જ્યારે તેમાં કટ્ટર માલિકીભાવ, આસક્તિ અને વિવેકહીન ભોગ અભિપ્રેત બને. અપરિગ્રહવ્રત શ્રદ્ધાપૂર્વક આચરણ પામે ત્યારે સમાજવાદના આદર્શની પ્રતિષ્ઠા થઈ શકે. સોનું, રૂપુ આદિ નવ પ્રકારના બાહ્ય અને ક્રોધ-માનાદિ સોળ પ્રકારના આભ્યંતર પરિગ્રહ છોડવા પર જૈનાચાર્યો ભાર આપે છે.

બીજાની વાત પણ સાચી હોઈ શકે. કોઈપણ વિચાર કે અન્યના મતને દરેક બાજુએથી જોવો તે અનેકાન્તવાદ છે. જો માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઈ જાય એ સુંદર વાત જૈનધર્મએ અનેકાંત દ્વારા સમજાવી છે.

તમારું કર્મ જ તમારી ગતિનું કારણ બને છે, તેવા દૃષ્ટિબિંદુથી ભગવાન મહાવીરે ઈશ્વર કર્તાહર્તા નથી, પણ કર્મો જ આપણા ભાગ્યવિધાતા બને છે તેમ વિશિષ્ટ રીતે સમજાવ્યું છે. જૈન શાસનમાં તીર્થંકરોની ગુણ દ્વારા પૂજા કરવાની હોય છે, વ્યક્તિ તરીકેની નહિ. તેથી એક જ તીર્થંકરની પૂજા અને આજ્ઞાનું પ્રતિપાલન કરીએ તો પણ અનંતા તીર્થંકરોની પૂજા અને આજ્ઞાપાલનનો લાભ મળી શકે છે.

ચતુર્વિધ સંઘની જે સ્થાપના કરે છે તે તીર્થંકર કહેવાય છે. તે સિવાય કેવળ જ્ઞાન પામીને સિદ્ધ થયેલા આત્માઓ અનંત છે. તે બધા કેવળી કહેવાય છે. દરેક આત્મા ઉર્ધ્વગમન પામીને સિદ્ધ પદ (મોક્ષ) પામી શકે છે. મોક્ષપદને પામવા માટે આત્માએ, ત્રણ રત્નો સમ્યગજ્ઞાનાન, સમ્યગદર્શન, સમ્યગચરિત્ર મેળવવાં પડે છે. ધર્મ બે પ્રકારે કરવાને કહ્યો છે. સાધુધર્મ અને શ્રાવકધર્મ. સંસારનો ત્યાગ કરી સંયમ માર્ગે દીક્ષા ગ્રહણ કરે છે તેને પાંચ મહાવ્રતો અંગીકાર કરવાં પડે છે. જૈનધર્મ સમતા અને ક્ષમાને પ્રધાનતા આપે છે. એટલે જૈનસાધુને ક્ષમાશ્રવણ પણ કહે છે અને સાધુને પાળવાના નિયમો તે સમાચારી અને શ્રાવકને પાળવાના નિયમો શ્રાવકાચાર કહે છે. શ્રાવકાચારમાં બાર નિયમ છે.

**જૈન પર્વો :**

પર્વોના બે વિભાગ હોય છે. લૌકિક પર્વો અને લોકોત્તર પર્વો. લૌકિક પર્વો મુખ્યત્વે ભોગ-ઉપભોગ અને આનંદ પ્રમોદથી ઉજવાય છે. જૈનધર્મના તમામ પર્વો લોકોત્તર પર્વો છે, જે આત્મઉર્ધ્વગમનના લક્ષ્યથી તપ-ત્યાગની આરાધના અર્થે છે. આયંબિલની ઓળી એ વિશિષ્ટ શાશ્વતી લોકોત્તર પર્વની શૃંખલા (સાંકળ) છે. દર વર્ષે ચૈત્ર સુદ - ૭ અને આસો સુદ-૭થી શરૂ થાય છે અને નવ દિવસે એટલે કે પૂનમના દિવસે પૂરી થાય છે.

આયંબિલ તપમાં ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ, સાકર, મિષ્ટાન, શાકભાજી, ફળો તથા મસાલા વિનાનો, રસ વગરનો શુષ્ક આહાર માત્ર એક વાર લેવાનો હોય છે. આ તપમાં એક ગર્ભિત સિદ્ધાંત અભિપ્રેત છે. "ખાવા" માટે જીવવાનું નથી પરંતુ "જીવવા" માટે ખાવાનું છે. સ્વાદ વિજયની આરાધના માટેનું આ તપ છે. આયંબિલ તપની નવ દિવસની આરાધનામાં જૈનદર્શનનું નવપદ ચિંતન અભિપ્રેત છે. પહેલા પાંચ દિવસમાં પંચ પરમેષ્ટિને વંદનની આરાધના અને છેલ્લા ચાર દિવસ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમ સમક્તિની સાધના કરવાની હોય છે.

**તીર્થંકરોના કલ્યાણકો :** તીર્થંકરોના પાંચ કલ્યાણક ઉજવાય છે. (૧) ચ્યવન કલ્યાણક (૨) જન્મ કલ્યાણક (૩) દીક્ષા કલ્યાણક (૪) કેવળજ્ઞાન કલ્યાણક અને (૫) નિર્વાણ કલ્યાણક.

તીર્થંકર ભગવાન ગર્ભમાં આવે તે ચ્યવન કલ્યાણક, જે દિવસે જન્મ થાય તે દિવસ જન્મ કલ્યાણક, દીક્ષા ગ્રહણ કરે તે દિવસ દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે દિવસ કૈવલ્ય કલ્યાણક અને જે દિવસે તીર્થંકર ભગવાનનો આત્મા આઠેય કર્મનો ક્ષય કરી નિવાર્ણ પામે અને સિદ્ધશીલા પર સ્થિર થઈ સિદ્ધત્વને પામે તે નિર્વાણ કલ્યાણક છે. આ પર્વો માનવીને કલ્યાણકારી પ્રેરણા આપે છે એટલે કલ્યાણક કહેવાય છે.

**અક્ષયતૃતીયા :** પૂર્વના કર્મોદયે નિર્દોષ સૂઝતો આહાર ન મળવાથી આદિનાથ ઋષભદેવે ફાગણ વદ આઠમે સંયમ સ્વીકાર્યો ત્યારથી ૪૦૦ દિવસ બાદ વૈશાખ સુદ ત્રીજે પ્રભુનું ઈક્ષુરસ દ્વારા પારણું થયું આ અક્ષય તૃતીયાના દિવસે વર્ષીતપના તપસ્વીઓ પારણું કરે છે અને આ તપની અનુમોદના ઉત્સવરૂપે ઉજવાય છે.

**દિવાળી :** દિવાળીને ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણકના ઉત્સવરૂપે જૈનોમાં ઉજવાય છે. આ દિવસોમાં ઉલ્લાસભાવે દાન આપી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની ભાવના અભિપ્રેત છે. નૂતનવર્ષનું ગૌતમસ્વામીના કેવળજ્ઞાનની સ્મૃતિરૂપ ગૌતમ પ્રતિપદારૂપે સ્વાગત કરે છે.

**લાભપાંચમ** : જ્ઞાનની આરાધનાનું પર્વ ગણાય છે.

**પર્વતિથિઓ** : જે શ્રાવકો હંમેશાં સંપૂર્ણ શ્રાવકાચારનું પાલન ન કરી શકે તે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ (પૂનમ - અમાસ) તે પર્વ તિથિ કરે છે. આ દિવસોમાં લીલોતરી, કંદમૂળ વગેરેનો ઉપયોગ નહિ કરવાનો. જપ, તપ કરવાનું, બ્રહ્મચર્યનું પાલન કરવાનું વગેરે આરાધનાનો વિશેષ પુરુષાર્થ કરે છે. સામાન્ય રીતે આ દિવસોમાં આયુષ્યકર્મના બંધ પડવાની વિશેષતઃ સંભાવના હોય છે તેથી તે પર્વતિથિઓમાં તપ-ત્યાગ કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે.

# પર્યુષણ પર્વ

પર્યુષણપર્વ ત્યાગ અને તપશ્ચર્યાનું પર્વ છે. પર્વની ઉત્પત્તિ - તહેવારોનાં અનેક કારણો હોય છે. સામાન્ય રીતે મુખ્ય બે રીતે મુખ્ય બે કારણો હોય છે. : ભક્તિ અને આનંદ ! એમાંના કોઈક પર્વો ભય (શીતળા સાતમ), પ્રલોભન (લક્ષ્મીપૂજન), અને વિસ્મય (સૂર્યપૂજા) થી સર્જાતા હોય છે. કેટલાક પર્વનો સંબંધ ઈશ્વર સાથે હોય છે. પર્યુષણપર્વ એ કોઈ ભયથી થતી આરાધના નથી. "આ આરાધના ના કરો તો મહાનર્કના ભાગી થશો એવું કોઈએ ક્યાંય વિધાન કર્યું નથી." તો પછી સાંસારિક પ્રલોભન તો સંભવે જ ક્યાંથી ? જ્યાં વિતરાગી તીર્થંકર માત્ર પ્રકાશ સિવાય કશું આપતા નથી એટલે આ પર્વ પ્રકાશ મેળવવા માટે આંતરખોજનું પર્વ છે. તેથી આ પર્વનું મૂળ બાહ્ય જગત, બાહ્ય આનંદ કે બાહ્ય આયોજનોમાં નથી પરંતુ તેનો મર્મ તો આત્મરત્, આત્મસંલગ્ન અને આત્મપ્રિય બનવાનો છે. તેથી આ પર્વની આરાધનામાં જે બાહ્ય આયોજનો છે તે પણ આંતર માટે જ હોય છે. અર્થાત્ તેનો ઉદ્દેશ માત્ર જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ તેમજ પુષ્ટિ માટે જ હોય છે.

પર્યુષણનો એક અર્થ છે 'પરિવસન'. એટલે નિકટ રહેવું અર્થાત્ આત્માની સમીપ રહેવું. આપણે વિચાર કરીએ કે જીવનમાં વ્યક્તિ આત્માની સમીપ કેટલો રહે છે ? આજનો માનવી તેના જીવનનો મોટો ભાગ દેહની સમીપ ગાળે છે. દેહનું સુખ, દેહ ઉપર સમૃદ્ધિ અને દેહના આનંદનો જ વિચાર કરે છે. મનની દોડ માનવીને ભૌતિક પ્રાપ્તિમાં દોડાવે છે. પોતાના આત્માને ઓળખવાનો સમય જ મળતો નથી. આ આત્મતત્વને જોવા માટે એકાંત અને શાંતિ જરૂરી છે. બાહ્ય પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ મેળવીને આત્મવિશ્લેષણ કરવાની પ્રવૃત્તિને કાર્યરત બનાવવાનો આ પર્વનો મર્મ છે. જીવનભર અવિરત દોડધામ કરતો માનવી છેક મૃત્યુ સમયે જીવનની

સાર્થકતાનો વિચાર કરવાનો પ્રારંભ કરે છે. ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. આ પર્વ દોડમાંથી થોડો સમય (આઠ દિવસ) નિવૃત્તિ લઈ ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મસિદ્ધિની આરાધના તરફ લઈ જાય છે. આત્માની ઓળખ પામી આત્મામાં રમણ કરવું તે પર્યુષણનો અર્થ છે.

તેનો બીજો અર્થ છે "પર્યુશમન". પરિ + ઉપશમન અર્થાત્ સર્વ પ્રકારે શાંતિ કરવી. આત્માના શુદ્ધ ભાવો તરફ ગમન કરી રાગદ્વેષ, અશાંતિ વગેરે દૂર કરવા માટેનું માધ્યમ છે. તેનાથી અહંકારના સ્થાને મૈત્રી અને નમ્રતા વિકસે છે. પર્યુષણપર્વનો ત્રીજો અર્થ છે 'પરિવસન'. એટલે એક સ્થાન પર સ્થિર રહેવું. પર્યુષણપર્વ સમયે વર્ષાઋતુ હોય છે તેથી સાધુઓ એક સ્થાન પર રહેતા હોય છે. વૃત્તિ -પ્રવૃત્તિમાં ઘૂમતો માનવી પર્યુષણ દરમિયાન આંતરચેતનાના સ્થાન પર પલાંઠી મારી બેસવાનો પ્રયત્ન કરે તે પર્યુષણનો મર્મ છે.

જૈનોનો એક વર્ગ છે જે દિગમ્બરના નામે ઓળખાય છે. મહાવીર સ્વામીના નિર્વાણ પછી લગભગ ૨૫૦ વર્ષે જૈનધર્મના બે ફાંટા પડ્યા છે શ્વેતાંબર અને દિગંબર. "સ્ત્રીઓને મુક્તિ મળે કે નહિ ?" "દેહધારી કેવળી ભોજન કરે કે નહિ ?" "સાધુએ વસ્ત્ર પહેરવું કે નહિ ?" આવી બાબતને લઈને ભેદ થયો. આ મતભેદોને બાદ કરતાં, બંને ફિરકાઓએ અપનાવેલું દર્શન સાહિત્ય અને ધર્મ સાહિત્ય પ્રાયઃ પૂર્ણ સમાન છે. તે પોતાના પર્યુષણ જુદા ઉજવે છે. સંવત્સરિના બીજા દિવસથી આ પર્વ શરૂ થાય છે અને દસ દિવસ ચાલે છે. માટે તેને 'દસલક્ષણા' પર્વ પણ કહેવામાં આવે છે. ક્ષમા, માર્દવ, આર્જવ, ત્યાગ, સંયમ, તપ, સત્ય, શૌચ, આકિંચનતા અને બ્રહ્મચર્ય - એ દસ પ્રકારના યતિ ધર્મને લક્ષમાં રાખીને ઉજવાતું હોવાથી દસલક્ષણા નામથી ઓળખાય છે. જૈનોનો અન્ય એક વર્ગ છે. કાલાન્તરે અન્ય ફાંટા પણ પડ્યા છે તેમાં જે સ્થાનકવાસી તરીકે ઓળખાય છે તેમની સંવત્સરિ પાંચમે હોય છે. એટલે એક દિવસ મોડા ચાલુ થઈ એક દિવસ મોડા પતે છે.

પર્યુષણપર્વ એ ઘણું પ્રાચીનપર્વ છે. શાસ્ત્રોમાં વર્ણનો આવે છે તે પ્રમાણે ભગવાન મહાવીર જ્યારે રાજગૃહી નગરીમાં પધાર્યા હતા ત્યારે મગધના રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને પર્યુષણપર્વ અંગે પ્રશ્નો પૂછ્યા હતા. પર્યુષણપર્વની સારામાં સારી આરાધના કોણે કરી હતી ? એવા પ્રશ્નના જવાબમાં ભગવાને કહેલું કે ભૂતકાળમાં ગજસિંહ નામના રાજાએ સુંદર આરાધના કરેલી જેથી તે રાજા પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ પામી મુક્તિપદ પામશે. પછી ભગવાને રાજા શ્રેણિકને શ્રી પર્યુષણ પર્વનું ફળ અને રાજા ગજસિંહનું ચરિત્ર કહ્યું છે. જે મેં પાછળ આપ્યું છે. પર્યુષણપર્વમાં મુનિ અને ગૃહસ્થ માટેના કર્તવ્યોની પૃચ્છા કરી છે. ભગવાને કહ્યું છે : સાધુઓ માટેના દસ કલ્પમાંનો એક કલ્પ પર્યુષણ છે. વર્ષાઋતુ આવે એટલે સાધુઓએ એક સ્થળે રહેવું જેનો યોગિક અર્થક છે આત્માની નજીક રહેવું. અને આમ કરવા માટે ક્રોધ, માન, માયા, લોભ, આદિ કષાયો તજવા અને સાધુઓ માટે બીજા નવ કલ્પ આ પ્રમાણે છે :

(૧) **અચેલક કલ્પ :** ઓછાં અને જીર્ણ વસ્ત્ર પહેરવાં.

(૨) **ઉદ્દેશક કલ્પ :** પોતાના નિમિતે બનાવેલો આહાર ના લેવો.

(૩) **શભ્યાંતર કલ્પ :** જેને ત્યાં ઉતર્યા હોય તેને ત્યાંના ખાનપાન કે વસ્ત્ર સાધુએ ના લેવાં.

(૪) રાજપિંડ ના લેવો.

(૫) **કૃતિકર્મ કલ્પ :** દીક્ષામાં વડો હોય તેને વડો સ્વીકારવો.

(૬) **પાંચવ્રત કલ્પ :** અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સ્વીકારવાં.

(૭) **જ્યેષ્ઠ કલ્પ :** કાચી દીક્ષાથી નહિ પાકી દીક્ષાથી લઘુગુરુનો સ્વીકાર કરવો.

(૮) દરરોજ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત કરવું.

(૯) **માસકલ્પ :** એક મહિનાથી વિશેષ ક્યાંય ના રહેવું.

(૧૦) પર્યુષણ કલ્પ : ચોમાસામાં એક સ્થળે રહેવું અને ચોમાસું કરવા રહેલા કલ્પવાળા સાધુએ પર્યુષણના પાંચ દિવસ કલ્પસૂત્ર વાંચવું.

## ગૃહસ્થ (શ્રાવક) માટે પર્યુષણમાં કરવાના ૧૧ કર્તવ્યો જણાવવામાં આવ્યા છે.

(૧) પૂજા

(૨) ચૈત્યપરિપાટી

(૩) સાધુસંતોની ભક્તિ

(૪) સંઘમાં પ્રભાવના

(૫) જ્ઞાનની આરાધના

(૬) સાધર્મિક વાત્સલ્ય

(૭) કલ્પસૂત્ર શ્રવણ

(૮) તપશ્ચર્યા કરવી

(૯) જીવોને અભયદાન

(૧૦) સાંવત્સરિક પ્રતિક્રમણ

(૧૧) પરસ્પર ક્ષમાપના

આ વિશિષ્ઠ કર્તવ્યો ઉપરાંત યથાશક્તિ દાન, બ્રહ્મચર્ય, સામાયિક-પ્રતિક્રમણ, પૌષધ, ઘરના સમારંભ ત્યાગ, દળવું-ખાંડવું ત્યાગ, નાટક -ચેટક ત્યાગ, ભૂમિ પર સુવાનું સમિત્વ વસ્તુનો ત્યાગ, રાત્રે જાગરણ - ભાવભજન - પૂજા - આંગી અને ધર્મમહોત્સવમાં લક્ષ્મીનો સદુપયોગ અને વ્યાખ્યાન - શ્રવણમાં પહેલા ત્રણ દિવસ કર્તવ્યો વિશે અને પછીના પાંચ દિવસ કલ્પસૂત્ર સાંભળવું.

'કલ્પસૂત્ર'ની રચના શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીએ કરેલી છે. આ રચના તેમણે પ્રત્યાખ્યાન પ્રવાહ નામના નવમા પર્વમાંથી લઈ દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનરૂપે કરેલી છે. પૂર્વકાળે મુનિવરો નવકલ્પ વિહાર કરતા અને એ રીતે ક્રમે કરીને જે સ્થાનમાં ચાતુર્માસ રહેવાનું થાય ત્યાં ભાદરવા સુદ પાંચમના દિવસે રાત્રીએ સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા પછી એક યોગ્ય સાધુ સૂત્રપાઠ ઊભે ઊભે બોલતા અને બીજા સર્વ સાધુ "કપ્પસમ્મ પવતિય કાઉસ્સગં કરેમિ" કહી કાઉસગ્ગ કરી એ મુખપાઠ સાંભળતા. 'કલ્પસૂત્ર' વાંચનની આ પરંપરા શાશ્વત નથી. આનંદપુરના રાજા ધ્રુવસેનને તેના સેનાગંજ નામના પ્રિય પુત્રના મૃત્યુ શોકથી મુક્ત કરવા અર્થે સભામાં વાંચવાની શરૂઆત થઈ ત્યારથી જનસમુદાયમાં પણ કલ્પસૂત્ર વાચનાનો પ્રારંભ થયો. મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે આ ગ્રંથની વાચનાનો પ્રારંભ થયો હતો. આ પ્રાસંગિક કારણ છે કે રાજાનો પુત્ર શોક ઓછો થાય. પણ ખરું કારણ પંડિત સુખલાલજી જણાવે છે કે તે વખતે જ્યાં ત્યાં ચોમાસામાં બ્રાહ્મણ સંપ્રદાયમાં 'મહાભારત' 'રામાયણ' અને 'ભાગવત' જેવા શાસ્ત્રો વાંચવાની ભારે પ્રથા હતી. લોકો એ તરફ ખૂબ ઝૂકતા. બૌદ્ધસંપ્રદાયમાં પણ બુદ્ધચરિત અને વિનયના ગ્રંથો વંચાતા જેમાં બુદ્ધનું જીવન અને ભિખ્ખુઓનો આચાર આવતો. આ કારણથી લોકવર્ગમાં મહાન પુરુષોના જીવનચરિત્ર સાંભળવાની અને ત્યાગીઓના આચાર જાણવાની ઉત્કટ રુચિ જાગી હતી. આ રુચિને તૃપ્ત કરવા હેતુ બુદ્ધિશાળી જૈન આચાર્યોએ ધ્રુવસેન જેવા રાજાની તક લઈને 'કલ્પસૂત્ર'ને જાહેર વાંચન તરીકે પસંદ કર્યું. અને માત્ર સમાચારીનો ભાગ જે સાધુ સમક્ષ જ વંચાતો હતો તે ભાગને ગૌણ કરી શરૂઆતમાં ભગવાન મહાવીર ચરિત દાખલ કર્યું અને તે પ્રમાણેની રુચિ પસંદ કરી તેને એ ઢબે ગોઠવ્યું. જેમ જેમ લોકોમાં વિસ્તારપૂર્વક સાંભળવાની રુચિ જન્મી તેમ તેમ 'કલ્પસૂત્ર'ની પ્રતિષ્ઠા વધી અને પર્યુષણમાં તેનું વાંચન નિયમિત થયું ત્યારે તે વખતના સમય અને સંયોગ પ્રમાણે પ્રાકૃત અને સંસ્કૃતમાં ટીકાઓ રચાઈ અને વંચાવા માંડી. પછી તો ગુજરાતી અને હિંદી ભાષામાં પણ અનુવાદ થયો. આજે રસપૂર્વક વંચાય છે કારણ કે લોકોની ભાવના પ્રમાણે બદલાતું રહ્યું છે.

પર્યુષણના પ્રથમ ત્રણ દિવસમાં શ્રાવકના અગિયાર કર્તવ્યોનું વાચન અને સ્વાધ્યાય કરવામાં આવે છે. પ્રથમ દિવસે દૈનિક છ કર્તવ્યો બતાવવામાં આવે છે. બીજે દિવસે મહાપર્વમાં પાંચ કર્તવ્યો અને ત્રીજા દિવસે વાર્ષિક અગિયાર કર્તવ્યો (વર્ષ દરમિયાન કરવાના) બતાવવામાં આવે છે.

---

## ❑ શ્રાવકના પાંચ મુખ્ય કર્તવ્યો આ પ્રમાણે છે.

*અમારિપ્રવર્તન*

*સાધર્મિક વાત્સલ્ય*

*પરસ્પર ક્ષમાપના*

*અઠ્ઠમ તપ*

*ચૈત્ય પરિપાટી*

આ પાંચ કર્તવ્યોનું પ્રતિપાલન જીવનશુદ્ધિ માટે છે. ભગવાન મહાવીરનું સૂત્ર છે : "જીવો અને જીવવા દો." "નમો જિણાણં, જિય ભયાણં." અર્થાત્ તમે સુજ્ઞજન છો, તમે સૃષ્ટિના મૂક જીવો માટે તમારું ભોગસુખ ઘટાડો, જતુ કરો અને તેમને યાતનાઓથી બચાવો.

"જગતના જીવમાત્રને આત્મ સમાન ગણે" આ જૈન શાસનનો પ્રમુખ ધ્વનિ છે. જેમ આત્માને સુખ પ્રિય છે તેમ દરેક જીવરાશીને સુખ પ્રિય છે. જેમ આપણને મરવું પસંદ નથી તેમ જગતના કોઈપણ આત્માને મરવું પસંદ નથી. તેથી કોઈપણ જીવને મારવો નહિ, એટલું જ નહિ પણ કોઈપણ જીવ મરતો હોય તો તેને બચાવવાનો પ્રયત્ન કરવો તેનું નામ અમારિપ્રવર્તન છે. સર્વ જીવરાશી પ્રત્યે મનના પરિણામોની અતિકોમળતા પ્રગટે ત્યારે અમારિપ્રવર્તન શક્ય બને છે.

અમારિપ્રવર્તનના ઉદ્યોતકાર તરીકે આપણે બે આચાર્યોને જાણીએ છીએ. એક પૂજ્ય હેમચંદ્રાચાર્ય અને બીજા પૂજ્ય હીરવિજયસૂરિ. હેમચંદ્રાચાર્યના પ્રભાવ હેઠળ આદર્શ અને અભૂતપૂર્વ અહિંસાનું પાલન કરાવનાર મહારાજા કુમારપાળ અહિંસામૂર્તિના સ્વરૂપે જૈન ઇતિહાસમાં અમર બની ગયા. તેવી

જ રીતે માત્ર ચારસો વર્ષ પૂર્વે થયેલ જગદ્‌ગુરુ શ્રી પૂજ્ય હીરવિજયસૂરીશ્વરજી મહારાજાના પુણ્ય પ્રભાવથી પ્રતિબોધિત બનેલા સમ્રાટ શ્રી અકબર બાદશાહે ૬ મહિના સુધી અમારિપ્રવર્તન કરાવ્યું હતું.

સમતતા ભગવાન મહાવીરે અહિંસાના ચાર અભિગમ દર્શાવ્યા છે : મૈત્રી, સમતા, નિર્ભયતા અને કરૂણા. એટલે મન, વચન કે કાયાથી કોઈની હિંસા કરવી નહિ. જે રીતે આપણને સુખ ગમે છે અને દુઃખ ગમતું નથી એ રીતે દરેકને પણ સુખ પ્રિય દુઃખ અપ્રિય હોય છે. એટલે જેવી ભાવના પોતાના પ્રત્યે હોય, તેવી ભાવના સમષ્ટિ પ્રત્યે હોવી જોઈએ. પૂર્ણ અહિંસામય જીવન ધારણ કરીને જગતને અભયની શ્રેષ્ઠ બક્ષિસ આપી શકાય. મૈત્રીભાવમાં જીવન જોડાય પછી તે અનુગામીની સમતા આપોઆપ શોધી લેશે. મૈત્રીપણાનો ભાવ રાગદ્વેષથી ઉપરની ભૂમિનું પ્રયાણ છે. સમતા એ પ્રયાણ પછીની કેડી બની રહે છે. રાગ અને દ્વેષમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે. વધારે પડતો રાગ અપેક્ષા સર્જે છે અને દ્વેષયુક્ત દૃષ્ટિ અતિ સંકુચિત છે, અન્યનું સુખ જોઈ શક્તી નથી. લેવાદેવા વગર દ્વેષ ઊભો થાય છે, જે દુઃખદ છે. રાગથી સુખનો ભાસ પેદા થાય છે અને જીવ છેતરાય છે. આ બંનેથી મુક્ત થઈ સમતામાં જ સુખ છે. નિર્ભયતાથી સમતાની કેડી કંડાર્યા પછી ભય શેનો ? મારું શું થશે એવી વ્યથા શા માટે ? જે કાંઈ બને છે તે પોતાના કર્મોનું જ પરિણામ છે. અને તે પરિણામ સ્વીકારી લેવું. તેનાથી આત્મશક્તિ પ્રગટ થશે. જે સમતાભાવી નિર્ભય છે તે સત્યને પણ ભયમુક્ત કરે છે. તેનાથી કરુણાનો સ્રોત વહે છે. કરુણા અહિંસાનું અસીમ સાધન છે. જેના જીવનમાં વાત્સલ્ય પ્રગટે છે તે કરુણાના સાગરને પાર પામે છે. ભાવઅહિંસા કરુણાનું પાદ્‌ચિહ્ન છે.

પ્રભુની અહિંસા એ સમષ્ટિના ફલકની છે. એક જણના ભાવમાં સીમિત થતી નથી. પણ જ્યારે સમષ્ટિમાં વ્યાપ્ત બને છે ત્યારે જીવ પણ સ્વયં મુક્તિને પાત્ર બને છે. પ્રભુએ અહિંસાના બે સ્વરૂપ બતાવ્યા છે. દ્રવ્ય-અહિંસા અને ભાવ-અહિંસા, દ્રવ્ય - અહિંસામાં સમસ્ત જીવો પ્રત્યે પ્રેમપૂર્ણ નિસ્પૃહભાવ અને અનુકંપાભાવ રાખવાનું કહ્યું છે. અન્ય જીવોને સુખ આપવાનું કહ્યું છે

અને ભાવહિંસામાં આત્માને બચાવવાનો છે. રાગદ્વેષ, હર્ષ-શોક, સંયોગ-વિયોગ, રતિ - અરતિ ના યુદ્ધથી આત્માને રક્ષિત રાખવાનો છે. સમતા આદિગુણોનું સતત સેવન કરી ભાવ-અહિંસામાં જીવાતા જીવનમાં જ અપ્રતિમ સુખ છે જે શાશ્વત માર્ગે લઈ જવા માટે પર્યાપ્ત છે.

બીજા કર્તવ્ય સાધર્મિક વાત્સલ્યનો વિશેષ મહિમા છે. સાધર્મિકનો સંબંધ પરમાર્થ પ્રેરક છે. એનો અર્થ સંઘ જમણ જેટલો જ મર્યાદિત ના રાખતા સાધર્મિક બંધુઓની ભક્તિ સુધી વિસ્તારવાનો છે, સાધર્મિક એટલે અહિંસા, સત્ય વગેરે પાળનાર માનવી. પછી તે કોઈપણ સંપ્રદાયનો હોય તો પણ તે સાધર્મિક છે. એ સાધર્મિક તરફ વાત્સલ્યભાવ અને પ્રેમભાવ પ્રગટ કરવો અને તેને આચરણમાં મૂકવો તે શ્રાવકનું કર્તવ્ય છે. પોતાના સાધર્મિકની બાહ્ય અને આંતરિક મુશ્કેલીઓ દૂર કરવા માટે તન, મન અને ધનથી તૈયાર રહેવું જોઈએ તે જિનધર્મમાં સ્થિર થાય અને જીવનનિર્વાહ માટે નિશ્ચિત થાય તે આપણું પ્રાથમિક લક્ષ્ય હોવું જોઈએ. મનુષ્ય વ્યાવહારિકપણે સામાજિક પ્રાણી છે. તે સમૂહમાં રહેવાની વૃત્તિવાળો છે. સમૂહમાં રહેવાવાળા ગૃહસ્થાશ્રમીઓ માટે સ્વામિવાત્સલ્યનું પ્રયોજન આવશ્યક છે. સમાનધર્મી આત્માઓનું બહુમાન અને અન્ય દીનદુખિયા પ્રત્યે અનુકંપા હોવી તે સ્વામિવાત્સલ્યનાં લક્ષણો છે. સંતોષી, ઉદાર અને સજ્જન ગૃહસ્થ સ્વામિવાત્સલ્યની વાસ્તવિક્તા સમજી શકે છે. વાત્સલ્યનો ભાવ મુખ્યત્વે માતા-સ્ત્રીમાં સવિશેષપણે જોવા મળે છે. તેમાં નિર્દોષતા અને નિઃસ્વાર્થતા હોય છે. તેમજ ગૃહસ્થને સ્વબંધુઓ પ્રત્યે નિઃસ્વાર્થભાવ હોય તે વાત્સલ્યનું લક્ષણ છે. સામાન્ય મિત્રાચારી અને વાત્સલ્યભાવનામાં ફરક છે. મિત્રાચારી અમુક વ્યક્તિ સુધી મર્યાદિત રહે છે. વાત્સલ્યભાવ વિશાળ છે તેનાથી સંઘર્ષો દૂર રહે છે. સમાનભાવ કેળવાય છે.

સાધર્મિકભાવના કેળવવા માટે પ્રથમ તો દૃષ્ટિ સાત્વિક બનવી જોઈએ. સમાનભાવ પેદા થશે અને જિનાજ્ઞાયુક્ત બનશે. જ્ઞાનીપુરુષ સદ્ગુરુની નિશ્રામાં અંતઃકરણની મલિનતા દૂર કરી આંતરદૃષ્ટિ નિર્મળ બનશે તે જ સાચી સાધર્મિકતા છે. ત્રણ પ્રકારના દાનથી સુખ અને કીર્તિ વધે છે પુણ્ય બંધાય

છે. આ ત્રણ પ્રકારના દાન એટલે ધર્મદાન, અર્થદાન અને કામદાન મુખ્ય છે. ધનસાર્થવાહના ભવમાં સાધુજનોને જે ઘીનું દાન દીધું હતું તે પુણ્યના પ્રભાવથી ઋષભદેવ ભગવાન ત્રણલોકના પિતામહ થયા. માંદા મુનિને વાપરવા યોગ્ય વસ્તુઓ વગર મૂલ્યે આપવાથી રત્નકંબલ અને બાવનાચંદનનો વ્યાપારી વાણિયો તે જ ભવમાં સિદ્ધપદ પામ્યો. શીલ(કામ) જ જગતમાં પ્રાણીઓનો સ્વાભાવિક શ્રેષ્ઠ શણગાર છે. શ્રી વર્ધમાન પ્રભુએ જેને ઉત્તમ ધર્મલાભ પાઠવ્યો હતો તે નિર્મળ શીલગુણવાળી સુલસાને કોટિ કોટિ વંદન.

નાગ રાજા શ્રેણિકનો વફાદાર રક્ષક અને બહાદુર યોદ્ધો હતો. તેની પત્ની સુલસા હતી. બંને ધર્મપરાયણ હતાં. તેમને સંતાન ન હતું. સુલસાએ પોતાનું ધર્મ કર્તવ્ય સતત અખંડ રાખીને સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપે ચતુર્વિધ સંઘમાં અદકેરું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઈન્દ્ર પણ સુલસાની સમતા અને વૈયાવચ્ચના ખૂબ વખાણ કરતા હતા. તેનાથી એક દેવ સુલસાની પરીક્ષા કરે છે. પરંતુ સુલસાની સચ્ચાઈ જોઈ માફી માંગે છે અને વરદાન માંગવાનું કહે છે. ત્યારે સુલસા નમ્રતાથી એક સંતાનની માગણી કરે છે. દેવ તેને બત્રીસગુટિકા આપીને એક પછી એક લેવાનું કહે છે અને બત્રીસ પુત્રો થશે એમ કહે છે. સુલસા વિચારે છે કે બત્રીસ સાથે લઈ લેવાથી બત્રીસ લક્ષણો એક પુત્ર તેને થશે અને બત્રીસ ગુટિકાઓ સાથે ગળી જાય છે. દેવ આવે છે અને કહે છે કે આ ખોટું થયું છે. બત્રીસ પુત્રો તો થશે પરંતુ એક જ સમયે મૃત્યુ પામશે. આ બત્રીસ યુવાન પુત્રો રાણી ચેલણાની રક્ષા માટે બહાદુરીપૂર્વક લડીને સાથે મૃત્યુ પામે છે.

બત્રીસ પુત્રોના સાથે મૃત્યુ થવાથી સુલસાના માતૃહૃદયને અસહ્ય ચોટ લાગે છે પણ ધૈર્ય ગુમાવતી નથી. જેનો જન્મ છે તેનું મૃત્યુ પણ છે. એવો વૈરાગ્યભાવ રાખી શ્રદ્ધા અને સમતાથી પોતાના ધર્મધ્યાનમાં પરોવાઈ જાય છે. ભગવાન મહાવીરે પણ જેને ધર્મલાભ પાઠવ્યો હતો તે મહાન શ્રાવિકા સુલસાને કોટિ કોટિ વંદન.

આવા નિર્દોષ વ્યક્તિત્વોમાંથી પ્રેરણા લઈએ....જીવનને નિર્દોષ પ્રેમથી લીલું બનાવીએ, વૃક્ષો જેવું પરોપકારી બનાવીએ. વૃક્ષ તડકો વેઠે, છાંયો આપે, પત્થર મારો ફળ આપે. એમ આપણે પણ દુઃખ વેઠી અન્યને સુખ આપીયે. અપયશ મળે તો ય હસતા રહીએ. સાગર જેવાં ગંભીર અને ઉદાર બનીએ. અન્ય માટે પુષ્પ જેવા કોમળ અને સંયમ માટે કઠોર બનીએ. આ સાધર્મિકતાનું પર્વ કૃતજ્ઞતા, સમભાવ ઉદારતા અને નમ્રભાવના પ્રતીકરૂપે છે.

ત્રીજું કર્તવ્ય ક્ષમાપના છે. આત્મસિદ્ધિ અને સાધનાનો સાચો સરવાળો એ ક્ષમાપના છે. એમાં જાણે અજાણે થયેલી ભૂલોની ક્ષમા માગવાની છે અને ક્ષમા આપવાની છે. ક્ષમાની વાત આપણે છેલ્લે સંવત્સરિમાં કરીશું. અહિંસા વિશે થોડું વિચારીએ. જૈન દર્શને જગતને અહિંસાનું વિરાટ આકાશ આપ્યું છે. અહિંસા એ શત્રુને મિત્ર બનાવવા માટેની અદ્‌ભુત કળા છે. વેર આખરે વેરમાં વૃદ્ધિ કરે છે. હિંસા વધુ હિંસાને જગાડે છે. આથી અહિંસા એ પરમ ધર્મ છે. હિંસા એ સર્વ પાપનું મૂળ છે. માનવ પ્રકૃતિમાં હિંસા અને અહિંસા બંને તત્વો સમાયેલાં છે. હિંદુસ્તાનમાં તેના મૂળ વતનીઓની અને પાછળથી તેમના વિજેતા તરીકે જાણીતા આર્યોની જાહોજલાલી વખતે અનેક જાતના બલિદાનો તેમ જ યજ્ઞયાગની ભારે પ્રથા હતી. તેમાં માત્ર પશુઓ અને પક્ષીઓ જ નહિ, પણ મનુષ્ય સુદ્ધાંની બલિ અપાતી. ધાર્મિક ગણાતો હિંસાનો આ પ્રકાર એટલી હદ સુધી વ્યાપેલો હતો કે તેના પ્રત્યાઘાતથી બીજી બાજુ હિંસાનો વિરોધ શરૂ થયો હતો. અને અહિંસાની ભાવનાવાળા પંથો ભગવાન મહાવીર અને બુદ્ધ પહેલાં પણ સ્થપાઈ ચૂક્યા હતા. તેમ છતાં અહિંસા તત્ત્વના અનન્ય પોષક તરીકે અને અહિંસાની આજની ચાલુ ગંગાની ગંગોત્રી તરીકે જે બે મહાન ઐતિહાસિક પુરુષો આપણી સામે છે તે ભગવાન મહાવીર અને બુદ્ધ છે. દુનિયાના બીજા દેશો અને બીજી જાતિઓ ઉપર અસાધારણ પ્રભાવ પાડનાર હિંદુસ્તાનમાં કોઈ તત્ત્વ ઉદ્‌ભવ્યું હોય તો તે ભગવાન મહાવીરનું વિકાસ પામેલું અહિંસા તત્વ છે. જૈનધર્મની ઓળખ અહિંસા ધર્મ તરીકે પણ

આપવામાં આવે છે. તેની અહિંસા માત્ર મનુષ્ય પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ પ્રાણીમાત્ર અને પ્રકૃતિ સહિત સમગ્ર દૃષ્ટિને આવરી લે છે. જૈનધર્મના પ્રથમ આગમ "શ્રી આચારાંગ સૂત્ર" માં કહ્યું છે કે સર્વ પ્રાણીઓને આત્મતુલ્ય માનો. આમ સર્વ જીવોને સમાન ગણીને એમના પ્રત્યે આદર રાખવો જોઈએ.

જૈન દર્શને પ્રબોધેલી અહિંસા એ તાત્વિક વિચારણા વ્યાપક અનુભવ અને ઉદાત ભાવનાનું પરિણામ છે. અહિંસાની ભાવનાની સૂક્ષ્મતા દર્શાવતાં ભગવાન મહાવીરે કહ્યું, "પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ સર્વમાં જીવ છે, તેમના અસ્તિત્વનો સ્વીકાર કરીએ. તેમના અસ્તિત્વનો ઈન્કાર એટલે સ્વયંના અસ્તિત્વનો અસ્વીકાર ગણાય. અસત્ય વાણી અને વર્તન પણ હિંસા જ છે. બીજાને આઘાત આપવો અથવા બીજાની હિંસાને ટેકો આપવો એની અનુમોદના કરવી તે પણ સૂક્ષ્મ હિંસા છે. પ્રથમ વ્યક્તિના ચિત્તમાં હિંસા જાગે છે અને તેના વિચારમાં જાગેલી હિંસા એના વાણી અને વર્તનમાં પ્રગટે છે. હિંસાના કારણે જ માણસ પરિગ્રહ તરફ દોટ મૂકે છે અને વધુને વધુ પાપકર્મો કરે છે. આથી વ્યક્તિના વિચારો, આચાર અને આહાર એ ત્રણેયમાં અહિંસા પ્રગટવી જોઈએ અને આ અહિંસાના સિદ્ધાંતમાંથી જ સત્ય, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય અને અનેકાંત પ્રગટે છે. આથી જ જૈનધર્મની અહિંસા શત્રુને મિત્ર બનાવવાનો કીમિયો આપે છે."

ચોથા કર્તવ્યમાં તપ આવે છે. જૈન તપ બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક બાહ્ય અને બીજું અભ્યંતર. બાહ્યતપમાં દેહને લગતા બધા જ દેખી શકાય તેવા નિયમો આવી જાય છે. અને અભ્યંતર તપમાં જીવનશુદ્ધિના બધા જ આવશ્યક નિયમો આવી જાય છે. ભગવાન દીર્ઘ તપસ્વી કહેવાયા તે માત્ર બાહ્ય તપના કારણે નહિ પણ એ તપનો અંતર્જીવનમાં પૂર્ણ ઉપયોગ કરવાના કારણે જ. આ વાત ભૂલવી ના જોઈએ. ભગવાન મહાવીરના જીવનક્રમમાંથી જે અનેક પરિપક્વ ફળરૂપે આપણને વારસો મળ્યો છે તેમાં તપ આવી જાય છે.

તપ અને પરિષહ જોડાયેલા છે. તપ તો જે જૈન ના હોય તે પણ જાણે છે, પરંતુ પરિષહની બાબતમાં એવું નથી. અજૈન માટે પરિષહ શબ્દ નવો છે પણ તેનો અર્થ નવો નથી. ઘર છોડીને ભિક્ષુ બનેલાને પોતાના ધ્યેયની સિદ્ધિ માટે જે જે સહન કરવું પડે તે પરિષહ છે. જૈન આગમોમાં જે પરિષહો ગણાવવામાં આવ્યા છે તે ફક્ત ભિક્ષુ જીવનને ઉદ્દેશીને છે. બાર પ્રકારના તપ ગૃહસ્થ કે ત્યાગી બધાને ઉદ્દેશીને છે, જ્યારે બાવીસ પરિષહો ફક્ત ત્યાગીને ઉદ્દેશીને છે.

તપશ્ચર્યા એટલે લાંઘણ નહિ પરંતુ ઇન્દ્રિયશુદ્ધિ અને મન શુદ્ધિ કરનાર અગ્નિનો તાપ. અઠ્ઠમ એટલે ત્રણ દિવસના ઉપવાસ. જીવનમાં લાગેલા પાપને ધોવા માટે તપ, વિષય અને કષાયની મલિનતાને દૂર કરવા માટે ઉત્તમ તપ છે. યથાશક્તિ તપ કરનાર પર્યુષણના છેલ્લા ત્રણ દિવસ જે ઉપવાસ કરે છે તે અઠ્ઠમ તપ છે. જેનાથી અઠ્ઠમ ના થઈ શક્તો હોય તેના માટે યથાશક્તિ ક્રમ બતાવ્યો છે. તેમાં દરેક પખવાડિયે એક ઉપવાસ અથવા બે આયંબિલ, ચાર એકાસણા, આઠ બેસણા છેવટે ૨૦ બાંધી નોકારવાળી ગણવી તે સ્વાધ્યાય તપ છે.

જૈન દર્શનકારોએ તપને શ્રેષ્ઠ અનુષ્ઠાન કહ્યું છે કારણ કે તે મોક્ષની યાત્રાનું સર્વોચ્ચ સાધન છે. તપની વ્યાખ્યા છે. 'તપસાનિર્જરા'તેનો અર્થ થાય છે, નિર્જરા એટલે ક્રમિક, અંશે અંશે મોક્ષ પ્રતિ પ્રયાણ. જૈન ધર્મમાં તપનું ઘણું મહત્ત્વ છે. તપમાં છ બાહ્ય અને છ અભ્યંતર એમ કુલ બાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. બાહ્ય તપ આ પ્રમાણે છે.

(૧) **અનશન** : ચારે આહારની ક્રિયાથી અને આહાર સંજ્ઞાથી મર્યાદિત કે શક્ય તેટલો સમય મુક્ત રહેવું. ઉપવાસ કે અનશનમાં આહારક્રિયાથી તો મુક્ત રહેવાય છે, પણ આહારસંજ્ઞામાં મુક્ત થવા જાગૃત રહેવું પડે છે. સંકલ્પથી થયેલા તપની આગળપાછળ આહારનું ચિંતન રહે છે. અમુક તપ કરતાં પહેલાં અમુક ખોરાકની વ્યવસ્થા અને તપ પૂર્ણ થતાં વળી પાછી ખોરાકની વ્યવસ્થા થતી હોય છે. પરંતુ અનશન સ્વાભાવિક અને સહજ થવું જોઈએ.

(૨) **ઊણોદરી** : ભૂખનું પ્રમાણ નક્કી કરી, ભૂખ કરતાં થોડો ઓછો આહાર લેવો. અર્થાત્ અપૂર્ણ ખોરાક ગ્રહણ કરવો. મન જે પદાર્થની વિશેષ માગ કરે ત્યાંથી તેને પાછું વાળવું. શરીરશાસ્ત્રીઓ કહે છે યથાશક્તિ ઉપવાસથી હોજરીના યંત્રને આરામ મળે છે સ્વાસ્થ્ય સારું રહે છે.

(3) **વૃત્તિ સંક્ષેપ** : તપના કારણે આ પ્રકારમાં કેવળ આહારના પદાર્થોની મર્યાદા દર્શાવી છે. વાસ્તવમાં જીવનમાં જે જે પદાર્થો ભોગજન્ય છે. ત્યાં સર્વત્ર સંક્ષેપ કરવાથી ઈચ્છાઓ શાંત થાય છે. આ નિયમથી સ્વાદ લોલુપતા વિવેકમાં રહે છે. વળી ઓછા પદાર્થોના ગ્રહણથી પાચનતંત્ર પણ જળવાય છે. આ તપ જીવને જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં પુષ્ટ કરે છે.

(૪) **રસત્યાગ** : જીભને મજા પડી જાય તેવા દૂધ, ઘી જેવા રસયુક્ત પદાર્થોની અહીં મર્યાદા બતાવી છે. રસત્યાગનો આ અર્થ સ્થૂલ છે. તેની સૂક્ષ્મતા એ છે કે સ્વાદનો સંબંધ પદાર્થ કે જીભ સાથે નથી પણ મનની વાસનાના પોષણ સાથે છે. વસ્તુ તો માત્ર નિમિત્ત છે. મન સાથે જોડાયેલી વાસનાને સહજ શાંત કરવા માટે રસત્યાગ છે.

(૫) **કાયક્લેશ** : આ તપમાં કાયાને સંયમ યોગ્ય રાખવા માટે કસવી. સુખશીલતાનો ત્યાગ કરવો કે ઘટાડો કરવો. જેથી તપથી કસાયેલી કાયા ઉપદ્રવમાં સમતા જાળવી શકે. કાય-ક્લેશનો અર્થ છે, જે કાંઈ બને તેનો સ્વીકાર કરવો અને તેનાથી ભાગવાનો પ્રયત્ન ના કરવો. દુ:ખનો સ્વીકાર કરવાથી દુ:ખ વિસર્જિત થાય છે. કેવળ કાયાને કષ્ટ આપવું તે સાધના નથી પરંતુ આકસ્મિક આવતા દુ:ખનો સ્વીકાર કરવો તે સાધના છે.

(૬) **સંલીનતા :** શરીર સાધનાનું બાહ્ય સાધન છે. તેની સ્થિરતા આસન અને યોગસાધનાથી શક્ય છે. સામાયિક, પ્રતિક્રમણ જેવા અનુષ્ઠાનમાં આસનની સ્થિરતાનું તથા મુદ્રાઓનું મહત્ત્વ દર્શાવ્યું છે, જેથી ચિત્તની ચંચળતા શમે છે. બાહ્ય તપ અને અભ્યંતર તપને જોડવાવાળું આ તપ છે. અભ્યંતર તપ આ પ્રમાણે છે.

(૧) **પ્રાયશ્ચિત :** છ પ્રકારના અભ્યંતર તપમાં સૌ પ્રથમ પ્રાયશ્ચિત આવે છે. જાણે કે અજાણે થતો દોષ, બાહ્ય કે અભ્યંતર દોષ કે જેના દ્વારા જીવ પોતે બંધનમાં પડે છે અથવા અન્ય જીવની વિરાધના કે દુર્ભાવના થાય છે ત્યારે તેનું પ્રાયશ્ચિત અવશ્ય કરવું જોઈએ. વળી, પ્રાયશ્ચિત લેવામાં અને પાળવામાં જીવે સત્યને વળગી રહેવું જોઈએ. તેમાં જો માયા કે માન ભળે તો પ્રાયશ્ચિતનો અર્થ સરતો નથી. પ્રાયશ્ચિત ગ્રહણ કરતી વખતે બાળક જેવો નિર્દોષ ભાવ રાખવો જોઈએ જેથી પ્રાયશ્ચિત પરંપરાએ મુક્તિનું કારણ બને છે.

(૨) **વિનય :** અભ્યંતર તપમાં બીજું સ્થાન વિનય છે. જ્યારે દોષ કરવાની કે અન્યમાં દોષ જોવાની વૃત્તિ રાખે છે ત્યારે સહજપણે વિનય પ્રગટ થાય છે. બીજામાં દોષ જોવો કે બીજામાં દોષારોપણ કરવું તે અહંકાર છે. વાસ્તવમાં વિવેક એ જાગૃત અવસ્થા છે. વિનય આંતરિક ગુણ છે તે ભાવશુદ્ધિ કરે છે.

(3) **વૈયાવચ્ચ :** અભ્યંતરમાં ત્રીજું તપ છે સેવા કરવી. જે ભૂમિકામાં કોઈને ત્યાં આપણી સામે જે કાર્ય આવે તે વિનયપૂર્વક કરવું તે સેવા છે. સેવા દયા કરવાના ભાવથી કે સેવાના બદલામાં મને સ્વર્ગનું સુખ મળશે તે ભાવથી કરવાની નથી. સેવામાં કંઈ મેળવવાનું નથી ચુકવવાનું છે. કર્મોને કાપવાના છે. સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેવા કૃતજ્ઞભાવથી સેવા કરવાની છે. દા.ત. મા-બાપ, સાસુ-સસરા, વડીલ.

(૪) **સ્વાધ્યાય :** સ્વાધ્યાય એટલે સ્વનો અધ્યાય. આત્મા પ્રત્યે લક્ષ લેવું તે સ્વાધ્યાય છે. સાધુજનો માટે નિરંતર સ્વાધ્યાય કહ્યો છે. સાધકોને સામાયિક ધારણ કરવા છેલ્લું ઉચ્ચારણ સજ્જાય કરું ? એમ આવે છે. અર્થાત્ સામાયિકમાં સાવધ પાપવ્યાપારનો ત્યાગ કરી સ્વમાં રહેલા દોષોને ટાળી આત્માની જાગૃતિની વૃદ્ધિ કરીશ.

(૫) **ધ્યાન :** જૈન ધર્મમાં ધ્યાનની પદ્ધતિ સૂક્ષ્મ બતાવી છે. પ્રથમ જીવને આર્ત અને રૌદ્રધ્યાનરૂપ દુર્ધ્યાનથી થતી હાનિ બતાવી ધર્મ ધ્યાનમાં પ્રવેશ કરાવે છે. સ્વાભાવિક ધ્યાનથી અવસ્થાનો અર્થ સ્વભાવમાં ટકવાનો છે.

(૬) **કાર્યોત્સર્ગ :** અભ્યંતર તપમાં છઠ્ઠું અંતિમ તપ કાર્યોત્સર્ગ છે. તપનું અંતિમ ચરણ છે. મહિમાવંત છે. મૃત્યુ સમયે કાયા છૂટે તે મરણ છે. જ્યારે દેહ છતાં દેહભાવનું કર્તાભોક્તાપણું છૂટે તે કાર્યોત્સર્ગ છે.

વાત્સવમાં જે કર્મ બંધાયું હોય તેમાંથી છૂટવાના એટલે કે નિર્જરા સાધવાના બે ઉપાય છે. એક તો કર્મનું ફળ ભોગવવું અને બીજું તપ વડે કર્મમળને બાળવો. વિવિધ વ્રતોનું પાલન કરવું તે કર્મબંધને રોકવાનો પ્રમુખ ઉપાય છે. જૈનદર્શન પ્રમાણે વ્રતના ત્રણ પ્રકાર છે. મૂળવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત. ગુણવ્રત અને શિક્ષાવ્રત મૂળવ્રતના પોષાક છે. તે 'શીલ' પણ કહેવાય છે. પાંચ મૂળવ્રતો છે, ત્રણ ગુણવ્રત છે અને ચાર શિક્ષાવ્રત છે. આ વ્રતો શુદ્ધ હૃદયથી, સાચી ભાવનાથી અને તેમના ફળ તરીકે સ્થૂળ સુખ મેળવવાની લાલસા વગર કરવાના છે. તપનો પ્રભાવ કેટલો વર્ણાવી શકાય ? છઠ્ઠ તપ અંતરાય રહિત કરતા પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી અક્ષીણ મહાનસી નામની મહાલબ્ધિને પ્રાપ્ત થયા છે.

શ્રેણીક રાજાની પાસે વીર પરમાત્માઓ જેમનું તપોબળ વખાણ્યું હતું તે ધન્નોમુનિ (શાલિનભદ્રાના બનેવી અને ધન્ના કાકંદી) બંને મુનિઓ સર્વાર્ધ સિદ્ધ વિમાને ગયા.

જે કોઈને કોઈપણ પ્રકારે ક્યાંય પણ ત્રિભુવન મધ્યે સુખ-સમાધિ પ્રાપ્ત થાય છે ત્યાં સર્વત્ર (બાહ્ય -અભ્યંતર) તપ જ કારણરૂપ છે એમ ચોક્કસ સમજવું.

પાંચમું કર્તવ્ય છે ચૈત્ય પરિપાટી. પર્યુષણપર્વ નિમિત્તે ચૈત્ય મંદિરની શુદ્ધિ તથા પૂજા વગેરે કરવાથી આત્મશુદ્ધિનો ભાવ જન્મે છે. ઉત્તમ ભાવનાનું બીજ મનમાં રોપાય છે. નિત્ય તો એક દેરાસર જઈએ છીએ પણ પર્વના દિવસોમાં તીર્થસ્થાનોમાં જઈ દર્શન કરી ભક્તિ કરવાનો ભાવ રાખવો. તીર્થસ્થાનો શહેર બહાર નહિ પણ શહેરમાં મહત્તાવાળા દેરાસરો દા.ત., જગવલ્લભ, મોટા મહાવીર, હઠીભાઈની વાડી, નરોડા વગેરે.... દેવદર્શને જવું તેને ચૈત્ય પરિપાટી કહે છે. તેમાં જિનભક્તિનો મહિમા છે. આ મહિમામાં જિનપદની એક્તાનું ધ્યેય છે. આ કાળમાં ભક્તિને સરળ સાધન માન્યું છે. વર્તમાન કાળમાં માનવીનું મનોબળ નબળું છે. ભક્તિમાં બળની નહિ પરંતુ કળની જરૂર છે. પરમાત્માના શુદ્ધ સ્વરૂપ સાથે પોતાના નિર્બળ ભાવોને લયબદ્ધ કરી જીવન તે ભાવથી રંગી દેવું તે ગૃહસ્થની ભક્તિ છે.

ગૃહસ્થની આરાધના બે ક્રમમાં હોય છે. નિમિત્ત ધર્મ અને નિયમિત ધર્મ. પર્યુષણપર્વની આરાધના અને તે નિમિત્તે દર્શાવેલા અનુષ્ઠાનો નિમિત્ત ધર્મ છે. ચૈત્યપરિપાટી એ નિમિત્ત ધર્મ છે. સમૂહમાં જિનમંદિરમાં દર્શન કરવાનો ઉત્સાહ અનેરો છે. એના પરિણામે શુભ ભાવના સાકાર થાય છે. જિનગુણ ગાતા જીવને ભાન થાય છે કે મારું આ જીવનનું કર્તવ્ય પણ જિનસ્વરૂપે પ્રગટ થવાનું છે. અર્થાત્ રાગાદિ ભાવોથી મુક્ત થઈ તેના પર વિજય મેળવી જન્મમરણથી મુક્ત થવાનું છે.

જગત જીવો સરળતાથી ધર્મ માર્ગે પ્રવર્તે તે માટે મહાનુભાવોએ જિનાલયોની રચના કરી. ગુરુજનોએ ધનનો સદવ્યય બતાવ્યો. વળી પવિત્ર આત્માઓ જ્યાં વિચર્યા તે સ્થાનો તીર્થ તરીકે પ્રસિદ્ધ થયાં. સ્થાપનાની દૃષ્ટિએ જિનપ્રતિમા જિનસારીખી કહી છે. (આગમો - દ્વાદશાંગી) તે પ્રતિમા દ્વારા આત્માનું નિશ્ચલ અને નિષ્કંપ સ્વરૂપ આપણી સમજમાં આવે છે અને સ્તવનો દ્વારા ગુણગાન ગાઈને મનની કલુષિતતા દૂર થાય છે. ધનનો શ્રેષ્ઠ ઉપયોગ જિનાલયોની સ્થાપના છે. યદ્યપિ દેશકાળને અનુસરીને જ્યાં જ્યાં જે જે કાળે જે ક્ષેત્રમાં વધુ જરૂરિયાત હોય તે ક્ષેત્રે ધનનો સદવ્યય કરવો તે પણ ઉત્તમ કાર્ય છે.

ચૈત્યપરિપાટીને એક દિવસ કરવાના કર્તવ્ય પૂરતું અર્થઘટન ના કરવું. જો કે તીર્થો અને તીર્થયાત્રાનું પ્રમાણ વધતું જાય છે. પણ ભાવથી તીર્થયાત્રા કરી 'તારે તે તીર્થ' ને સાર્થક કરવું જોઈએ. આમ કરવાથી પરમાત્માની વિશિષ્ટ ભક્તિ થાય છે. તેનાથી સમક્તિની નિર્મળતા અને દઢતા પ્રાપ્ત થાય છે. શહેર કે ગામના જિનાલયોમાં સમૂહમાં પૂજાની સામગ્રી લઈને વાજતે ગાજતે આનંદ ઉલ્લાસપૂર્વક જૂહારવા અને દર્શન- સ્તુતિ - સ્તવન કરવા, એ મહાલાભનું કારણ છે. એ જોઈને ઘણાં અજૈનોમાં જૈનો પ્રત્યે આદર જન્મે છે અને કોઈ યોગ્ય જીવ હોય તો તેને સમ્યકત્વની પ્રાપ્તિ પણ થાય છે.

પર્યુષણ પર્વના આ પાંચ કર્તવ્યો ઉપરાંત વાર્ષિક અગિયાર કર્તવ્યો બતાવવામાં આવે છે. તે આ પ્રમાણે છે.

(૧) **સંઘપૂજા** : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ પૂજનીય છે, કારણ કે તેની સ્થાપના સ્વયં તીર્થંકરે કરેલી છે.

(૨) **સાધર્મિક ભક્તિ** : ધર્મશાસન પ્રત્યે શ્રદ્ધા રાખનાર ગરીબ હોય કે શ્રીમંત તેના પર પ્રીતિ રાખવી જોઈએ.

(3) **ત્રણ પ્રકારની યાત્રા** : જેમાં ધર્મયાત્રા, રથયાત્રા અને તીર્થયાત્રાનો સમાવેશ થાય છે.

(૪) **સ્નાત્ર મહોત્સવ** : જે રીતે મેરુ પર્વત પર ૬૪ ઈન્દ્રો ભેગા થઈને પરમાત્માનો સ્નાત્રાભિષેક કરે છે તેવો સ્નાત્રાભિષેક આપણે પણ ઉત્તમ અને વિશુદ્ધ સામગ્રીથી કરવો જોઈએ.

(૫) **દેવદ્રવ્યમાં વૃદ્ધિ** : જિનપ્રતિમાનું નિર્માણ, જિનમંદિરનો જિર્ણોદ્ધાર અને નવરચના માટે દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરવી જોઈએ.

(૬) **મહાપૂજા** : વર્ષમાં એકવાર જિનમંદિર ઉપાશ્રય કે ઘરમાં મહાપૂજાનું આયોજન કરવું જોઈએ.

(૭) **રાત્રીજાગરણ** : રાતના સમયે પરમાત્માની ભક્તિ (ભાવના).

(૮) **શ્રુતભક્તિ** : શ્રુત એટલે શાસ્ત્રજ્ઞાનની ભક્તિ કરવી અને પ્રચાર કરવો.

(૯) **ઉથાપન** : એટલે ઉજમણું. તપશ્ચર્યા પૂરી થયા પછી તેનો આનંદ મનાવવો તેને ઉજમણું કહેવાય છે.

(૧૦) **તીર્થ પ્રભાવના** : તીર્થ એટલે જૈન શાસનની પ્રભાવના કરવી અને અન્ય લોકોમાં જૈન ધર્મ પ્રત્યે પ્રીતિ જગાવવી.

(૧૧) **આલોચના** : અશુદ્ધ હૃદયને શુદ્ધ કરવું. સદ્‌ગુરુ આગળ હૃદય ખોલીને પાપોની આલોચના કરવી.

આ દરેક કર્તવ્યમાં આચાર્ય શ્રી કર્પુરમુનિ ભાવયોગને પણ મહત્ત્વ આપે છે. જેમ કાથા-ચૂના વગરનું નાગરવેલનું પાન અને પાસ વગરનું વસ્ત્ર ઠીક રંગાતું નથી તેમ ભાવ વગર દાન - શીલ - તપ પણ ફળદાયી થતા નથી. અફળ થાય છે.

મોટા વાંસ ઉપર નાચવા માટે ચઢ્યા હોવા છતાં કોઈ મુનિ મહારાજને દેખી શુભભાવથી ઇલાસિ પુત્રને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું છે.

હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયેલા મરૂદેવી માતા ઋષભદેવ સ્વામીની રિદ્ધિ-સિદ્ધિ દેખી તત્કાળ શુભધ્યાનથી અંતકૃત કેવળી થઈ મોક્ષપદ પામ્યા.

ગૌતમ સ્વામીએ જેમને દીક્ષા આપી છે અને શુભભાવ વડે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. એવા પંદરસો તાપસોને નમસ્કાર કરું છું.

ભાવ જ ખરો પરમાર્થ છે. ભાવ જ ધર્મનો સાધક મેળવી આપનાર છે. અને ભાવ જ નિશ્ચયને ઉત્પન્ન કરી આપનાર છે. એમ ત્રિભુવનગુરુ શ્રી તીર્થંકરો કહે છે.

પ્રથમ સાંવત્સરિક પર્વ ભાદરવા સુદ ૫ નું જ હતું પરતું શ્રી કાલિકાચાર્ય મહારાજે 'अंतरा वियसे कप्पई' એ સૂત્ર વચનને અવલંબીને સાંવત્સરિક પર્વ ભાદરવા સુદ ચોથના દિવસે પ્રવર્તાવ્યું તે અન્ય સર્વ સાધુઓએ માન્ય રાખ્યું છે. ત્યારથી સંવત્સરિ ભાદરવા સુદ ચોથ છે.

પર્યુષણના ચોથા દિવસથી કલ્પસૂત્ર વાચનનો પ્રારંભ થાય છે. 'કલ્પસૂત્ર' એ જૈન ધર્મનો મહત્ત્વનો ગ્રંથ ગણાય છે. તેમાં જૈન આગમોનો સાર નથી છતાં પણ તેનું મહત્ત્વ આગમગ્રંથ જેટલું જ છે. 'કલ્પસૂત્ર' સ્વયં એક ગ્રંથ નથી, પરંતુ ગ્રંથનો એક ભાગ છે. પર્યુષણના દિવસોમાં 'કલ્પસૂત્ર'ના વ્યાખ્યાન વાંચવામાં આવે છે. છેલ્લા આઠમા દિવસે 'બારસાસૂત્રનું' વાંચન થાય છે. 'કલ્પસૂત્ર'નું લખાણ બારસો કે તેથી વધુ ગાથાઓનું છે. કલ્પસૂત્રના સળંગ વાચનથી કોઈ વંચિત રહી ગયું હોય તો છેલ્લા દિવસે સળંગ બારસસૂત્રના શ્લોકો સાંભળવાનો લાભ લઈ શકે છે.

એક કવિ કહે છે "કલ્પસૂત્ર કલ્પતરુ સમાન છે. એ તરુના બીજરૂપે મહાવીર ચરિત્ર, અંકુરરૂપે પાર્શ્વ ચરિત્ર, થડરૂપે નેમ ચરિત્ર, શાખારૂપે ઋષભચરિત્ર, પુષ્પરૂપે સ્થવિરાવલિ અને સુગંધરૂપે સમાચારી છે." આ કલ્પસૂત્રરૂપ કલ્પવૃક્ષનું ફળ મોક્ષ છે. છઠ્ઠ-અઠ્ઠમ કરીને કલ્પસૂત્ર ગ્રંથનું વાંચન કરવામાં આવે તો અવશ્ય મોક્ષફળ આપે છે.

પ્રકરણની શરૂઆતમાં પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે કારણ કે નવકાર મંત્ર સર્વ પાપનો નાશ કરનાર છે અને તે સફળ મંગળોમાં સવોત્કૃષ્ટ મંગળ - ભાવ મંગળ છે. 'કલ્પ' એટલે આચાર. જૈન દર્શને વિચાર કે ભાવનાનો મહિમા કર્યો છે. પરંતુ એ મહિમા ત્યારે જ સાર્થક થાય

જ્યારે એનું જીવનમાં રૂપાંતર થાય. કલ્પસૂત્ર એ આચારની ઓળખ આપે છે, એવો આચાર કે જે મહાન આત્માઓમાં પ્રગટ્યો એવા તીર્થંકરોનાં ચરિત્રો અને ગણધર ગૌતમથી શરૂ કરીને સ્થવિરોની પરંપરા આ ગ્રંથમાંથી મળી રહે છે. તીર્થંકરોના ચરિત્રોમાં વિશેષ ભગવાન મહાવીરસ્વામીનું વિસ્તૃત ચરિત્ર મળે છે અને તેની સાથે ભગવાન પાર્શ્વનાથ, ઋષભદેવ અને નેમિનાથનું ચરિત્ર આલેખાયેલું છે. પ્રશ્ન થાય છે કે પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓ માટે પર્યુષણ આરાધનાની આવશ્યકતા કેમ છે ? તેના કારણમાં શાસ્ત્રકાર જણાવે છે પ્રથમ તીર્થંકરના સમયમાં જીવો ઋજુ અને જડ હતા, તેથી ધર્મનું જ્ઞાન પામવું દુર્લભ હતું પરંતુ પાલન સરળ હતું. મહાવીર સ્વામી (અંતિમ તીર્થંકર) ના સમયમાં જીવો વક્ર અને જડ હતા તેથી ધર્મપાલન દુર્લભ હતું. વચ્ચેના બાવીસ તીર્થંકરોના સમયના જીવો સરળ (ઋજુ) અને બુદ્ધિમાન (પંડિત) હતા અને સરળ રીતે આવ્યું. પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :

પ્રથમ તીર્થંકર આદિનાથના સાધુ સ્થંડિલ ભૂમિ ગયા હતા. તે ગુરુ પાસે મોડા આવ્યા ત્યારે ગુરુએ પૂછ્યું : "તમને વધારે વખત કેમ લાગ્યો ?" તે સાંભળી સાધુ બોલ્યા "સ્વામી, નાટકિયા લોક રમત કરતા હતા તેને જોવા ઊભા રહ્યા એટલે વખત લાગ્યો." ગુરુ બોલ્યા નાટક જોવા ઊભા રહેવું એ આપણો આચાર નથી. એટલે સાધુએ કહ્યું "અર્થાત્ તમે જેમ કહો તેમ. પાછા થોડા દિવસ પછી સાધુ મોડા આવ્યા, ગુરુએ પૂછ્યું "કેમ આટલો વખત લાગ્યો ?" સાધુ મહારાજે ઋજુપણાથી જવાબ આપ્યો, "હે મહારાજ ! અમે નટડી જોવા ઊભા રહ્યા હતા." સાંભળી ગુરુ બોલ્યા. "આ પૂર્વે તમને જોવાની ના પાડી હતી તેમ છતાં કેમ ઊભા રહ્યા ?" સાધુ જડ હતા માટે બોલ્યા "તમે તો નાટકિયા જોવાની ના પાડી હતી, નટડી જોવાની ક્યાં ના પાડી છે ?" ગુરુ બોલ્યા, "અરે મૂર્ખો નાટકિયા ના જોવાય એટલે નટડી પણ ના જોવાય."

છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામીના સાધુ વક્ર અને જડ હતા તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : કોઈ એક સાધુ સ્થંડિલે ગયા અને ઘણા મોડા આવ્યા. ગુરુએ પૂછ્યું કેમ વખત લાગ્યો ? સાંભળી સાધુએ કહ્યું 'નાટકિયા જોવા ઊભો રહ્યો હતો. ગુરુએ તેને વાર્યો તો મિચ્છામિ દુક્કડમ કહી દીધું. વળી એક દિવસ

ઘણો વખત થયો અને ગુરુએ પૂછ્યું તો આડા અવળા જવાબ આપ્યા પછી કીધું કે નટડી જોવા ઊભો રહ્યો હતો. ગુરુએ સાંભળીને ઠપકો આપ્યો તો સાધુએ જવાબ આપ્યો કે તમારો જ વાંક છે. તમે તો માત્ર નાટકિયા જ વાર્યા હતા પણ નટડી વારી ન હતી. આ પ્રમાણે ગુરુને સામે જવાબ આપવો તે વક્રપણું અને જડતા છે.

કલ્પસૂત્રના મુખ્ય ત્રણ વિભાગ છે. તેમાં પહેલા વિભાગમાં સાધુઓની સમાચારી છે. તેમના આચારપાલનના નિયમો દર્શાવ્યા છે. બીજો વિભાગ સ્થવિરાવલીનો છે. જેમાં ગણધર ગૌતમથી શરૂ કરીને સુધર્મા, જંબુ, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર, કાલક વગેરે સ્થવિરોની પરંપરા અને શાખાઓ વર્ણવવામાં આવી છે. જ્યારે ત્રીજા ભાગમાં વર્તમાન ચોવીસીના તીર્થંકરોનાં ચરિત્રો મળે છે.

'કલ્પસૂત્ર'ની એક વિશેષતાએ છે કે એની ઘણી કંડિકાઓમાં "તેલંકાલેણં તેણં સમએણં સમણે ભગવં મહાવીરે...." વાક્યખંડ વારંવાર પ્રયોજાયો છે. "તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરે .... " જેવો અર્થ ધરાવતું આ વાક્ય વારંવાર આવે છે. છતાં પુનરાવર્તન નથી લાગતું પણ એના શ્રવણથી એક પ્રકારના તાદશ્યભાવની દૃઢતા અને હૃદયનો ઉલ્લાસ અનુભવાય છે. એની અર્ધમાગધી ભાષામાં લખાયેલી લલિત કોમલ પદાવલિ પ્રભુ મહાવીરની વાણીનું સ્મરણ કરાવે છે. મધુર પણ સાધન અને માહિતીપૂર્ણ આ ગ્રંથનો પ્રત્યેક શબ્દ ઘૂંટી ઘૂંટીને લખાયો હોય તેમ પ્રયોજાયો છે.

આમ જનતાને અનુલક્ષીને 'કલ્પસૂત્ર'ના વાચન ક્રમમાં ફેરફાર થયો છે. એમાં પ્રથમ સાધુજીવનના દસ વિધિ કલ્પોની ચર્ચા હતી. સાધુ સમાચારીનું વર્ણન જે મુખ્ય હતું તે ગૌણ થયું છે જ્યારે ચોવીસ તીર્થંકરોના જીવન અને તેમાં પણ ત્રણ (પાર્શ્વનાથ, નેમિનાથ, ઋષભદેવ) અને તેમાંય તીર્થંકર મહાવીર સ્વામીનું જીવન મુખ્ય પદ પામ્યું છે.

મુનિ કર્પૂરવિજયજીના 'પર્યુષણ મહાપર્વ મહાત્મ્ય'માંથી સાધુઓનો આચાર ટૂંકમાં લીધો છે તે આ પ્રમાણે છે. સદ્‌ગુરુને જોઈને મનમાં ઉપજતો ભાવ આચાર્ય ખૂબ સુંદર રીતે વર્ણવે છે. પ્રથમ તો ગુરુ ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબુસ્વામી, શ્રી પ્રભવસ્વામી અને શ્રી સ્વયંભવ આદિ આચાર્ય ભગવંતોનું અહોભાવથી વંદન કરે છે અને કહે છે, "આજે મારો

જન્મ કૃતાર્થ થયો, આજે મારું જીવન સફળ થયું. કારણ કે આપના દર્શનરૂપી અમૃતરસ વડે નેત્રો સિંચિત થયાં અર્થાત્ અદ્ભુત દર્શન મને પ્રાપ્ત થયું." આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર સર્વે પાપને પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે અને સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે એમ જણાવીને આચાર્ય ત્રણ ભુવનના નાયક શ્રી મહાવીર સ્વામીને વંદન કરીને સર્વ વિરતિવંત સાધુજનોના નિયમો જણાવે છે.

યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવજ્યા (દીક્ષા) ફક્ત નિજ ઉદર પૂરણ કરવા રૂપ - આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી દીક્ષા સૌ કોઈ માટે હસવા યોગ્ય બને છે. (હાસ્યાસ્પદ) તેમ ના થાય તે માટે પંચાચાર (જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ - આચાર) ની આરાધના કરવી જોઈએ અને લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઈએ જેથી આદરેલી પ્રવજ્યા સફળ થાય.

## ❑ જ્ઞાનાચાર સંબંધી નિયમો :

જ્ઞાન આરાધના માટે હંમેશાં પાંચ ગાથાઓ ભણવી, કંઠાગ્ર કરવી અને ક્રમવાર પાંચ પાંચ ગાથાનો અર્થ ગ્રહણ કરવો.

બીજાઓને ભણવા માટે હંમેશાં પાંચ ગાથાઓ લખવી અને ભણનારાઓને ભણાવવી.

સિદ્ધાંત પાઠ ગણવા માટે વર્ષાઋતુમાં પાંચસો, શિશિર ઋતુમાં આઠસો અને ગ્રીષ્મ ઋતુમાં ગાથા પ્રમાણ સજ્જાયનું ધ્યાન ધરવું.

નવકાર મંત્રનું એકસો વાર દરરોજ રટણ કરવું.

## ❑ દર્શનાચારના નિયમો

પાંચ શક્રસ્તવ (નમથ્થુણં) વડે દરરોજ એક વખત તો સ્વાધ્યાય કરવો જ અને યથાશક્તિ બે વાર કે ત્રણ વાર તો કરવો.

દરેક આઠમ-ચૌદસના દિવસે શક્ય તેટલા વધુ દેરાસરોમાં દર્શન કરવા જવું તેમ જ શક્ય તેટલા વધુ મુનિજનોને વંદન કરવા. બાકીના દિવસે એક દેરાસરે તો અવશ્ય જવું.

હંમેશાં વડીલ સાધુને ત્રણવાર વંદન કરવા અને બીજા વ્યાધિગ્રસ્ત તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરવું.

## ❑ ચારિત્રાચાર સંબંધી નિયમો :

ચારિત્રાચાર વિશેના નિયમો - ઈર્યાસમિતિ - આહાર પાણી વહોરવા જતાં ઈર્યાસમિતિ પાળવા માટે (જીવરક્ષા) વાટમાં (રસ્તામાં) વાર્તાલાપનો ત્યાગ કરવો.

યથાકાળ પુંજ્યા વગર ચાલ્યા જવાય તો અંગપડિલેહણા, પ્રમુખ સંડાસા પડિલેહયા વગર બેસી જવાય તો અને કટાસણા (કાંબળી) વગર તો તત્કાળ પાંચ ખમાસણા અને પાંચ નવકાર મંત્રના જાપ કરવા, ભાષાસમિતિ - ઉઘાડે મુખે (મુહુપત્તી રાખ્યા વગર) બોલવાનું નહિ અને છતાં ભૂલથી જેટલીવાર ઉઘાડા મુખે બોલી જવાય તેટલીવાર ઇરિયાહીપૂર્વક લોગ્ગસનો કાઉસગ્ગ કરવો.

વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણક જસ્સુગ્ગહો પ્રથમ કહેવું તેમજ પરઠવ્યા પછી ત્રણવાર વોસિરે કહેવું. મન - વચન - કાયગુપ્તિ (૬-૭-૮) મન અને વચન જો રાગમય - રાગાકુળ થાય તો એક નિવી કરવી અને જો કાયકુચેષ્ટા થાય- ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરવું.'

મહાવ્રત સંબંધી નિયમોમાં અહિંસાવ્રત - બેઇન્દ્રિય પ્રમુખ જીવની પ્રાણહાનિ પોતાના થકી થઈ જાય તો તેની ઇન્દ્રિયો જેટલી નિવીઓ કરવી. સત્યવ્રત - ભય, ક્રોધ, લોભ અને હાસ્યાદિકને વશ થઈ જઈ જૂઠું બોલી જવાય તો આયંબિલ કરવું.

**અસ્તેય વ્રત :** ભિક્ષામાં આવેલ જે ધૃતાદિક પદાર્થ ગુરુમહારાજને દેખાડ્યા વગરના હોય તો વાપરવા નહિ અને દાંડો તર્પણી વગેરે બીજાની રજા વગર વાપરવું પડે તો આયંબિલ કરવું. બ્રહ્મવ્રતં - એકલી સ્ત્રી સંગાથે વાર્તાલાપ ના કરવો અને સ્વતંત્ર રીતે સ્ત્રીઓને ભણાવવી નહિ. પરિગ્રહપરિહાર વ્રત નિમિત્તે એક વર્ષ યોગ્ય ચાલે તેટલી જ ઉપધિ રાખવી.

પ્રતિદિન દ્રવ્યક્ષેત્રકાળ અને ભાગવત અભિગ્રહ ધારણ કરવો. વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ ગ્રહણ કરવા. સદા-સર્વદા પાંચગાથાના અર્થ ગ્રહણ કરી મનન કરવું.

આખા દિવસમાં સંયમ માર્ગે પ્રમાદ કરનારાઓને પાંચવાર હિતશિક્ષા (શિખામણ) આપવી. પ્રતિ દિવસ કર્મક્ષય અર્થે ચોવીસ કે વીસ લોગ્ગસનો કાઉસગ્ગ કરવો અથવા એટલા પ્રમાણમાં સજ્ઝાયધ્યાન કાઉસગ્ગમાં રહીને સ્થિરતા કરવી.

સમાચારી નિયમમાં ઉપાશ્રયમાં પ્રવેશતા 'નિસિહી' અને નીકળતા 'આવસ્સહી' ભૂલી જવાય અથવા ગામમાં પેસતા કે નિસરતા પગ પૂંજવાના ભૂલી જવાય તો જ્યારે યાદ આવે, તે જ સમયે નવકાર મંત્ર ગણવો.

કાર્યપ્રસંગે વૃદ્ધ સાધુઓને 'હે ભગવન ! પસાય કરી અને નાના સાધુઓને 'ઈચ્છકાર' અર્થાત્ ઈચ્છા અનુસારે જ કહેવાનું ભૂલી જવાય, તેમ જ જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે મિચ્છામી દુક્કડમ કહેવાનું ભૂલી જવાય અને કોઈ યાદ કરાવે અથવા યાદ આવે ત્યારે નવકાર મંત્ર ગણવો.

વડીલને પૂછ્યા વગર વિશેષ વસ્ત્ર અથવા વસ્તુ કહ્યા વગર લઈ લેવી નહિ તેમજ બધા કામ તેમને પૂછીને જ કરવા.

જેમનો શરીરનો બાંધો નબળો છે છતાં પણ વૈરાગ્યભાવથી સંયમ લીધો છે તેમના માટે આ નિયમો પાળવા સુલભ છે. આ સર્વ નિયમો જે સાધુ વૈરાગ્યથી સમ્યક્ રીતે પાળે છે, આરાધે છે તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે અને શીવસુખફળ આપે છે. પહેલા વિભાગની સાધુઓની સમાચારી, તેમના આચારવિચાર આ રીતે ટૂંકાણથી વર્ણાવ્યા છે.

પાંચમા દિવસે કલ્પસૂત્ર વાંચનમાં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરી ભગવાન મહાવીર સ્વામીનો જન્મોત્સવ અને ત્રિશલામાતાના ચૌદ મંગલકારી મહાસ્વપ્નોની પાવન ઘટનાનું વાંચન થાય છે. આ દિવસ મહાવીર જન્મ વાંચનદિન તરીકે ઉજવાય છે. આ દિવસે ચૌદ સુપનો (સ્વપ્નનો) ઉતારવાની અને જન્મવધાઈનો ઉત્સવ ઉજવવાની પ્રથા પ્રાચીન સમયથી ચાલી આવે છે. વિશ્વરભરમાં જ્યાં જ્યાં જૈનો હોય ત્યાં ત્યાં અનોખો ધર્મોત્સાહ જોવા મળે છે.

ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથના નિર્વાણ પછી ૧૭૮ વર્ષે ભગવાન મહાવીરનો જન્મ થયો હતો. ચોથો આરો પૂરો થવાને ૭૫ વર્ષ અને સાડા આઠ મહિના બાકી હતા ત્યારે તેમનો જન્મ થયો હતો. ચૈત્ર સુદ તેરસને સોમવારે એટલે કે ઈ.સ. ૫૯૯ની ૨૭ માર્ચે ક્ષત્રિય કુળમાં તેમનો જન્મ થયો છે. તેમનું જન્મસ્થળ બિહારમાં આવેલું ક્ષત્રિય કુંડગ્રામ અને ગોત્ર કાશ્યપ છે. એમના શરીરનો રંગ પિત્ત વર્ણના સુવર્ણ જેવો હતો. જન્મ સમયે ૬૪ વૃદ્ધિના સ્વામી, શરીરબલની સાથે અતુલ આત્મબળ ધરાવનાર અને ૧૦૦૮ શારીરિક શુભ ચિહ્નો ધરાવતા હતા. પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું નામ ત્રિશલારાણી હતું. તેમને નંદિવર્ધન રાજકુમાર અને સુદર્શના નામની રાજકન્યા હતી.

ભગવાન મહાવીરે જગતને અદ્‌ભુત સાધનામાર્ગ બતાવ્યો. એ સમયે આશ્રમ બાંધીને અનુકૂળ સ્થળે, શિષ્યોની વચ્ચે સાધના કરવાની પ્રથા પ્રચલિત હતી. આવા સમયે કશાય આશ્રમ કે અનુકૂળ અનુયાયીઓની વચ્ચે વસવાના બદલે ભગવાન મહાવીરે સતત પરિભ્રમણ કર્યું અને અહર્નિશ ધ્યાનસ્થ અવસ્થામાં રહ્યા. એ યુગમાં ધ્યાન સાધના માટે પગની પલાંઠી લગાવી પદ્માસન જેવા જુદાં જુદાં આસનમાં બેસવાની પ્રણાલી હતી, ત્યારે ભગવાન મહાવીરે જગતને ઊભા રહીને ધ્યાન કરવાની નવી પ્રક્રિયા આપી. આ ધ્યાનના માટે સમયનું કોઈ બંધન નહિ, કાળની કોઈ સીમા નહિ. જીવનમાં અહર્નિશ, સાહજિકપણે ધ્યાન ચાલ્યા કરે. શારીરિક અને વાચિક મૌનની વાત જગત જાણતું હતું પરંતુ મહાવીરસ્વામીએ કાર્યોત્સર્ગ દ્વારા શારીરિક, માનસિક અને યાચિક ક્રિયાના વિસર્જનની વાત કરી. માત્ર સૂક્ષ્મ શ્વાસ સિવાય કશું ના ચાલે. કાયોત્સર્ગ દ્વારા જગતને એક નવીન ધ્યાનપ્રણાલી આપી. સાધનાનું ચરમ શિખર બતાવ્યું.

ભગવાન મહાવીરે મરીચિના ભવમાં કુળનું અભિમાન કરી નીચ ગોત્રનું કર્મબંધન કર્યું હતું. તે કર્મના ઉદયબળે તેમનો બ્રાહ્મણ વંશમાં ગર્ભધારણ થયો. તેના અનુસંધાનમાં ભગવાન મહાવીરના સત્યાવીસ ભવનું વર્ણન કહેવામાં આવે છે. અહીં એક ચોખવટ કરવામાં આવી છે. બ્રાહ્મણવંશ હલકો છે તેમ માનવું નહિ, જ્ઞાન - અધ્યયનની દૃષ્ટિએ બ્રાહ્મણવંશ ઉત્તમ મનાયો છે. જૈન શાસનમાં કોઈ ઊંચ કે નીચ નથી.

પહેલો ભવ નયસારનો છે. મહાવિદેહ ક્ષેત્રમાં એક ગામનો મુખી નયસાર લાકડાં લેવા વનમાં ગયો હતો. બપોરે ભોજન સમયે તેને કોઈ અતિથિને ભોજન આપી ભોજન કરવાની ભાવના થઈ. તેની ભાવનાના બળે કોઈ સાધુજનો ભૂલા પડીને ત્યાં આવી ચડ્યા. સાધુઓને આવેલા જોઈને તેણે અતિ ભાવથી વંદન કરી તેમને યોગ્ય ભિક્ષા આપી. પાછો તેમને માર્ગ બતાવવા સાધુજનોની સાથે ગયો. સાધુજનોએ ઉપદેશ આપ્યો. સાધુજનો પ્રત્યે આદર અને ભક્તિ અને તેમાં વળી ધર્મોપદેશ ઉમેરાયો અને તેનામાં સમકિત બીજ રોપાઈ ગયું. ઉત્તમ શ્રાવક ધર્મ પાળી આયુષ્ય પૂર્ણ થતાં સમાધિમરણ પામી દેવલોકમાં ઉત્પન્ન થયો.

બીજો ભવ સ્વર્ગ લોકમાં (સૌધર્મ દેવલોક) લાંબા આયુષ્યવાળા દેવનો છે.

ત્રીજો ભવ ભરતક્ષેત્રમાં ભરતરાજાના પુત્ર મરીચિનો છે. તેણે દાદા (ઋષભદેવ) પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. પણ એકવાર તેને વિચાર આવે છે કે સંયમ ઘણો આકરો છે. તેનાથી પળાશે નહિ અને હવે સંસારમાં તો જવાય નહિ. એટલે થોડો વેશ પલટો કરીને ભગવાન સાથે વિહરતો હતો. ભગવાનને કેવળ જ્ઞાન થયા પછી જેને પણ ઉપદેશ આપતો તેમને કહેતો ખરો ધર્મ ભગવાન પાસે છે. પ્રભુ કેવળજ્ઞાન પામ્યા પછી મુનિઓ સાથે એકવાર અયોધ્યામાં પધારે છે.

તે સમયે ભરત ચક્રવર્તી ભગવાન ઋષભદેવને વંદન કરવા આવે છે. ત્યારે પૂછે છે, "હે પ્રભુ ! આ પર્ષદામાં કોઈ જીવ ભાવિ તીર્થંકર છે ?" પ્રભુ જવાબ આપે છે, "હે ભરત ! તારો પુત્ર મરીચિ આજ આરાના અંતિમ કાળમાં અંતિમ તીર્થંકર થશે, વળી તે ચક્રવર્તી, વાસુદેવ પણ થશે.

સાંભળીને ભરતરાજા અતિઉલ્લસિત થયા અને મરીચિને વંદન કરવા ગયા - અને કહ્યું "હું તમારા આ જન્મના પરિવ્રાજકપણાના વેષને વંદન કરતો નથી, પણ તમે ચક્રવર્તી અને વાસુદેવ થશો તથા ભગવાન મહાવીર નામે ભાવિ અંતિમ તીર્થંકર થશો તેથી વંદન કરું છું." પિતાના મુખેથી સાંભળીને મરીચિ નાચવા લાગ્યો. "અહો ! હું કેવો ભાગ્યવાન કે પ્રથમ વાસુદેવ થઈશ, ચક્રવર્તી થઈશ અને છેલ્લો તીર્થંકર થઈશ. આવા તાન - ગાન - માનના સેવનથી તેણે નીચ ગોત્રનું કર્મ ઉપાર્જન કર્યું."

વળી એકવાર તે સખત બીમાર પડી ગયો. પણ તે અસંયમી હોવાથી કોઈ તેની સેવાચાકરી કરતું નહિ તેથી દુઃખી થાય છે અને વિચારે છે. હું એક શિષ્ય રાખીશ. કપિલ નામનો રાજપુત્ર તેનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામે છે. નિયમ પ્રમાણે સાધુઓ પાસે જવાનું કહે છે. કપિલ થોડા નબળા મનનો છે એટલે બીજીવાર પૂછે છે, "તમારા મતમાં ધર્મ નથી ?" "જેમ ત્યાં ધર્મ છે તેમ અહીં પણ ધર્મ છે." એમ કહી કર્મબંધ બાંધે છે. આ પાપની ક્ષમા-આલોચના કર્યા વગર તેણે સમક્તિ બીજને ઉખેડી નાખ્યું અને ચોરાસી લાખ પૂર્વેનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામ્યો.

ચોથા ભવમાં શુભગતિના બંધના પ્રતાપે દેવયોનિમાં દેવ થઈ સુખભોગ ભોગવ્યા.

પાંચમો ભવ કૌશિક નામે બ્રાહ્મણપુત્ર તરીકે જન્મ લીધો. યુવાન થતાં તે વિષયમાં અતિ આસક્ત બન્યો અને ધનનો પૂજારી બન્યો. પાછલી ઉંમરમાં તાપસ બની જંગલમાં તપ કરવા માંડ્યો. ત્યાંથી મૃત્યુ પામીને કર્મના વિપાકરૂપે ઘણા પ્રકારના નાના ભવોમાં સંસાર ભ્રમણ કર્યું અને ઘણાં દુઃખ સહન કર્યાં.

છઠ્ઠા ભવમાં પુષ્પ નામે બ્રાહ્મણ થયો. તે ભવમાં પણ ત્રિદંડીપણે રહી શુભભાવ વડે મૃત્યુ પામ્યો.

સાતમા ભવમાં સૌધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. આઠમો ભવ માનવભવ છે. નવમો ભવ મધ્યમ સ્થિતિવાળો સ્વર્ગલોકમાં દેવનો છે. દસમો ભવ માનવજન્મ છે. અગિયારમો ભવ સનત્કુમાર દેવલોકમાં મધ્યમ આયુવાળા દેવનો છે. બારમો ભવ માનવજન્મ પામી તાપસ

થયો. તેરમો ભવ માહેન્દ્ર દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થયો. વળી વચમાં કેટલાક કાળ નાના મોટા ભવ કરી સંસાર દુઃખને સહન કરતો રહ્યો. ચૌદમો ભવ રાજગૃહ નગરમાં માનવભવ અને પાછળથી તાપસ બન્યો. પંદરમો ભવ બ્રહ્મલોકમાં મધ્યમસ્થિતિવાળો દેવ અને ત્યાંથી સંસારમાં ઘણો કાળ પરિભ્રમણ કર્યું.

સોળમાં ભવમાં વિશ્વભૂતિ તરીકે જન્મ લીધો. પોતે ઘણો બળવાન હતો. એકવાર યુવાનવયે પત્નીઓથી વીંટળાઈ ઉદ્યાનમાં ક્રીડા કરતો હતો ત્યારે કાકાના પુત્ર વિશાખાનંદી સાથે અણબનાવ થયો. ત્યારે ભારે ખેદ પામી વિષયોનો ત્યાગ કરી સંભૂતિ મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. તે કાળના જીવોમાં ત્યાગ - વૈરાગ્યની ભાવના સતેજ બની જતી હતી. વિશ્વભૂતિ મુનિએ એક હજાર વર્ષનું ઉગ્ર તપ આદર્યું હતું. વળી એકવાર માસખમણનું તપ પૂરું થતાં ભિક્ષા-ગોચારી માટે મથુરામાં આવે છે. તપથી અત્યંત કૃશ એવા મુનિ નીચી નજરે રાજમાર્ગે ચાલ્યા જાય છે. એક ગાય શીંગડું મારે છે અને પડી જાય છે. યોગાનુયોગ તે સમયે વિશાખાનંદી પરણવા માટે આવેલો હોય છે. તે આ દૃશ્ય જુએ છે અને અટ્ટાહાસ્ય કરે છે. 'ક્યાં ગયું તારું બળ ? એક ગાયથી તો તારું રક્ષણ કરી શકતો નથી.' આ કટાક્ષ સાંભળીને મુનિમાં રહેલા ક્રોધના સંસ્કાર એકદમ ભભૂકી ઊઠે છે. તે ગાયને બે શીંગડાથી પકડીને આકાશમાં ઘુમાવે છે અને આવા અવિચારી કૃત્યના આવેગમાં અને આવેગમાં શલ્યથી પણ ઘેરાઈ જાય છે. ઉગ્ર તપશ્ચર્યા અને રત્નત્રયીને વેડફી નાખી નિયાણું (પ્રબળ આકાંક્ષા) કરે છે, "હું આ તપસ્યાના પ્રભાવથી ભવાંતરે ઘણા બળ અને પરાક્રમવાળો થાઉં અને વિશાખાનંદીનો પરાવભ કરું." આમ શલ્યકર્મ બાંધે છે.

સત્તરમાં ભવમાં ઉગ્રતપના બળે મહાશુક્ર દેવલોકમાં દેવ થાય છે. અઢારમો ભવ ત્રિપુષ્ઠ વાસુદેવનો છે. ત્રિપુષ્ઠ બાળપણથી જ ઘણો બળવાન હતો. તેણે સિંહને શસ્ત્ર વગર ચીરી નાખ્યો હતો અને પ્રતિવાસુદેવને મારીને ત્રણ પૃથ્વીનો અધિપતિ તે વાસુદેવ બન્યો હતો. એકવાર તે વાસુદેવના શયન સમયે ગવૈયા મધુર સ્વરે ગીતવાજિંત્ર બજાવતા હતા ત્યારે વાસુદેવે શય્યાપાલકને

કહ્યું હતું મારા ઊંઘી ગયા પછી ગાયન બંધ કરાવજે. વાસુદેવ ગાયનને સાંભળતા સાંભળતા નિંદ્રાધીન થઈ ગયા. શય્યાપાલક ગાયનમાં એટલો મગ્ન થઈ ગયો કે બંધ કરાવવાનું વીસરી ગયો. અર્ધી રાત્રે વાસુદેવની નિંદ્રા ઊડી જાય છે અને ગાયનના સ્વરો સાંભળીને ક્રોધાયમાન થઈ જાય છે અને શય્યા પાલનના કાનમાં તપાવેલું સીસું રેડાવી દે છે અને કુકર્મને નોંતરે છે. આવા બીજા પણ દુષ્કૃત્યો કરીને નરકમાં જાય છે.

વાસુદેવના જન્મમાં ઘોર અને ક્રૂર કૃત્યો કરીને સાતમી નરકે નારકી થાય છે. વીસમો ભવ પશુયોનિમાં છે. જંગલમાં એક બળવાન સિંહ તરીકે જન્મ લે છે. એકવીસમાં ભવમાં સિંહના જન્મમાં અજ્ઞાનવશ કરેલા કર્મ ઉપાર્જનના લીધે ચોથી નારકીમાં જઈ બીજા ઘણા ભવો દુઃખ સહન કર્યાં. બાવીસમા ભવમાં દુઃખો સહન કરવાથી પુણ્યયોગે મનુષ્ય જન્મ પામ્યો અને ઘણાં શુભકર્મો ઉપાર્જન કર્યાં. ત્રેવીસમા ભવમાં વિદેહક્ષેત્રમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થયો. પાછળના કાળમાં દીક્ષા લઈ ઉગ્ર સંયમ પાળી, અહીંથી પુનઃ સાચો માર્ગ પકડી લીધો. ચોવીસમા ભવમાં મુનિધર્મનું પુણ્ય બાંધ્યું હોવાથી મહાશુક્ર દેવલોકમાં દેવ થયો. ત્યાં આયુષ્ય પૂર્ણ કરી પચીસમા ભવમાં નંદન નામે રાજપુત્ર થયો. ઘણા વરસ રાજસુખ ભોગવી અંતે દીક્ષા લઈ ઉગ્ર તપશ્ચર્યા કરી વીસ સ્થાનકની ભાવના સહિત આરાધના કરી, જગતના જીવોની કલ્યાણભાવનાના બળે તીર્થંકર - નામકર્મ ઉપાર્જન કર્યું. છવ્વીસમા ભવમાં સંયમ - તપના પુણ્યબળે પ્રાણત નામના દેવલોકમાં દેવ તરીકે જન્મ્યા. સત્યાવીસમો અંતિમ ભવ તીર્થંકર મહાવીરનો છે.

મરીચિના ભવમાં કરેલા અહંકારના ફળસ્વરૂપે પ્રથમ તો દેવાનંદા નામની બ્રાહ્મણીની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થયા. આ આશ્ચર્યજનક ઘટનાથી પહેલાં તો સૌધર્મેન્દ્ર વિચારમાં પડી જાય છે. તીર્થંકર તો ક્ષત્રિયકુળમાં થાય છે માટે ક્ષત્રિય રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાદેવીની કુક્ષીમાં હોવા જોઈએ. ગર્ભનું સંક્રમણ કરીને ગર્ભને ત્રિશલાની કુક્ષીમાં મૂકવામાં આવ્યો. આ ઘટના જો કે કલ્પસૂત્રમાં આવતા દસ આશ્ચર્યો (અચ્છેરા) માંની એક ગણાય છે.

કોઈ ગોત્ર ઊંચ-નીચ નથી. આ વિધાન સાપેક્ષ સમજવું. ભગવાન મહાવીરના સંદર્ભમાં એમ કહેવાય છે કે તેમણે મરીચિના ભવમાં કુળપદ કર્યો હોવાથી આ પ્રમાણે થયું. તેવી જ રીતે દેવાનંદા અને ત્રિશલારાણીના સંદર્ભમાં પણ એક ઘટના છે. કોઈ એક ભવમાં દેવાનંદા અને ત્રિશલા જેઠાણી - દેરાણી હતાં. એક વખત જેઠાણી દેવાનંદાએ દેરાણી ત્રિશલાનો હાર ચોરી લીધો. થોડો ફેરફાર કરાવીને તે પહેરવા લાગી. ત્રિશલાને ખ્યાલ આવી જાય છે. પણ કશું જ બોલતી નથી. અંતિમ સમયે દેવાનંદા મૃત્યુશય્યા પર પડ્યાં ત્યારે તેમને પશ્ચાતાપ થયો અને માફી માંગી લીધી. પરંતુ ચોરી એ કપટ અને માનસિક હિંસા છે. છતાં કર્મના પરિણામે તેમના ગર્ભનું હરણ થયું. આ પૂર્વક્રમનો સંયોગ છે.

ત્રિશલારાણી પોતાના શયનગૃહમાં સુખશય્યામાં નિંદ્રા લઈ રહ્યાં હતાં ત્યારે તેમણે મંગલમય ચૌદ સ્વપ્ન જોયાં અને સર્વે તીર્થંકરોની માતાઓના મંગળ સૂચક સ્વપ્નના ક્રમમાં ફરક કરે છે. અન્ય તીર્થંકરોની માતાએ હાથી જોયો હતો તેમણે પહેલાં અત્યંત સફેદ સુગંધમય હાથી જોયો. બીજા સ્વપ્નમાં સફેદ રમણીય ખૂંધવાળો, મજબૂત વૃષભ (બળદ) જોયો. ત્રીજા સ્વપ્નમાં ક્ષીર સમુદ્ર અને ચંદ્રના કિરણો જેવો મનોહર સફેદ સિંહ જોયો. ચોથા સ્વપ્નમાં તેમણે લક્ષ્મીદેવી જોયાં. જે હિમવાન પર્વતની મધ્યમાં આવેલા સુંદર સરોવરમાં કમળના મધ્યભાગમાં એક મંદિર હતું તેની વેદી પર લક્ષ્મી દેવી હતાં. પાંચમા સ્વપ્નમાં કલ્પવૃક્ષોના રસસહિત તથા સુવાસિત પુષ્પો યુક્ત માળા જોઈ. છઠ્ઠા સ્વપ્નમાં ચંદ્ર, સાતમા સ્વપ્નમાં સૂર્ય અને આઠમા સ્વપ્નમાં સુવર્ણમય દંડ પર રહેલો ધ્વજ જોયો. નવમા સ્વપ્નમાં ત્રિશલારાણીએ નિર્મળ જળ ભરેલો રત્નજડિત સુવર્ણનો (સોનાનો) કળશ જોયો જેની ચારે બાજુ કમળો હતાં. દસમા સ્વપ્નમાં પદ્મ સરોવર જોયું. અગિયારમાં સ્વપ્નમાં ક્ષીર સમુદ્ર અને બારમા સ્વપ્નમાં વિમાન જોયું. તેરમા સ્વપ્નમાં રાણીએ મેરુ પર્વત જેવો ઊંચો રત્નોનો પુંજ જોયો. અને ચૌદમા સ્વપ્નમાં ધુમાડા રહિત અગ્નિશિખા જોઈ.

ત્રિશલારાણી ચૌદ સ્વપ્ન જોઈને પ્રસન્નતાપૂર્વક સ્વપ્નનું સ્મરણ કરીને શય્યા ત્યાગ કરી. ગંભીર પગલે સિદ્ધાર્થ રાજાના શયનકક્ષમાં ગયા અને રાજાને વાત કરી. પ્રભાત થતાં રાજાએ કુટુંબના સભ્યોને - મંત્રીઓને બોલાવી રાજસભાને ઉત્સવ હોય તેમ શણગારવાનું કહ્યું અને આદરસહિત સ્વપ્ન પાઠકોને બોલાવવાનો આદેશ આવ્યો.

રાજસભામાં સ્વપ્નપાઠકો આવે છે અને રાજા તેમને ત્રિશલારાણીએ જોયેલાં ચૌદ સ્વપ્નો કહી સંભળાવે છે. પહેલાં તો તેઓ વિવિધ સ્વપ્નના પ્રકારો અને પરિણામો ગ્રંથ દ્વારા રાજાને સમજાવે છે પછી માતાના ચૌદ સ્વપ્નના ફળની વિશેષતા કહે છે.

(૧) **ચાર દંતશૂળવાળા શ્વેત હાથી :** ચારે પ્રકારે ધર્મની સ્થાપના કરશે.

(૨) **શ્વેત બળદ :** ભરતક્ષેત્રમાં બોધબીજની વાવણી કરશે.

(૩) **સિંહ :** રાગદ્વેષાદિ વડે પીડાતાં ભવ્ય પ્રાણીઓનું રક્ષણ કરશે.

(૪) **લક્ષ્મી :** વાર્ષિક દાન આપશે અને તીર્થંકરના પુણ્યાતિશય પ્રાપ્ત થશે.

(૫) **પુષ્પમાળા :** ત્રણ ભૂવનનો પૂજનીય થશે.

(૬) **ચંદ્ર :** પૃથ્વીમંડળને આનંદ અને શીતલતા આપનારો થશે.

(૭) **સૂર્ય :** પ્રકાશિત ભામંડલથી વિભૂષિત થશે.

(૮) **ધ્વજ :** ધર્મરૂપી ધ્વજ ફરકાવશે.

(૯) **કલશ :** મહેલના શિખર પર વિરાજમાનયુક્ત માન પાળશે.

(૧૦) **પદ્મસરોવર :** દેવો રચિત કમળો પર ચરણ સ્થપાશે.

(૧૧) **સમુદ્ર :** કેવળજ્ઞાનરૂપ જ્ઞાનસાગરને વરશે.

(૧૨) **વિમાન :** વૈમાનિક દેવોને પૂજનીય થશે.

**(૧૩) રત્નરાશિ** : રત્નના કિલ્લા વડે શોભશે.

**(૧૪) નિર્ધૂમ અગ્નિ** : ભવ્ય પ્રાણીઓને શુદ્ધિ કરનારો થશે.

આ સ્વપ્નો આપણે સુપનો તરીકે ઓળખીયે છે. ભારે ધામધૂમથી જન્મોત્સવ મનાવવા પારણા સહિત ભારે ધામધૂમથી કોઈ એક શ્રાવકના ઘેર લઈ ઉત્સવ અતિઆનંદથી મનાવવામાં આવે છે.

જ્યારથી ભગવાન મહાવીર ત્રિશલારાણીના ગર્ભમાં આવ્યા છે, રાજ્યમાં ચારે બાજુ ધનધાન્ય, રૂપું, સોનું સૌ વૃદ્ધિ પામવા લાગ્યા. કોઈ ધન લઈને આવે કે આ સમયે ધન ઘણું વૃદ્ધિ પામ્યું છે. ખેડૂતો ધાન્ય લઈને આવતા કે ધાન્ય ઘણું વૃદ્ધિ પામ્યું છે. ચારે બાજુ વૃદ્ધિ જોતાં રાજા સિદ્ધાર્થના મનમાં દૃઢ વિચાર આવે છે કે આ સર્વ વૃદ્ધિનું નિમિત્ત ભાવિ પુત્ર છે એટલે તેનું નામ 'વર્ધમાન' પાડવાનું વિચારે છે.

ભગવાન મહાવીર જ્યારે ત્રિશલામાતાના ગર્ભમાં હતા ત્યારનું એક દૃષ્ટાંત છે. ભગવાન વસ્તુના સ્વરૂપને, કુદરતી નિયમને આધીન હતા. તેથી નવ માસ ગર્ભમાં રહેવાનું હતું. એકવાર તેમને સહજભાવ ઉત્પન્ન થાય છે કે મારા હલનચલનથી મારી માતાને દુઃખ ના થવું જોઈએ. એટલે હલનચલન બંધ કરી આત્મભાવમાં લીન થઈ ગયા. પણ બીજી બાજુ માતૃપ્રેમ હતો. ગર્ભની નિશ્ચલાવસ્થાથી માતા અતિ વ્યાકુળ થઈ ગયાં અને અનેક શંકાઓ કરવા લાગ્યાં મારો ગર્ભ હરાઈ ગયો હશે કે મૃત્યુ પામ્યો હશે ? ત્રિશલારાણીના વિલાપથી સખીઓ અને વૃદ્ધ સ્ત્રીઓ શાંતિપૂર્વક ધર્મક્રિયામાં પ્રવૃત્ત થઈ ગયાં. આ દુઃખદ સમાચાર સિદ્ધાર્થના જાણવામાં આવતાં તે પણ ચિંતાતુર થઈ ગયા. ભગવાન મહાવીરના જીવે અવધિજ્ઞાનથી જોયું કે અરે ! મેં તો માતાના સુખ માટે આમ કર્યું હતું અને આ તો માતાને ખેદ ઉપજાવનારું થયું એટલે ભગવાને સ્થિર અવસ્થાનો સંક્ષેપ કરી હલનચલનની સહજક્રિયાનો સંચાર કર્યો અને સૌ પ્રસન્ન થયા.

ગર્ભમાં જ તેમણે વિચાર્યું. "માતાને સાચો ધર્મ પમાડી, સમાધિ મરણને પ્રાપ્ત કરાવી પછી જ હું સંસાર ત્યાગ કરીશ."

તે કાળે પેટામાસ, શુકલ પખવાડિયું, તેરસની તિથિ એ સર્વ ગ્રહો શુભ સ્થાનમાં હતા ત્યારે ત્રિશલારાણીએ પુત્રને જન્મ આપ્યો. તીર્થંકર જન્મઉત્સવની વિશેષતા કે તે કેવી રીતે ઉજવાય છે. તેનું સંપૂર્ણ ચિત્ર આપણે જયારે સ્નાત્ર ભણાવીએ છીએ ત્યારે આપણી સમક્ષ રજૂ થાય છે. તેનાથી કોઈ અજાણ નથી.

પછીના દિવસે ભગવાનના અભ્યાસકાળથી માંડીને તેમનું જીવનકથન આવે છે. જેને આપણે નિશાળગરણું તરીકે ઉજવીએ છીએ. આપણાં બાળકો દ્વારા બીજા બાળકોને પેન્સિલ - રબર - નોટબુક વગેરેની પ્રભાવના કરાવીએ છીએ. આઠ વર્ષના વર્ધમાનકુમારને માતાપિતાએ ઉત્સવસહિત શુભ મુહૂર્તે પાઠશાળામાં ભણવા મૂક્યા. માનવમાત્ર, બાળ, યુવાની અને વૃદ્ધાવસ્થાની સીમાને આધીન છે. શિશુવય વટાવી વર્ધમાન યુવાનીમાં પ્રવેશ કરે છે. શારીરિક બળ પણ વિકસિત થાય છે. સઘળી કળાઓમાં નિપુણ થાય છે. કોઈવાર મિત્રો સાથે વનઉપવનમાં જાય છે. શસ્ત્ર સજે છે પણ તેનો ઉપયોગ નથી કરતા. મિત્રોને પણ સમજાવતા, અન્ય જીવોને મારીને શું મેળવી શકાય. આપણે કોઈને જીવન આપી શકતા નથી તો કોઈનું જીવન લેવાનો શું અધિકાર છે ? વર્ધમાન જ્ઞાની હતા, જગતનું સ્વરૂપ જાણતા હતા. માતાના આગ્રહને વશ થઈ તેમણે યશોદા સાથે લગ્ન કર્યાં. ગૃહસ્થ જીવનના પરિણામે એક કન્યાના પિતા થયા. કન્યા પણ યુવાન થઈ અને તેના માટે યોગ્ય પાત્ર શોધી જમાલી સાથે લગ્ન કર્યાં. છતાં પોતે જળકમળવત્ રહ્યા. અંતરાત્મા પોકારી ઊઠતો, હું ક્યારે મુક્ત થઈશ ?

સમય જતાં માતાપિતા વૃદ્ધ થયાં છે. વર્ધમાન માતાપિતાને ધર્મ પમાડી રહ્યા છે. તેમને વર્ધમાન પ્રત્યે સ્નેહ છે. વર્ધમાન જ્ઞાની હોવાથી તેમને તે સ્નેહસંબંધથી મુક્ત થવાનો બોધ આપે છે. માતાપિતાને તે સ્પર્શી જાય છે. અને સંસારભાવથી મુક્ત થઈ સમતાથી સમાધિમરણને વરે છે. પછી સંસારત્યાગનો વિચાર કરે છે. યશોદા તો સમજી શકે છે પણ ભાઈ નંદિવર્ધન ખૂબ દુઃખી થાય છે. વડીલ ભ્રાતાના નિસ્પૃહ સ્નેહ અને બે વર્ષ રોકાઈ જવાના

આગ્રહથી તે રોકાઈ જાય છે. એક વર્ષ પતે છે અને એક બાકી રહે છે ત્યારથી દરરોજ અસંખ્ય સોનૈયા અને વસ્તુનું દાન કરવા માંડે છે. એક વર્ષ સુધી આ પ્રમાણે દાન કરીને દીક્ષા ગ્રહણ કરે છે.

સર્વસંગ પરિત્યાગીને પ્રભુએ જંગલની વાટ પકડી અને ઉપસર્ગોનો પ્રારંભ થયો. ઈન્દ્ર જાણે છે પ્રભુને અતિશય કઠણ ઉપસર્ગો થવાના છે. ઈન્દ્ર વિનંતી કરે છે કે, "મને તમારી સેવામાં રહેવા દો." પ્રભુ જવાબ આપે છે "હે ઈન્દ્ર કોઈ તીર્થંકર દેવેન્દ્રની મદદથી કર્મોનો નાશ કરે અને કેવળ જ્ઞાન પ્રગટે એવું ક્યારેય થયું નથી. વળી તીર્થંકર સ્વાધીન હોય છે. પર દ્રવ્યોની સહાયથી રહિત હોય છે. તેઓ પોતાના જ પુરુષાર્થથી પરાક્રમથી કેવળજ્ઞાન પ્રગટ કરે છે અને મોક્ષને વરે છે." એમ કહીને પ્રભુ વિહાર કરી સન્નિવેશ ગામે ગયા અને ત્યાં બુદલ નામના બ્રાહ્મણના ઘેર પ્રથમ સહજ પારણું કર્યું. ત્યાંથી વિહાર કરીને પ્રભુ તાપસોના આશ્રમમાં ગયા. તાપસોનો કુલપતિ સિદ્ધાર્થ રાજાનો મિત્ર હતો. મિત્રપુત્રના સદ્ભાવથી તેણે પ્રભુને આલિંગન આપ્યું. તેની પ્રાર્થનાથી એક રાત રહીને સવારે પ્રભુ વિહાર માટે નીકળતા હતા ત્યારે પુનઃ વિનંતી કરી કે આ વર્ષાકાળ આવે ત્યારે આપ અહીં જ પુનઃ સ્થિરતા કરજો પ્રભુએ સહજભાવે સ્વીકાર કરીને વિહાર કર્યો.

જ્યારે ચાતુર્માસનો પ્રારંભ થવાનો હતો ત્યારે પેલા કુલપતિની વિનંતી મુજબ પ્રભુ પાછા પધાર્યા અને તેણે બનાવેલી ઘાસની ઝૂંપડીમાં નિવાસ કર્યો. હવે બન્યું એવું કે ત્યાં આજુબાજુ ગાયો પણ હતી. જંગલમાં ઘાસ ના મળવાથી તાપસની ઝૂંપડીનું ઘાસ ખાવા દોડી આવતી. તાપસો કાઢી મૂક્તા પણ ધ્યાનસ્થ પ્રભુનું તો તે તરફ લક્ષ્ય જ ન હતું. તાપસોએ કુલપતિને પ્રભુ વિરુદ્ધ ફરિયાદ કરી કુલપતિને પણ વાત વ્યાજબી લાગી. એટલે તેમણે પ્રભુ પાસે આવીને કહ્યું, 'પંખીઓ પણ પોતાના માળાનું રક્ષણ કરે છે. તમે ભલે આશ્રમનું રક્ષણ ના કરો પણ તમારી ઝૂંપડીનું રક્ષણ તો કરી શકો ને ?' પ્રભુએ વાત શાંતિથી સાંભળી લીધી. પછી વિચાર કર્યો કે અહીં રહેવાથી કોઈને પણ અપ્રીતિ થવાનું કારણ થશે. એમ ચિંતવી પ્રભુએ પાંચ પ્રકારોનો જનહિત માટે નિર્ણય કર્યો.

(૧) હંમેશાં પ્રતિમા ધરીને રહેવું.

(૨) ગૃહસ્થનો વિનય - ઉપચાર ન કરવો.

(૩) છઠાસ્થ અવસ્થામાં પ્રાપે મૌન રહેવું.

(૪) હાથમાં આહાર કરવો. (કરપાત્રો)

(૫) અપ્રીતિ થાય તેવા ઘેર રહેવું નહિ.

વર્ષાકાળ પૂરો થતાં પ્રભુ વિહાર કરી ગયા.

પ્રભુ દીક્ષિત થઈને વિચરતા હતા ત્યારે તેમના વસ્ત્રનો અર્ધોભાગ કાંટામાં ભરાઈને ત્યાં જ રહી ગયો. બન્યું હતું એવું કે પ્રભુએ જ્યારે વરસીદાન આપ્યું હતું ત્યારે સોમ નામનો દરિદ્ર બ્રાહ્મણ અન્યત્ર હોવાથી કંઈ લાભ પામી શક્યો નહોતો. પરદેશથી પણ ધનપ્રાપ્તિ વગર નિરાશ થઈને આવ્યો ત્યારે પત્નીએ ધમકાવ્યો કે "અહીં ધનવર્ષા થઈ રહી હતી ત્યારે પરદેશ રહ્યા અને નિર્ધનતા સાથે જ પાછા ફર્યા. છતાં હજી ભગવાન બહુ દૂર નહિ ગયા હોય. તેમની પાછળ જાઓ અને કંઈક લાભ મેળવીને આવો. એ જેવો જંગલ તરફ નીકળ્યો તેણે જંગલમાં કાંટામાં ભરાયેલું દેવવસ્ત્ર જોયું. તે લઈને હરખભેર નગરમાં આવીને સોની પાસે ગયો. સોનીએ કહ્યું, "જો, તું બાકીનું અર્ધ વસ્ત્ર લાવી આપે તો પૂરા એક લાખ સોનૈયા મળે." ધનની લાલચે તો પ્રભુને શોધતો જંગલમાં આવ્યો. પ્રભુમાં હંમેશાં ધ્યાનમગ્ન રહેતા હોઈ તે માગી શક્યો નહિ અને પાછળ પાછળ ફરવા માંડ્યો. એક વાર તે વસ્ત્ર સ્વયં સરી પડ્યું. ત્યારે તેણે તે વસ્ત્ર ઉપાડી લીધું અને ચાલતો થયો. ત્યાર પછી પ્રભુ અચેલક (દિગંબર) અને કરપાત્રી જ રહ્યા.

પ્રભુની કરુણાથી ચંડકૌશિક સર્પની પણ મુક્તિ થઈ. ચંડકૌશિક પૂર્વભવમાં એક તાપસ હતો. એક વાર શિષ્ય સાથે ભિક્ષા લેવા જતો હતો ત્યારે પગ નીચે એક દેડકી કચરાઈને મરી ગઈ. હિતચિંતક શિષ્યએ પ્રાયશ્ચિત લેવાનું કહ્યું પણ પ્રમાદવશ વિસરાઈ ગયું. રાત્રે પેલા શિષ્યએ યાદ કરાવ્યું ત્યારે અતિ ક્રોધમાં આવીને શિષ્યને મારવા દોડયો. અતિ નબળું શરીર અને

અંધકાર તેમા લથડીયું ખાઈ ગયો અને ફરીથી ઊભા થઈને દોડવાનો પ્રયત્ન કર્યો તો થાંભલા સાથે અથડાઈ મૃત્યુ પામ્યો. પછી એક ભવ સ્વર્ગમાં રહી બીજા ભવમાં એક આશ્રમમાં પાંચસો તાપસોનો સ્વામી ચંડકૌશિક તાપસ થયો. આશ્રમ પ્રત્યે તેને એટલો મોહ હતો. કોઈ ફળ-ફૂલ તોડે તો અતિ કોપાયમાન થતો. એક વાર આશ્રમમાં રાજકુમારો ફૂલ તોડતા હતા તે જોઈને અત્યંત ક્રોધે ભરાયો અને મારવા દોડ્યો. વચમાં કૂવો આવ્યો તેમાં પડી ગયો અને પોતાના જ હથિયારથી ઘવાઈને મૃત્યુ પામ્યો અને દૂર્ધ્યાનમાં પ્રાણ ગયા હોવાથી આ જંગલના આશ્રમમાં મહાદષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયો. તેનું ઝેર એટલું કાતિલ હતું કે આશ્રમના બધા તાપસો મૃત્યુના ભયે ત્યાંથી ચાલી ગયા હતા. આ જંગલમાં પ્રભુ આવ્યા અને કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા. જંગલમાં ભમીને સર્પ પાછો આવે છે અને માનવને જુએ છે. પહેલાં તો આશ્ચર્ય પામે છે. અને પછી ગુસ્સે થઈને દષ્ટિવિષની જવાળાઓ પ્રભુ પર ફેંકવા માડે છે. છતાં પ્રભુ પર કોઈ અસર થતી નથી. એટલે અત્યંત આવેશમાં આવી સઘળી શક્તિ ભેગી કરી પ્રભુને ડંખ મારે છે. પણ પ્રભુને ડસ્યો ત્યાંથી તો દૂધની ધારા ફૂટે છે. અત્યંત વિસમ્ય પામીને પ્રભુની સામે જોઈ રહે છે. ત્યારે પ્રભુ બોલે છે, "હે, ચંડકૌશિકા ! બુજ્ઝ, બુજ્ઝ બુજ્ઝ." પ્રભુના અમૃતવચન સાંભળી જાતિસ્મરણ થાય છે. પોતે કરેલા પૂર્વભવના અપરાધોને યાદ કરીને પશ્ચાતાપના નિર્મળ ઝરણમાં સ્નાન કરવા માંડે છે. પ્રભુની ફરતે પ્રદશિણા કરી તેમના ચરણમાં વંદીને ગૂંચળું વળીને બેસી જાય છે. પ્રભુના દિવ્ય વચનોથી પ્રતિબોધ પામી ત્યાં જ અનશન લે છે. અનેક વેદના સહન કરી શુભભાવમાં સ્થિર રહે છે અને મુક્તિને વરે છે.

પ્રભુ ત્યાંથી વિહાર કરી જાય છે. પ્રભુ ગંગા નદીને કાંઠે આવે છે. પ્રભુ નાવમાં બેઠા હોય છે ત્યારે નાગકુમાર દેવ પૂર્વના વેરભાવથી પ્રભુ જે નાવમાં બેઠા છે તેને ડૂબાડવાના પ્રયત્નો કરે છે. આ નાગકુમાર એટલે વાસુદેવના ભવમાં તેમણે એક ઉપદ્રવકારી સિંહને ફાડી નાખ્યો હતો તે આત્મા. પણ કંબલ અને શંબલ નામના બે દેવ આ વિઘ્નનું નિવારણ કરે છે. કંબલ

અને શંબલ આગલા ભવમાં બળદ હતા. જિનદાસ શેઠ નામના પરમ શ્રાવકના ઘેર રહેતા હતા. કોઈ દુષ્ટ તેમને હરીફાઈમાં છાનોમાનો લઈ જાય છે અને ખૂબ દોડાવે છે. બિચારા આ બે બળદો કોમળ હોવાથી જખમી થઈ ગયા હોય છે. જિનદાસ બહારગામથી આવીને જુએ છે ત્યારે તેમને બહુ દુઃખ થાય છે. તેમની સારવાર કરે છે અને નવકારમંત્ર સંભળાવી શુભ ભાવમાં રાખે છે. તેથી આ બે બળદો મૃત્યુ પામી નાગકુમાર દેવપણે ઉત્પન્ન થાય છે.

પ્રભુ નાવમાંથી ઉતરી રાજગૃહી નગરમાં આવે છે. ચોમાસું કરવા નાલંદા નામના સ્થાનમાં એક સાળવીની શાળાના એક ભાગમાં રજા લઈને રહે છે. ત્યાં એક મંખનામનો ચિત્રકાર અને સુભદ્રા નામની તેની સ્ત્રી રહેતાં હતાં. તે સ્ત્રીએ ગૌશાળામાં પુત્રને જન્મ આપ્યો એટલે તેનું નામ ગૌશાલો પાડવામાં આવ્યું. ગૌશાલો યુવાન થયો અને ફરતાં ફરતાં એકવાર રાજગૃહી નગરીમાં આવ્યો. તે દિવસોમાં પ્રભુને માસક્ષમણનું પારણું વિનય નામના શ્રેષ્ઠીને ત્યાં થયું તેથી આકાશમાં 'અહો દાનમ્, અહો દાનમ્' ધ્વનિ થયો અને પંચદિવ્યો પ્રગટ થયા. આ હકીકત સાંભળી ગૌશાલાએ વિચાર્યું કે આ કોઈ સામાન્ય સાધુ નથી. જેની પાસેથી તેમણે ભિક્ષા લીધી તે માણસ જોતજોતામાં સમૃદ્ધિ પામ્યો તો પછી હું તેમનો શિષ્ય થઈશ તો જરૂર સમૃદ્ધિ પામીશ.

આમ વિચારી તેણે મિત્રો બનાવવાનું છોડી દીધું અને વિનંતી કરી કે આજથી હું તમારો શિષ્ય છું. પ્રભુ તો મૌન હતા. તેથી પોતાની મેળે જ શિષ્ય થઈને રહ્યો અને ભિક્ષાવૃત્તિ કરવા માંડ્યો. ચાતુર્માસ પૂર્ણ થતાં પ્રભુ ત્યાંથી વિહાર કરી ગયા.

પ્રભુ વિહાર કરી ગયા ત્યારે ગૌશાલો ભિક્ષા લેવા ગયો હતો. જ્યારે પાછો ફર્યો અને પ્રભુને જોયા નહિ એટલે વિચાર્યું કે હું ગૃહસ્થ છું એટલે પ્રભુ મને મૂકીને ચાલી ગયા. પોતાના ઉપકરણો ઉતારી નાખી દાઢી, મૂછ તથા મસ્તક સર્વનું મુંડન કરીને પ્રભુ પાછળ નીકળી ગયો. કોઈ એક ગામે પ્રભુ મળી ગયા, એટલે કહે મને દીક્ષા આપો અને શિષ્ય બનાવો. પ્રભુ તો મૌન હતા પણ ગૌશાલો તેમની સાથે રહેવા લાગ્યો.

પ્રભુ સાથે રહેવા છતાં જાતજાતના ટીખળ કરતો અને કોઈકવાર માર પણ ખાતો. પ્રભુ તો મૌનપણે વિહાર કરતા પણ સિદ્ધાર્થ વ્યંતર જેને અદશ્યપણે પ્રભુ સાથે પ્રભુની અનિચ્છા હોવા છતાં ઇન્દ્રએ સેવામાં મૂક્યો હતો તે રહેતો હતો અને ઘણીવાર ગૌશાલાને અદશ્યપણે જવાબ આપતો હતો કે તારે કોઈને છેડવા નહિ છતાં પણ એક સમયે પાર્શ્વનાથ ભગવાનના શિષ્યોને જુએ છે ત્યારે પૂછપરછ કરે છે. પાછો એમ કહે છે તમે ક્યાં અને અમારા ધર્માચાર્ય ક્યાં ? તેઓ પ્રભુને જાણતા નહોતા એટલે કહે છે, 'તું છે એવા તારા ધર્માચાર્ય હશે' ગુસ્સે થઈને ગૌશાલો શ્રાપ આપે છે મારા ધર્માચાર્યના તપ તેજથી તમારું આ નિવાસ્થાન બળી જાઓ. પણ તેમ થયું નહિ એટલે વીલે મુખે ત્યાંથી પાછો ફર્યો અને પ્રભુને કહેવા માંડ્યો. ત્યારે ત્યાં ઉપસ્થિત તે સિદ્ધાર્થ વ્યંતરે જવાબ આપ્યો કે 'હે મૂર્ખ ! તેઓ પ્રભુ પાર્શ્વનાથના શિષ્યો છે. તે સાધુનું સ્થાન તારા શ્રાપથી બળે નહિ.' આ રીતે પ્રભુ આગળ વિહાર કરતા રહ્યા અને ગૌશાલો તેના સ્વભાવ મુજબ ટીખળો કરતો રહ્યો. ઘોર કર્મોને જાણે ખપાવવાના હોય તેમ પ્રભુએ અનાર્ય દેશમાં પ્રવેશ કર્યો. અજ્ઞાની લોકોએ પ્રભુને ઘણા પ્રકારે ત્રાસ આપ્યો. ગૌશાલો થોડો સમય છૂટો પડ્યો પણ લોકોના મારથી ત્રાસીને પાછો પ્રભુ પાસે આવીને રહ્યો. ત્યાંથી વિહાર કરતાં કરતાં પ્રભુ કૂર્મગામ પહોંચ્યા. ગામની બહાર વૈશ્યાયત નામનો તાપસ મધ્યાહ્ન સમયે સૂર્ય સામે આતાપના લઈને કષ્ટ સહી રહ્યો હતો ત્યારે ગૌશાલાએ તેની મશ્કરી કરી. આથી તાપસે ગુસ્સે થઈ તેના પર તેજોલેશ્યા મૂકી, તેનાથી ગૌશાલો તરત ભસ્મીભૂત થઈ જાત, પણ કરૂણાસાગર પ્રભુએ તરત જ શીતલેશ્યા મૂકી તેથી તે તેજોલેશ્યા શમી ગઈ અને ગૌશાલો બચી ગયો. પ્રભુની શક્તિ જોઈ તાપસ વિસમ્ય પામ્યો અને ક્ષમા માગીને વિદાય થયો. ગૌશાલો પણ પ્રભુની અલૌકિક શક્તિથી વિસ્મય પામ્યો અને વિનંતી કરી કે પ્રભુ મને પણ આ વિદ્યા શિખવાડો. પ્રભુ જાણતા હતા કે આ અપાત્રને વિદ્યા

શીખવાડવાથી અનર્થ થશે. છતાં ભાવિ ભાવ સમજીને પ્રભુએ વિદ્યાપ્રાપ્તિની વિધિ બતાવી. જે મનુષ્ય છ માસ સુધી સૂર્યની આતાપનાપૂર્વક નિર્જળા છઠ કરે, એક મુઠી અડદના બાકળા તથા અંજલિ માત્ર ગરમ પાણીથી પારણું કરે, તેને આ તેજોલેશ્યા લબ્ધિ પ્રાપ્ત થાય છે. આ વિધિ જાણીને ગૌશાલો તેને સાધ્ય કરવા પ્રભુથી છૂટો પડ્યો.

પ્રભુ વિહાર કરતાં કરતાં વળી પાછા અનાર્ય ભૂમિમાં ગયા. દઢપણે પ્રતિમા ધારણ કરીને રહ્યા. અવધિજ્ઞાનથી તેમને જોઈને ઇન્દ્ર પણ તેમની સભામાં બોલી ઊઠ્યા. "પ્રભુ કેવા અડગ છે ! તેમને ચલાયમાન કરવા કોઈ દેવેન્દ્ર પણ સમર્થ નથી". આ પ્રશંસા સંગમ નામનો દેવ સહન કરી શક્યો નહિ. તેણે કહ્યું દેવ આગળ એક માનવની શક્તિનું શું ગજું ? હું તે સાધુને ક્ષણવારમાં જ ચલાયમાન કરી શકું. ઇન્દ્રને થયું કે જો તેને અટકાવશે તો આ દુર્બુદ્ધિ, તીર્થંકર વિશે ખોટો વિકલ્પ કરશે આથી તેને અટકાવ્યો નહિ.

ગર્વથી ભરેલા સંગમ પ્રભુ જ્યાં ધ્યાનમાં સ્થિર હતા ત્યાં આવ્યો અને જાત જાતના ઉપસર્ગો કરવા માંડ્યો. જાણે પ્રભુને લાકડું સમજી ડાંસ ઉત્પન્ન કર્યા, હજારો કાતિલ ઝેરવાળા વીંછી ઉત્પન્ન કર્યા. જંગલી નોળિયા ઉત્પન્ન કર્યા બધાએ ખૂબ ત્રાસ અને અસહ્ય વેદના આપી. છતાં મહાવીર તો મહાવીર જ હતા. કેવળ આત્મવૃત્તિમાં લીન ! પણ સંગમ તો બરાબર પાછળ પડી ગયો. એક બાજુ અપૂર્વ ક્ષમા અને શાંતિ, બીજી બાજુ પ્રચંડ ક્રોધાગ્નિની જ્વાળાઓ અનેક પ્રકારે ફેલાતી રહી. સર્વ પ્રકારે સંગમ નિષ્ફળ ગયો. છતાં હજી તેનો અહંમ્ છૂટ્યો ન હતો. સવાર થતાં પ્રભુ આગળ વિહાર કરી ગયા. સંગમ તેની પાછળ જતો અને આહાર દુષિત કરી નાખતો. આમ છ માસ સુધી પ્રભુ પાછળ ફરતો રહ્યો. પ્રભુએ છ માસના સહજ ઉપવાસ કર્યા અને પારણા માટે નીકળ્યા ત્યાંય વળી તે જ સ્થિતિ. એટલે વળી પાછા પ્રભુ પ્રતિમા ધારણ કરીને રહ્યા. પછી સંગમે નિરાશ થઈને જોયું કે કોઈ પ્રકારે પ્રભુ ચલિત થાય તેમ નથી. પછી માફી (ક્ષમા) માંગી.

પ્રભુ મહાવીરની તપશ્ચર્યા પણ અનોખી હતી. એક વાર પ્રભુએ ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો. એ પ્રગટ થયો એકસો પંચોતેર દિવસ પછી. ત્યાં સુધી કોઈ એનો મર્મ જાણી શક્યા ન હતા. એ અભિગ્રહમાં કેટલાક તથ્યોનું પ્રભુએ નિરાકરણ કર્યું હતું. એ કાળમાં સ્ત્રીની જીવનદશા મહદ્અંશે અત્યંત અંધકારમય હતી. એક રાજાને અનેક રાણીઓ. સ્ત્રીનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નહિ. ગણિકાઓનું કાદવસમું જીવન, દાસીપણાની પરાધીનતા, રામયુગમાં બનતું એવું જ મહાવીર યુગમાં પણ બનતું. સ્ત્રી જીવનના અવમૂલ્યનને દૂર કરવા તેઓએ અભિગ્રહ ધારણ કર્યો.

(૧) દાસત્વ પામેલી રાજકન્યા હસ્તે પારણું કરીશ.

(૨) તેનું મસ્તક મુંડિત હશે.

(૩) તેની પાસે સૂપડામાં ફક્ત બાફેલા અડદ હશે.

(૪) તે ઉંબરાની અંદર પણ નહિ તેમજ બહાર પણ નહિ તેમ ઊભા હશે.

(૫) મધ્યાહ્નનો સમય હશે.

(૬) ત્રણ દિવસની ઉપવાસી હશે.

(૭) સજળ નયનો હશે.

સ્વયં ભગવાન સિવાય કોઈ જ જાણે નહિ તેવા અભિગ્રહનો પ્રારંભ થયો. દિવસો અને મહિનાઓ વીતવા લાગ્યા. પાંચ માસ અને પચીસ દિવસ પૂર્ણ થયા અને મહાવીર ચંદના પાસે આવ્યા. ચંદના રાજકન્યા હતી. પિતા હાર્યા અને માતા મૃત્યુ પામી તેથી એક સૈનિકે આ કન્યાને લઈને સ્વાર્થ માટે ગુલામબજારમાં ઊભી રાખી. અશુભકર્મનો ભોગ બનેલી આ કન્યા નવકારમંત્રનું સ્મરણ સતત મનમાં કરતી હતી. ત્યાં ધનાવહ શેઠ આવી ચડે છે. આ નિર્દોષ અને નવકારમંત્રના સ્મરણથી ઉપસેલી સંસ્કૃતિએ શેઠના દિલમાં અનુકંપા અને સદભાવ પેદા કર્યા. ઘણું ધન આપી તેમણે કન્યા ખરીદી લીધી અને પિતા પુત્રીને લઈ જાય તેમ પોતાના ઘેર લઈ ગયા. અને મૂળા શેઠાણીને સોંપીને

કહ્યું આ આપણી પુત્રી જેવી છે તેને સાચવજે. તેનું નામ ચંદના રાખવામાં આવ્યું. છતાં બોલી નહિ કે તે રાજકન્યા મટીને બનેલી દાસી હતી અને દાસી યોગ્ય બધાં કામ કરતી હતી. શેઠ તેના પ્રત્યે પુત્રીવત સ્નેહભાવ રાખતા હતા. પણ તે જેમ જેમ મોટી થતી જતી હતી તેમ તેમ અતિસ્વરૂપવાન થતી જતી હતી. મૂળા શેઠાણીના મનમાં ઈર્ષ્યા અને વેર પ્રગટ થાય છે. તેને થાય છે હાલમાં ભલે શેઠ પુત્રી ગણતા હોય પણ પછી તેનું રૂપ જોઈને લગ્ન કરશે તો પોતાની દશા બુરી થશે.

એકવાર શેઠ પેઢીએ ગયા તે જ સમયે મૂળાએ વાળંદને બોલાવ્યો અને ચંદનાનું મસ્તક મુંડિત કરાવી નાખ્યું. વળી ક્રોધવશ એક ઓરડામાં લઈ જઈ પગમાં બેડી નાખી અપશબ્દો કહી ઓરડો બંધ કરી દીધો. સેવકવર્ગને ધમકાવીને કહી દીધું કે કોઈએ શેઠને કહેવું નહિ અને પોતે પિયર ચાલી ગઈ.

સાંજે શેઠે ઘેર આવીને પૂછ્યું કે મૂળા ક્યાં છે ? ચંદના ક્યાં છે ? મૂળા માટે જવાબ મળ્યો કે પિયર ગયાં છે. પણ ચંદના માટે મૌન ! બીજે દિવસે પણ એજ પ્રશ્ન અને એજ મૌન. ત્રીજા દિવસે શેઠને શંકા ગઈ અને ધમકાવીને પૂછ્યું કે જવાબ આપો નહિતર બધાને છૂટા કરવામાં આવશે. ત્યારે મૃત્યુના આરે ઊભેલી એક વૃદ્ધાએ વૃત્તાંત કહી સંભળાવ્યો અને પેલા ઓરડા પાસે લઈ ગઈ. બારણું ખોલી ચંદનાને જોઈને શેઠ હેબતાઈ ગયા. અરેરે ! નિર્દોષ મૃગલી જેવી કન્યાની આ દશા ? 'વાત્સલ્યમૂર્તિ' ધનાવહ ક્ષોભ પામીને ઊભા રહી ગયા. છેવટે દાસીએ શેઠને કહ્યું ચંદના ત્રણ દિવસની ભૂખી છે. શેઠે તરત જ તેને ઓરડાની બહાર લાવી ઉંબરા આગળ બેસાડી અને રસોડામાં ભોજનની તપાસ માટે ગયા. ભોજન માટે કંઈ હતું નહિ, પશુઓ માટે બાફેલા અડદના બાકળા હતા તેને સૂપડામાં નાખી તેને ખાવા આપ્યા અને જલદી બેડીઓ તોડાવવા લુહારને બોલાવવા ગયા.

સજળ નયનવાળી ચંદના પગની જંજીરો અને સૂપડામાં રહેલા બાકળાને જોતાં વિચાર કરે છે કયાં રાજકન્યાના લાડપાન અને ક્યાં આજની ચંદના માટે આ સૂકા બાકળા ? છતાં જયારે ત્રણ દિવસે આ ભોજન મળ્યું

છે તો જો કોઈ અતિથિ આવે તો પ્રથમ તેને જમાડીને જમું અને પુણ્યયોગ્ય જુઓ ! પ્રભુનું આગમન ! ચંદના કહે છે, "હે પ્રભુ આજે મારા ધનભાગ્ય હીણું છે. એટલે ઉચિત ભોજન આપી શકતી નથી. છતાં આ બાકળા ગ્રહણ કરીને મને ઉપકારી બનાવો" તપસ્વી પ્રભુએ ચંદના પ્રત્યે અમીદષ્ટિથી જોયું. તેમનો માનસપટ અભિગ્રહ માટે જે સંકેત અંકિત થયો હતો તે પૂર્ણ થયેલો જાણી પ્રભુએ પોતાના હાથ ચંદના સામે પ્રસાર્યા. પ્રભુને પારણું થયું સત્ય પાત્ર અને સત પુરુષનો યોગ થતાં જ તે જ સમયે ચંદના પગની જંજીરોથી મુક્ત થઈ અને વાળ પણ આવી ગયા અને પરિભ્રમણની મુક્તિનું બીજ પણ પામી ગઈ. તે સમયે જ ચંદના રાજકન્યા વસુમતી છે તેવો ઘટ:સ્ફોટ પણ થયો. રાજા કહે છે હવે ચંદના મહેલમાં રહેશે પણ ચંદનાએ પાલકપિતા ધનાવહને ત્યાં જ ગાળવાનું નક્કી કર્યું. ઈન્દ્રએ ધનાવહને કહ્યું ભગવાન મહાવીર જ્યારે તીર્થની સ્થાપના કરશે ત્યારે ચંદના પ્રથમ સાધ્વીપદે સ્થાન પામશે અને આ જ જન્મમાં મુક્તિ પામશે.

પ્રભુના ઉપસર્ગની ચરમસીમા અને વિરામ દઢપણે બાંધેલા કર્મ ભોગવવા તો સમય આવે છે. તેઓ જ્યારે ત્રિપૃષ્ઠ વાસુદેવ હતા ત્યારે સત્તાના મદમાં અજ્ઞાનવશ શય્યાપાલના તપાવેલા સીસાનો રસ રેડાવી તીવ્રકર્મ ઉપાર્જન કર્યું હતું તે અશાતાવેદનીયરૂપે આ સમયે ઉદયમાં આવ્યું. તે શય્યાપાલ ભવભ્રમણ કરીને આ ગામમાં ગોવાળિયો થયો હતો. તે રાત્રિએ પોતાના બળદોને પ્રભુની પાસે મૂકીને ગામમાં ગયો. બળદો તો દૂર ચાલી ગયા. ગોવાળીયો પાછો આવીને બળદ વિશે પૂછવા માંડ્યો. પણ પ્રભુએ જવાબ ના આપ્યો. એટલે અતિ આવેશમાં આવીને તેણે તીર બનાવવાના લાકડાના ખીલા બનાવી પ્રભુના બંને કાનમાં નાખીને અંદર એવી રીતે ખોસી દીધા કે બંને ભાગ અંદર મળી ગયા અને કોઈ ખેંચી ના કાઢે એટલે બહારનો ભાગ કાપીને ચાલ્યો ગયો. પ્રભુ તો અચલ અને અડગ રહ્યા. શૂળના ઉપસર્ગની વેદના હોવા છતાં પ્રભુ તો વિહાર કરીને આપાપા નગરીમાં સિદ્ધાર્થ નામના

વૈશ્યને ત્યાં પારણા માટે પધાર્યા. સિદ્ધાર્થે ભક્તિથી વંદન કરીને પારણું કરાવ્યું. ત્યાં એક વૈદ્ય બેઠો હતો તે પણ પ્રભુને જોઈને પ્રભાવિત થયો પણ તેને પ્રભુના ચહેરા પર અસુખ જેવું જણાયું એટલે મિત્રને વાત કરી. મિત્રે કહ્યું તું બરાબર તપાસ કર. વૈદ્યે પ્રભુનું શરીર નિહાળ્યું. એટલે ખ્યાલ આવ્યો કે તેમના કાનમાં તીક્ષ્ણ શૂળ ભોંકી દેવામાં આવ્યા હતા. તે બંને કંઈ વિચારે તે પહેલાં પ્રભુ તો નિરપેક્ષ ભાવે ત્યાંથી ઉદ્યાન તરફ ચાલતા જઈને ધ્યાનમાં પ્રવૃત્ત થયા. પુણ્યવંતા બંને મિત્રો યોગ્ય ઔષધિ લઈને ઉદ્યાનમાં પહોંચ્યા અને અમુક પ્રકારના તેલ વગેરે નાખ્યા પછી વૈદ્યે સાણસીથી ઊંડી ઊતરેલી શૂળોને મહામહેનતે ખેંચી નાખી. શરીર પ્રત્યે નિરપેક્ષ તેવા પ્રભુનો દેહ પણ આ ક્રૂરતા પ્રત્યે એક ચીસ પાડી ઊઠ્યો. ભગવાનને ઘોર ઉપસર્ગ ઘણા થયા તેમાં શૂળનો ઉપસર્ગ અતિકષ્ટદાયક હતો. તે પછી ઉપસર્ગોનો અંત આવ્યો.

દીક્ષાકાળ પછી બાર વર્ષ અને સાડા છ માસ વ્યતીત થયે ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયું અને પ્રભુ પરમાત્માપદને પામ્યા. કેવળજ્ઞાનની પ્રાપ્તિ વડે પ્રભુ અર્હંત થયા. પ્રભુ તો નિસ્પૃહ છે પણ પુણ્યકર્મનો ઉદય તેઓ ટાળી શકતા નથી, વળી પુણ્યમાં રોકાતા પણ નથી. તેમનો પૂર્ણજ્ઞાનાતિશય એવો પ્રબળ હોય છે કે તેમને જગતમાં કોઈ પ્રતિબંધ થતો નથી. તેઓ સર્વથા અપ્રતિબદ્ધ હોય છે. જગતમાં શ્રી તીર્થંકર બનનારા આત્માઓનું વ્યક્તિત્વ અદ્‌ભુત, અસાધારણ અને અજોડ કોટિનું હોય છે. જગતના જીવમાત્ર પ્રત્યેની તેમના હૈયામાં વહેતી અપાર કરુણા તેમને 'તીર્થંકર'ના સર્વોચ્ચ પદ સુધી પહોંચાડી દે છે.

વિ.સં. પૂર્વે ૫૦૦ વર્ષે વૈશાખ સુદી ૧૧ના દિવસે ભારતવર્ષના એ સમયના અગિયાર મહાપંડિતોએ એમના શિષ્યો સહિત કુલ ૪૪૧૧ પુણ્યાત્માઓએ ભગવાન મહાવીરના ચરણે પોતાની જાતને સમર્પિત કરી. એ સમયના અગિયાર મહાપંડિતો સાથે ભગવાન મહાવીરે કરેલા વાર્તાલાપ ગણધરવાદના નામે પ્રસિદ્ધ છે.

ભગવાન મહાવીરની અહિંસા, સમતા, અનેકાંત પદ્ધતિ અને નયવાદની પરિપૂર્ણ દૃષ્ટિનો સહુને હૃદયસ્પર્શી અનુભવ થયો. જૈન ઇતિહાસની આ એક ચમત્કારરૂપ ઘટના છે. પાવાપુરીથી ૨૦ માઈલ દૂર આવેલા પ્રાચીન રાજગૃહીના ઇતિહાસમાં ગુણશીલ ચૈત્ય (ગુણિયાજી તીર્થ)માં આ ઘટના ઘટી હતી. ગણધરવાદની આ ઘટનામાં અગિયાર ગણધરોના ચિત્તમાં જ્ઞાની હોવા છતાં ઘોળાતા શંશયો મહાવીરે કહ્યા અને એનો ઉત્તર પણ આપ્યો. હકીકતમાં એ દ્વારા જૈન તત્ત્વજ્ઞાનના કર્મ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, નારક, પંચભૂત જીવ જેવી મહત્ત્વની બાબતો અંગે વિચાર મળે છે. આમાં ભગવાન મહાવીરની સર્વજ્ઞતા પ્રગટ થાય છે.

જૈન સમાજમાં ભગવાન મહાવીર પછી સૌથી વધુ જાણીતું ચરિત્ર ગણધરગુરુ ગૌતમસ્વામીનું છે. ગુરુ ગૌતમસ્વામી અનેક લબ્ધિના સ્વામી હતા. દ્વાદશાંગીના રચયિતા હતા. પ્રથમ ગણધર હતા અને પચાસ હજાર કેવળીના ગુરુ હતા. ચાર જ્ઞાનના સ્વામી હોવા છતાં એમનામાં ભારોભાર નમ્રતા હતી. અનેક વિદ્યાઓના પારંગત અને માતા સરસ્વતીના અતિ પ્રિય હોવા છતાં અન્યની શંકાનું નિવારણ કરવા માટે પોતાના પાંડિત્યનો ઉપયોગ કરવાના બદલે ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછી સમાધાન મેળવતા.

ગુરુ ગૌતમસ્વામી જ્ઞાનના મહાસાગર હતા. ભગવાન મહાવીરથી વયમાં આઠ વર્ષ મોટા હતા અને છતાં પોતાના ગુરુ સમક્ષ શિષ્યભાવે સતત જિજ્ઞાસા પ્રગટ કરતા. ગુરુનો વિનય, ગુરુની સેવા અને ગુરુની ભક્તિનો પરમ આદર્શ ગુરુ ગૌતમસ્વામીમાં જોવા મળે છે. ગુરુ ગૌતમસ્વામી 'ભન્તે' એવું સંબોધન કરીને આદરપૂર્વક પ્રશ્ન કરે અને પ્રભુ મહાવીર 'ગોયમ્' ના સંબોધનથી ઉત્તર આપે. ભગવાન પુનઃ પુનઃ કહેતા "ગૌતમ ! એક પળનો પ્રમાદ ના કર." ગૌતમ એ વાણીને પ્રેમપૂર્વક ધારણ કરતા.

ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી જ્યારે વિહાર કરીને શ્રાવસ્તી પધાર્યા ત્યારે યોગાનુયોગ ગૌશાલો પણ ત્યાં હતો. ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે આ ગૌશાલો સર્વજ્ઞ કહેવરાવે છે તે સત્ય છે ? ભગવાને કહ્યું કે, "તે મંખલીપુત્ર છે, સર્વજ્ઞ નથી." નગરમાં આ વાત ફરતી થઈ. ગૌશાલો

ક્રોધે ભરાયો અને ભગવાન પાસે આવ્યો અને આવેશમાં બોલવા લાગ્યો. "તું મને ગૌશાલો કહે છે પણ હું ગૌશાલો નથી. ગૌશાલો તો મરણ પામ્યો છે. મારું નામ તો ઉદાયમુનિ છે." પ્રભુએ શાંતિથી કહ્યું, "તું ગૌશાલો છે અને શા માટે અસત્ય બોલે છે ?" ગૌશાલો ક્રોધમાં આવીને ભગવાને અપશબ્દો બોલવા માંડ્યો. એક શિષ્યે શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. તો તેમના પર તેજોલેશ્યા મૂકી. તે મુનિ તરત જ તેજોલશ્યાથી દગ્ધ થઈ સમાધિમરણ પામ્યા. બીજા મુનિ બોલવા ગયા તો તેમની પણ એજ દશા થઈ.

ભગવાને સમજાવવા પ્રયત્ન કર્યો, કે "તું શા માટે મારી પાસેથી શીખેલી વિદ્યાનો દુરઉપયોગ કરે છે ? ક્રોધે ભરાયેલા ગૌશાલાએ ભગવાન પર તેજોલેશ્યા મૂકી, તે તેજોલેશ્યા પ્રભુની પ્રદક્ષિણા કરી પાછી ફરી અને છેવટે ગૌશાલાના શરીરમાં જ ઉતરી ગઈ. તે શરીરે ભયંકર દાહથી પીડાવા લાગ્યો અને પીડાની બૂમો મારતો પાછો ફર્યો."

પોતાની જ તેજોલેશ્યાથી પીડાતો ગૌશાલો દાહને સમાવવા મદ્ય પીવા માંડ્યો અને નાચવા માંડ્યો અને ભાન ભૂલી ગયો અને અસંબદ્ધ વચનો બોલવા માંડ્યો. તેના શિષ્યો ચિંતામાં પડી ગયા, પણ તેમને પોતાના ગુરુ પ્રત્યે સદ્ભાવ હતો એટલે વિચાર્યું કે આ તેમના નિર્વાણના ચિહ્નો છે. કંઈક ભાનમાં આવ્યો ત્યારે શિષ્યોને કહેવા માંડ્યો મારો મોક્ષ થવાનો છે. મારા મૃત શરીરને શણગારજો. હજારો માનવોથી મારી અંતિમયાત્રા કાઢજો અને ઘોષણા કરજો કે આ ગૌશાલો આ કાળનો તીર્થંકર છે, તે મોક્ષ પામેલ છે."

આખરે સાતમો દિવસ આવી પહોંચ્યો. જે ગૌશાલકના જીવનનો અંતિમ દિવસ હતો. પ્રભુના દર્શનથી અથવા તો ગમે તે કારણે તેને પશ્ચાતાપ થવા માંડ્યો. પશ્ચાતાપથી સંતાપ થયો કે, અરર ! હું કેવો અધમ અને પાપી છું. મેં તેજોલેશ્યા વડે બે શિષ્યોને મરણને શરણ કર્યા. તેટલું જ નહિ, મારા ગુરુ અને અર્હંત એવા પૂજ્ય પ્રભુને પણ તેજોલેશ્યા વડે અશાતા પહોંચાડી અને શિષ્યોને ભેગા કરી જાહેર કર્યું કે, "હું મંખલીપુત્ર છું અર્હંત નથી, સર્વજ્ઞ નથી, મેં મારા આત્માને છેતર્યો છે તમને સૌને પણ અવળા માર્ગે દોર્યા છે." આ પશ્ચાતાપથી પીડાઈને તે મરણ પામે છે.

સાધનાની ચરમકક્ષાએ વિરાજેલા પરમાત્મા મહાવીરના ભાવજગતનું તાદશ્ય દર્શન કરાવતા ઘણાં દૃષ્ટાંતો આપણને મળી આવે છે. કરુણાસાગર પરમાત્માના અંતરમાં હવે અરતિ યા રતિની કોઈ જ વિભાવના શેષ રહી નથી. 'કલ્પસૂત્ર' માં તેના માટે 'અરઈરઈવા' શબ્દ પ્રયોજાયો છે. અરતિનો અર્થ થાય છે ભારોભાર અરુચિ. તેના લીધે જીવનમાં વિખવાદ ઊભો થાય છે. આપણે સહુ એક યા બીજા નિમિત્તે નાના યા મોટા સ્વરૂપે અરુચિ કે અણગમો પ્રગટ કરીએ છીએ. આ અરતિના દોષથી મુક્ત થવાનો પ્રયત્ન કરીએ અને એક સમજદારી કેળવીએ. જો વ્યક્તિ નિર્ધાર કરે કે જે મળશે તે તેને ગમશે અને તેમાં જ સંતોષ માનશે તો તે વ્યક્તિ આસાનીથી અરતિથી મુક્ત રહી શકે. દરેક પરિસ્થિતિ કુદરતે આપેલો ઉપહાર છે : 'કુદરત એટલે કર્મસત્તા'. કુદરતે આપણા માટે જે પરિસ્થિતિ સર્જી હોય એને સદાય ભેટ તરીકે સ્વીકારવાની સજ્જતા આપણે ધરવી જોઈએ. ભલે ને એ પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ. તેનાથી મનઃ સ્થિતિ બદલાય છે અને તેમાંથી બહાર નીકળવાનું સત્ય મળે છે.

પર્યુષણનો પર્યાયવાચક શબ્દ છે, "પર્યુશમના." પર્યુશમનનો અર્થ થાય છે વિષયો અને કષાયોનું ઉપશમન કરો. જ્યાં જ્યાં આસક્તિ હોય ત્યાં ત્યાં વિષયો (અપેક્ષાઓ) અનેક કષાયો (દુઃખ કલેશ) 'કષ એટલે સંસાર અને આય એટલે વૃદ્ધિ. અર્થાત્ જેનાથી સંસારની વૃદ્ધિ થાય અને જન્મ - મરણની પરંપરા ચાલ્યા કરે તે કષાય' હોય. અનાસક્ત ભાવે જીવવાનો અર્થ પ્રસન્ન આત્માનું અનુશાસન છે.'

"આત્મારૂપે હું એકલો જ છું, કોઈપણ વ્યક્તિ-વસ્તુ મારી નથી અને હું પણ કોઈનો નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત આ એક મારો આત્મા જ શાશ્વત છે. બાકી શરીર - સ્વજન - સંપત્તિ વગેરે તમામ પદાર્થો બાહ્ય ભાવો છે. એ સંયોગવશ મને મળ્યા છે અને સંયોગનું ઋણ પૂરું થતાં મારાથી દૂર થઈ જવાના છે."

ક્રોધના સાત સ્વરૂપ છે. આજથી હજારો વર્ષ પૂર્વે ક્ષમાનો મહિમા કરતા જૈનદર્શને ક્રોધના કષાયને બરાબર ઓળખી, ક્રોધની ઘણી ઊંડી સમીક્ષા કરી છે. ક્રોધ કોઈપણ રૂપે માનવીના મનમાં પ્રગટ થાય છે. તેનું પહેલું સ્વરૂપ દ્વેષનું છે. દ્વેષ વ્યક્તિના મનની દુનિયા અને તેનાં સુખને સળગાવે છે. ક્રોધનું બીજું સ્વરૂપ ગુસ્સો છે. ગુસ્સાથી માણસ વગર વિચાર્યું બોલી નાખે છે અથવા કરી નાખે છે. પછી તેને પારાવાર પશ્ચાતાપ થાય છે. ક્રોધનું ત્રીજું સ્વરૂપ માનવીને અંધ બનાવી દે છે. ક્રોધ માનવીને સ્વહિત પ્રત્યે અંધ બનાવે છે. ક્રોધ કરનાર વ્યક્તિ પોતાના મનને જ નહિ પરંતુ આસપાસના સમગ્ર વાતાવરણને કલુષિત કરી નાખે છે. ચોથું સ્વરૂપ છે વ્યક્તિનું અંગત પતન. આ ક્રોધના લીધે વ્યક્તિ પોતે જ પતનશીલ બનીને પોતાને જ હણે છે. પાંચમું સ્વરૂપ છે ગૃહજીવનનો ક્રોધ. એકવાર ગુજરાતના મંત્રી તેજપાલે અનુપમાદેવી પર ક્રોધ કર્યો કારણ કે પત્નીએ કહ્યું કે તેનો પતિ વાસી ખાય છે. પણ જ્યારે તેજપાલને તેનો અર્થ સમજાયો કે પત્ની કહેવા માંગે છે કે તેઓ ગયા ભવના પુણ્યોથી કમાઈ ખાય છે, પણ નવા પુણ્યો કરતો નથી. ત્યારે તેમના પશ્ચાતાપનો પાર રહ્યો નહિ. છઠ્ઠું સ્વરૂપ તે જીવહત્યા છે, જે આચાર્ય હરિભદ્રસૂરિના જીવનમાં જોઈ શકાય છે. પોતાના બે શિષ્યોને હણનારા ૧૪૪૪ વિરોધીઓને ઉકળતા તેલમાં તળવા માંગતા હતા પરંતુ જ્યારે સાધ્વી યાકિની મહત્તરાએ એમને આ હિંસાથી રોક્યા ત્યારે તેના પ્રાયશ્ચિતરૂપે તેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી. ક્રોધનું સાતમું યુદ્ધ છે જે ભરત - બાહુબલિના યુદ્ધમાં જોવા મળે છે. ક્રોધ એક તરંગરૂપે મનમાં પ્રવેશે છે અને પછી મહાસાગર બનીને માણસને ઘેરી લે છે અને ગુસ્સામાં નાનકડા બીજમાંથી મોટું વટવૃક્ષ બની જાય છે. માટે આપણે સૌ (સહુ) આ પાવન પર્વ નિમિતે આપણી અંદર આવતા ક્રોધ, દ્વેષ, ગુસ્સો, આવેશ અને અનિષ્ટ ભાવને રોકીએ અને સાચી ક્ષમા તરફ ગતિ કરીએ.

રતિ એટલે હર્ષ-આનંદ યાવત્ ખુશી. પરંતુ એ ખાસ સમજીએ કે જૈનદર્શન પ્રસન્નતા અને સહજ આનંદનું પ્રખર પુરસ્કરતા છે. પ્રભુ પૂજનનું સૌથી પ્રથમ ફળ જ પ્રસન્નતા દર્શાવ્યું છે. જૈન દષ્ટિબિંદુને દર્શાવતી યથાર્થ પંક્તિ છે :

*જીવન ખુલ્લી કિતાબ જોઈએ....*

*ચહેરો ગુલાબની છાબ જોઈએ....*

ગુલાબની છાબ જેવા ચહેરાનો અર્થ કોઈપણ કારણ વગરની સાહજિક - સ્વાભાવિક ગુલાબ પુષ્પ જેવી પ્રસન્નતા. આસક્તિથી સર્જાતો હર્ષ અથવા ખેદ બંને દૂર થાય ત્યારે સહજ પ્રસન્નતા પાંગરે.

પ્રભુ મહાવીરના ભાવજગતનું નિરૂપણ કરતી 'કલ્પસૂત્ર' શ્રેણીમાં એક બીજું સૂત્રખંડ છે. "માયામૃષાવાદ". માયામૃષાવાદ એટલે દંભપૂર્વકનું, કપટપૂર્વકનું અસત્ય ભાષણ. પ્રભુ મહાવીરના સાધનાના સમયની આત્મિક શ્રેષ્ઠતા દર્શાવતા આ સૂત્રમાં કુલ પંદર બાબતો છે અને તેમાં ફક્ત 'માયામૃષાવાદ' નામે એક જ દોષ અસત્ય ભાષણ સંબંધી દર્શાવાયો છે. જ્યારે આના કરતાં જરા ભિન્ન શૈલી અઢાર સ્થાનકોના સૂત્રમાં જોવા મળે છે. જૈન શ્રમણ-શ્રમણી "સંથારા પોરસિ" નામે સૂત્ર દ્વારા જે અઢાર પાપસ્થાનકોથી મુક્ત થવાનો ઉપક્રમ આદરે છે અને દરેક જૈન આરાધક ગૃહસ્થ પ્રતિદિન પ્રતિક્રમણ સૂત્ર દ્વારા જે અઢાર પાપ સ્થાનકોના જાણતાં અજાણતાં થયેલા સેવનની હૃદયપૂર્વક ક્ષમાપના છે તેમાં ત્રણ પાપસ્થાનકો આ પ્રમાણે છે. (૧) મૃષાવાદ (૨) માયા (૩) માયામૃષાવાદ.

મૃષાવાદ અર્થાત્ અસત્ય ભાષણ જે પાપબંધ કરનાર ભયંકર તત્ત્વ છે. માયા અર્થાત્ દંભ પર અશુભ કર્મબંધ કરનાર ભયંકર તત્ત્વ છે. પરંતુ આ બેની સરખામણીમાં 'માયામૃષાવાદ નામે સત્વ અત્યંત ભયંકર અને દારૂણ નુકસાની કરનાર પાપસ્થાનક છે. કારણ કે તેમાં એક સાથે બબ્બે પાપસ્થાનકનું સંયુક્ત સામર્થ્ય ભળે છે.'

માયામૃષાવાદના વ્યાવહારિક નુકસાનો પણ બહુ ખરાબ છે, જેમ કે આવી વ્યક્તિ આગળ જતાં વારંવાર દંભપૂર્વકના જુઠાણાં ઉચ્ચારવાની આદતનો ભોગ બને છે. આપણને ખુદને કેટલીકવાર એવી વ્યક્તિ સાથે પનારો પડ્યો હોય છે જે કોઈપણ કારણ વગર હાલતા ને ચાલતા સિફતપૂર્વકના જુઠાણા ચલાવતી હોય. આનું કારણ માયામૃષાવાદનો પ્રભાવ તેના પર હોય છે. બીજું નુકસાન છે અવિશ્નવીયતા. વ્યક્તિ ગમે તેટલી સફાઈથી જૂઠું બોલે પણ ક્યારેક તો એ છતું થઈ જાય છે. તે ઉપરાંત માનસિક અશાંતિ - ઉદ્વેગ - અજંપો વગેરે માયામૃષાવાદના પ્રત્યક્ષ નુકસાનો છે. આપણે આ માયામૃષાવાદથી થતા પાપમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરીએ.

બીજા ત્રણ ભીતરના કષાયો માન - માયા અને લોભ છે. આ એવા ગુણ (કષાય) છે કે માનવીનું મન કષાયથી ભરેલું હોય અને બહારથી પરોપકારી હોવાનો દેખાડો કરતો હોય. વળી આ કષાયોની વ્યક્તિને પોતાને જાણ નથી. પોતાની આત્મ-પ્રશંસાથી ફુલાયા કરે છે અને સત્તા અને સંપત્તિ મળે એટલે અમર્યાદિત બનીને અનેક અનિષ્ટો સર્જે છે. એમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો તે આત્મધર્મ છે.

સત્ય એક છે, પરંતુ તેના સ્વરૂપ અનેક હોઈ શકે છે. એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરાવવું તે અનેકાંતવાદ છે. માનવીના વિચારમાં પણ અનેકાંતવાદનું પ્રવર્તન છે. અનેકાંતવાદ કહે છે કે પોતાના મંતવ્યોનું તટસ્થતાથી અને વિરોધીઓના મંતવ્યોની આદરપૂર્વક વિચારણા કરવી જોઈએ. અનેકાંતમાં બે શબ્દો રહેલા છે. એક છે અનેક અને બીજો છે અંત. અનેકનો અર્થ અધિક થાય છે અને અંતનો અર્થ ધર્મ કે દૃષ્ટિ થાય છે. કોઈપણ વસ્તુતત્વનું ભિન્ન દૃષ્ટિએ પર્યાવલોચન કરવું તે અનેકાંત છે.

આના માટે અંધ-હસ્તી ન્યાયનું ઉદાહરણ આપવામાં આવે. સાત આંધળા માણસો હાથીને સ્પર્શીને એનો આકાર જાણવાનો પ્રયત્ન કરે છે. કાન પકડનારને એ હાથી સૂપડા જેવો લાગે છે, પગ પકડનારને થાંભલા જેવો તો પૂંછડી પકડનારને દોરડા જેવા લાગે છે. પરંતુ મહાવત આ બધા જને

હાથથી સ્પર્શ કરાવીને હાથીના સમગ્ર આકારનો ખ્યાલ આપે છે. આ રીતે હાથીના ખંડદર્શનને બદલે એનું અખંડ દર્શન કરાવનાર મહાવત તે અનેકાંતવાદ છે.

જગતની મોટાભાગની લડાઈ 'મારું જ સાચું' એવા હઠાગ્રહના કારણે જ થાય છે. બીજાની વાતને પણ સાંભળો અને બીજાના દષ્ટિબિંદુને પણ જાણો તેવું અનેકાંતવાદ કહે છે. સત્ય એક છે પણ તેનું સ્વરૂપ અનેક હોઈ શકે છે. એટલે પોતાનું મમત્વ છોડીને અન્યમાં જે સત્યનો અંશ હોય તે તારવી શકશે તો જગતમાંથી ખોટો સંઘર્ષ ચાલી જશે.

મિથ્યાત્વની સાથે 'શલ્ય' શબ્દ જોડાયો છે. શલ્ય એટલે ઊંડો ઉતરી ગયેલો તીક્ષ્ણ કાંટો. પગમાં શલ્ય ખૂંપી જાય અને જે પરિણામો આવે એવાજ પરિણામો આત્મામાં મિથ્યાત્વશલ્ય ખૂંપી જાય ત્યારે આવે છે. (૧) પગમાં શલ્ય ખૂંપેલો હોય તો વ્યક્તિ આગળ વધી ના શકે. એવી જ રીતે આત્મામાં મિથ્યાત્વ શલ્ય હોય તો એ મોક્ષના માર્ગે આગળ વધી શકે નહિ. (૨) પગમાં જો શલ્ય હોય તો સતત પીડા સર્જાયા કરે - દુઃખ થયા કરે. તેવી રીતે આત્મામાં જો મિથ્યાત્વશલ્ય હોય તો સતત સંસાર દુઃખની પરંપરા સર્જાતી રહે કેમ કે મિથ્યાત્વશલ્ય મીટે નહિ ત્યાં સુધી મુક્તિ અસંભવ છે. (૩) પગમાંથી શલ્ય દૂર થાય પછી ટૂંક સમયમાં જ પગમાં શાતાનો શાંતિનો અનુભવ થાય બરાબર તે જ રીતે આત્માથી મિથ્યાત્વશલ્ય દૂર થાય એટલે સિદ્ધિસુખનો અનુભવ થાય.

આપણે પ્રયત્ન કરીએ આત્મામાંથી મિથ્યાત્વશલ્ય દૂર કરવામાં સફળ નીવડીએ. તેના માટે સંવત્સરિના પુણ્યદિને સમગ્ર સૃષ્ટિના સર્વે જીવો સાથે અંતઃકરણપૂર્વક ક્ષમાપના કરીએ. તેમાં પણ જે જીવો સાથે સંઘર્ષ થયો હોય તેમની સાથે જ વિશેષરૂપે ક્ષમાપના કરીએ. પછી ભલેને તે સંઘર્ષમાં આપણો તસુભાર પણ વાંક ના હોય. ભલેને સામેના જીવને આપણી સાથે ક્ષમાપના કરવામાં કોઈ રસ ના હોય . તો પણ ક્ષમાપનાનો ભાવ રાખીએ તો જ સંવત્સરિ મહાપર્વની સાધના સાર્થક થાય.

દરેક ધર્મ એ ક્ષમાનો ઓછો કે વધારે પણ સ્વીકાર તો કર્યો જ છે પણ જૈનધર્મમાં તેની વિશેષતા ઘણી છે. તેમાં જે વ્યક્તિ પર ક્રોધ થયો છે તેની સમક્ષ જઈને ક્ષમા માગવાની છે. ક્યાંક ક્યાંક કોઈ ભૂલ થઈ હોય અથવા કોઈને દુભાવ્યા હોય તો મંદિરના એકાંતમાં એકલા પ્રભુ અથવા ગુરુ સમક્ષ ક્ષમા માગવામાં આવે છે. આનાથી એવું પણ બને કે જેની પર ક્રોધ થયો હોય અથવા મન દુભવ્યું હોય તેને આપણા પશ્ચાતાપ વિશે જાણ થતી નથી. જ્યારે જૈનધર્મમાં એ જ વ્યક્તિ પાસે ભૂલની ક્ષમા માગવાનું કહ્યું છે જેનાથી અહમ્ ઓગળે છે.

આ ક્ષમા માગવાથી વ્યક્તિના હૃદયમાં રહેલી વેરની ગાંઠ ખૂલે છે. ખરેખર તો ભૂલ થવાનું મૂળ તપાસવું જોઈએ કે શેના કારણે ક્રોધ અને વેર ઉદ્ભવે છે અને તેનું નિરાકરણ કરવું જોઈએ. જૈનધર્મમાં તીર્થંકરને પણ ક્ષમા-શ્રવણ કહેવાયા છે.

*"ખામેમિ સવ્વે જીવે*
*સવ્વે જીવા ખમતું મે*
*મિત્તી મે સવ્વ ભૂએસુ*
*વેરં મજ્ઝ ન કેણઈ."*

"હું દરેક જીવોને એમની ભૂલ બદલ માફી-ક્ષમા આપું છું, દરેક જીવો મને મારી ભૂલ માટે ક્ષમા આપો. સૃષ્ટિના સર્વ જીવો સાથે મારે મંગલમય મૈત્રી સંબંધ છે, એકપણ જીવ સાથે મારે વેરભાવ નથી."

પહેલી પંક્તિ "ખામેમિ ..."નો અર્થ છે, હું સર્વ જીવોને એમની મારા પ્રત્યેની ભૂલોની ક્ષમા-માફી આપું છું." આવું તે જ વ્યક્તિ કહી શકે છે અને કરી શકે છે જેનામાં ક્રોધનો ગુણ શમી ગયો છે. જેનામાં ક્રોધ હોય તે આવું ના કરી શકે. માટે પ્રથમ પંક્તિ ક્રોધ શમનની સૂચક છે.

બીજી પંક્તિ, "સવ્વે જીવા ...."નો અર્થ છે. "મારી ભૂલોની હું સર્વ જીવો પાસેથી માફી-ક્ષમાની યાચના કરું છું." આવું તે જ કહી શકે છે જેનામાંથી ગર્વ દૂર થયો હોય અને નમ્રતા વિકાસ પામી હોય. બાકી અભિમાની વ્યક્તિ ન તો ભૂલ કબૂલ કરે, ન તો તેની સમક્ષ ક્ષમા માગે. માટે આ પંક્તિ અભિમાન ઓગળવાની સૂચક છે.

ત્રીજી પંક્તિ "મિત્તી મે .... "નો અર્થ થાય છે. "મારે દરેક જીવો સાથે શુદ્ધ અને સાચો મૈત્રી સંબંધ છે." આવી ભાવના તે જ વ્યક્તિ કેળવી શકે કે જેને કોઈ જીવ સાથે દગો - પ્રપંચ - માયા - છેતરપિંડી ના રાખી હોય. માયા (કપટ) અને મૈત્રી વચ્ચે કોઈ મેળ નથી તેમ આ પંક્તિ સૂચવે છે.

ચોથી અને અંતિમ પંક્તિ, "વરં મજ્ઝ.... "નો અર્થ છે કે મારા અંતરના કોઈ ખૂણેથી કોઈપણ જીવ સાથે વેરનો લેશમાત્ર સંશય નથી." વેરના સંગ્રહ માત્રના નાશની આ વાત ઉપલક્ષણથી પદાર્થ માત્રના સંગ્રહના નાશની દ્યોતક છે.

શાસ્ત્રમાં દૈનિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક એમ ક્ષમાપનાના મુખ્ય ચાર પ્રકાર બતાવ્યા છે. જો ત્રણ પ્રકારે ક્ષમા કરવાનું મૂકી જવાય તો સાંવત્સરિક ક્ષમાપના દરેક વ્યક્તિએ અવશ્ય કરવી જોઈએ.

જૈનધર્મમાં ક્ષમા માત્ર માનવ સંબંધો પૂરતી મર્યાદિત નથી. પરંતુ સમસ્ત જગતને આવરી લે છે. વળી ક્ષમા માગનાર આરાધક છે. ક્ષમાપનાથી પાપમય વિચારો અને અશુદ્ધ આચારો નાશ પામે છે. કર્મની પાટી ચોખ્ખી થાય છે. આ રીતે આત્મશુદ્ધિ દ્વારા આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ સંવત્સરિ પર્વ નિમિત્તે વર્ષભરના જાણતાં-અજાણતાં થયેલા વેરવિરોધની પરસ્પર ક્ષમા માગીને તેને મિથ્યા કરીએ. ભવિષ્યમાં આવી ભૂલ ના થાય તેવી કાળજી રાખીએ. ક્ષમાપના પર્વનો આ જ સાર છે.

હકીકતમાં તો પહેલી ક્ષમા આપણે આપણા શુદ્ધ સ્વરૂપી આત્માની માગવાની છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે નાનકડી, ગોટલીમાં જેમ આંબાનું વિશાળ વૃક્ષ સમાયેલું છે તેમ આત્મામાં પરમાત્મા છુપાયેલો છે. પણ આપણે હજી આંબાના વૃક્ષ અથવા તો આમ્રમંજરી રૂપે મહોર્યા નથી. હજી ભૂમિમાં એ જ ગોટલી સ્વરૂપે કર્મ રસથી મલિન, કષાયોથી ઘેરાયેલા, દોષોથી ભરેલા ગોટલી જેવા જ પડ્યા છીએ. માટે આજે બીજાની પછી પણ પહેલાં આપણા આત્માની પણ માફી માગીએ કે મને ક્ષમા કરજે. કારણ કે હું સદૈવ તારામાં વસેલા દયા, શાંતિ અને પવિત્રતાની ઉપેક્ષા કરું છું. તારા ઉપર એક પછી એક કર્મના આવરણ ઓઢાડતો ગયો છું અને પરિણામે હે આત્મા ! તારા શુદ્ધ સ્વરૂપથી હું ઘણો દૂર ચાલ્યો ગયો છું. આમ પહેલી ક્ષમા પોતાના આત્માની માગવાની અને પહેલો નિશ્ચય તેની સમીપ જવાનો કરવાનો. એના માટે મન - વચન - કાયાથી સાચો પુરુષાર્થ જોઈએ. જ્ઞાન - દર્શન - ચારિત્રની કેળવણી જોઈએ તો જ પૂર્ણ શાંત સ્વરૂપની પ્રાપ્તિ થાય.

ક્ષમા આપોઆપ થવી જોઈએ. બીજાને ક્ષમા આપતી વખતે અહંકારનો કોઈ સ્પર્શ થવો ના જોઈએ. હકીકતમાં ક્ષમા એ સંવાદ છે. આ ક્ષમા ભલે સહજ ગણાતી હોય પણ આપવી ઘણી મુશ્કેલ છે. જીવનની ક્ષણે ક્ષણમાં ક્ષમા વણાઈ જાય એ જ સાચી ક્ષમા !

આમ પર્યુષણ પર્વનું હાર્દ સાંવત્સરિક ક્ષમાપના છે. જીવની એ ખાસિયત છે કે જો તે જાગૃત ના રહે તો ઘડીકમાં પ્રમાદી અને મલિન બની જાય. આત્મશુદ્ધિ તે સતત કરવાનું કાર્ય છે. પર્યુષણપર્વ એ માટેના પુરુષાર્થને પ્રેરે છે. પર્વનું જો આયોજન ના હોય તો ગમે તે માણસ ગમે તેટલું સારું કાર્ય કરે તો પણ એનો સામાજિક પ્રભાવ બહુ પડતો નથી. અનેક માણસો એક સાથે આવા કાર્યમાં જોડાય છે ત્યારે તેઓ પરસ્પર એકબીજાને પ્રેરક બને છે અને તેનો સામાજિક પ્રભાવ ઘણો મોટો પડે છે. ધર્મની આરાધના દાન,

શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારે કરવાની કહી છે. દરેક પોતાની શક્તિ અને રુચિ અનુસાર એક યા બીજા પ્રકારે તેમાં પ્રવૃત્ત થઈ શકે છે. તેથી જ પર્યુષણપર્વ એ ત્યાગ અને સંયમ, દાન અને દયા, પ્રાયશ્ચિત અને પ્રતિક્રમણ, મૈત્રી અને ક્ષમા, તપ અને સમતા, ભક્તિ અને ભાવના દ્વારા આત્માનો પ્રકાશ પ્રાપ્ત કરી મુક્તિના પંથે વિચરવાનું અમોઘ પર્વ છે - પર્વાધિરાજ છે.

# ગજસિંહ રાજાની કથા

પ્રથમ પર્યુષણપર્વ મહાત્મ્ય કોણે કહ્યું છે ? કોણે પૂછ્યું છે ? કોણે સાંભળ્યું છે ? તેના સંદર્ભમાં શ્રી મદ્દુપદેશ રત્નકોષ નામના ગ્રંથ અનુસાર પરમ તીર્થંકર શ્રી મહાવીરને શુદ્ધ ભાવ સહિત મન-વચન-કાયાથી નમસ્કાર કરીને ગુરુપરંપરાદિકથી સાંભળેલી પર્યુષણપર્વના અનુક્રમ અનુસાર પ્રથમ આ કથા આપે છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશના રાજા, બોતેર કળાના જાણકાર, શ્રેણિક રાજા રાજ કરે છે. તેમની સત્યશીલ, ગુણવાન અને જૈનધર્મને શોભાવનારી ચેલણા નામે રાણી છે. વનપાલક શ્રેણિક રાજા સમક્ષ આવીને અત્યંત આનંદથી જણાવે છે. "મહારાજ ! તમારા પુણ્યના ઉદયથી વૈભાર પર્વત ઉપર શ્રી વીર ભગવાન સમવસરણે બિરાજ્યા છે." શ્રેણિક રાજા સાંભળીને તે દિશામાં વંદન કરે છે અને પરિવારને લઈને નગરના લોકો સાથે શ્રી વીર ભગવાનને વંદન કરવા જાય છે.

પ્રભુને વંદન કરીને, શ્રી ગૌતમ ગણધરને નમન કરી યથાસ્થાને બેસે છે ત્યારે ભગવાન દેશના આપતા હતા. ભગવાન, જેનો અંત નથી એવી સંસારરૂપ અટવી વિશે દેશના આપે છે કે મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે, જે આપણે પામ્યા છીએ. એટલે ધર્મ વિશે ઉદ્યમ કરીએ અને સંસારરૂપી સમુદ્રમાં ધર્મરૂપી વહાણ ચલાવવા સમર્થ બનીએ. દેશના પછી શ્રેણિક રાજા ભગવાનને ધર્મની આરાધના કેવી રીતે કરવી તે વિશે પૂછે છે. ભગવાન ચતુર્વિધ સંઘ મળીને કરવાના કર્તવ્યો કહે છે તેને અહીં અગિયાર દ્વારા કહ્યા છે. ત્યાર પછી રાજા સર્વથી મોટા વાર્ષિક પર્યુષણપર્વનો મહિમા કેવો છે ? તેમ ભગવાનને પૂછે છે. ત્યારે ભગવાન કહે છે, "હે, પૃથ્વીનાથ ! પર્યુષણપર્વનો મહિમા કહેવા માટે હું પણ અસમર્થ છું. જેમ કોઈ મેઘની ધારાની

કલ્પના કરી શકે નહિ, આકાશના તારાની સંખ્યા કરી શકે નહી, ગંગાનદીના કાંઠાની રેતની સંખ્યા કરી શકે નહિ, માતાના સ્નેહની તથા ગુરુના હિતોપદેશની સંખ્યા કરી શકે નહિ તેવી રીતે પર્યુષણપર્વના મહાત્મ્યની સંખ્યા પણ કરી શકાય નહિ."

સર્વ પર્વોમાં અધિક મોટું પર્યુષણપર્વ છે. જેમ ગુણમાં વિનયગુણ, વ્રતમાં બ્રહ્મચર્યવ્રત, નિયમમાં સંતોષ, તત્વમાં સમક્તિ, મંત્રમાં પંચપરમેષ્ઠિ (નવકાર), તીર્થમાં શત્રુંજય તીર્થ, દાનમાં અભયદાન, રત્નમાં ચિંતામણી રત્ન, રાજામાં ચક્રવર્તી, કેવળીમાં તીર્થંકર શ્રેષ્ઠ છે તેમ સર્વ પર્વોમાં પર્યુષણપર્વ શ્રેષ્ઠ છે. એટલે જ આ પર્વની ઉત્તમ રીતે આરાધના કરવાનું કહેવામાં આવ્યું છે. જેમ ધર્મ વિના મનુષ્યનો જન્મ નિષ્ફળ તેમ વાર્ષિક પર્યુષણની આરાધના વગર શ્રાવકનો ધર્મ પણ નિષ્ફળ જાણવો તેમ કહ્યું છે.

શ્રેણિક રાજા પર્યુષણપર્વનું મહાત્મ્ય સાંભળ્યા બાદ પૂછે છે, "હે જિનેન્દ્ર, પહેલાં આ પર્યુષણપર્વ કોણે સમ્યક પ્રકારે આરાધ્યું છે ? તેના થકી કેવા ફળ પામ્યા છે ? ત્યારે ભગવાન ગજસિંહ રાજા વિશે એક કથા કહે છે. તે કથાનો સાર આ પ્રમાણે છે. ભગવાન કહે છે કે ગજસિંહે રાજાને શુભ મતિએ વિધિ સહિત પર્યુષણપર્વ આરાધવાથી અતિ મોટા ફળરૂપે રાજા તીર્થંકર પદવી પામ્યો છે."

આ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રના દક્ષિણભાગમાં જયસિંહ નામનો રાજા રાજ્ય કરે છે. આ ન્યાયી રાજાની લક્ષ્મી જેવી કમલા નામની પટ્ટરાણી છે. આ રાજાનો સુમતિ નામનો પ્રધાન સર્વગુણની સમૃદ્ધિ સહિત ઉત્કૃષ્ટ અરિહંત ધર્મ પાળે છે. તે મંત્રીશ્વર સ્વામીના કાર્ય પ્રત્યે નિષ્ઠાવાન છે. એક દિવસ રાણીએ રાત્રિની નિંદ્રામાં ઉજ્જવલ ઐરાવત હાથી તથા કેસરીસિંહ એ બે સ્વપ્નામાં પોતાના મુખમાં પ્રવેશતા દીઠા. તેણે જાગીને રાજાને સ્વપ્ન વિશે વાત કરી. ત્યારે રાજાએ કહ્યું તમારે રાજ્ય ધુરંધર ગુણવંત એવો પુત્ર થશે. રાણી ખૂબ હર્ષ પામે છે. અને નવ માસ પૂર્ણ થયા બાદ શુભ મુહૂર્તે પુત્ર રત્નને જન્મ આપે છે. રાજાએ પણ પુત્ર જન્મોત્સવ કરી સ્વપ્નના યથાર્થ ગુણ સ્વરૂપે ગજસિંહ કુમાર એવું નામ આપ્યું.

કુમાર આઠ વર્ષનો થયો એટલે પિતાએ અધ્યાપક ગુરુ પાસે ભણવા બેસાડ્યો. કુમાર પણ થોડાજ સમયમાં બોતેર કળામાં નિપુણ થયો અને ધર્મ, અર્થ, કામ એ ત્રણ વર્ગનો જાણકાર થયો. તે યૌવનાવસ્થામાં નિપુણતા પ્રાપ્ત કરીને કુમારપદ ભોગવતો હતો ત્યારે એક સુથારે વિદેશથી રાજાની સભામાં આવીને અનુપમ કાષ્ટમય મોર રાજાને ભેટમાં આપ્યા. રાજા ખૂબ આનંદ પામ્યો. પણ તે બોલી ઊઠ્યા, કે આ મોર જીવંત હોય તો કેટલું શ્રેષ્ઠ કહેવાય ! એ સાંભળી સુથારે કહ્યું કે : હે રાજન ! ધારાપુર નગરમાં એક બ્રાહ્મણ છે તે સંજીવની અને ગગનગામિની એવી બે વિદ્યામાં સિદ્ધ થયેલો છે. તે સાંભળી રાજાએ દૂત મોકલીને તે બ્રાહ્મણને તેડાવ્યો. દૂત સાથે તે બ્રાહ્મણ આવ્યો. રાજાએ તેનું બહુમાન કર્યું. રાજાના કહેવાથી બ્રાહ્મણે એક યંત્ર લખી (તામ્રપત્ર પર લેખેલો મંત્ર) મોરના કંઠે બાંધ્યો. તેનાથી મોર સજીવન થઈ આકાશમાં સર્વની સાથે યુદ્ધ કરવા માંડ્યો. કંઠ પરથી યંત્ર છોડી નાખીએ એટલે મોર પાછો કાષ્ટનો નિર્જીવ મોર બની જાય તેમ કહ્યું. રાજાએ તે મોર કુમારને રમવા આપી દીધો.

કુમાર પણ મોર ઉપર બેસીને વનમાં વિવિધ પ્રકારની ક્રીડા કરતો સુખેથી રહે છે. એક દિવસ રાત્રે જ્યારે કુમાર નિદ્રામાં હતો ત્યારે એક સ્ત્રી મધ્યરાત્રિએ રૂદન કરતી હતી. તે સાંભળીને કુમાર જાગી જાય છે અને વિચારે છે આ સ્ત્રીનું દુઃખ મારે ભાગવું જોઈએ. એમ વિચારીને કુમાર નગરની બહાર સ્મશાનમાં જ્યાં પેલી સ્ત્રી વિલાપ કરતી હતી ત્યાં ગયો અને સ્ત્રીને પૂછ્યું કે તમે શા માટે રડો છો તે મને કહો તો હું તમારું દુઃખ દૂર કરું. તે સાંભળીને પેલી સ્ત્રી બોલી, "મારો પતિ શૂળી ઉપર છે. તે ઘણો ભૂખ્યો છે પણ શૂળી ઘણી ઊંચી છે એટલે તેને ખવડાવવા હું અસમર્થ છું માટે રડું છું. કુમારે કહ્યું કે "હે ભદ્રે ! મારા સ્કંધ ઉપર ચઢીને તારા પતિને ભોજન કરાવ." આ સાંભળી સ્ત્રી કુમારના સ્કંધ પર બેઠી અને શૂળી પર રહેલા શબનું ભક્ષણ કરવા માંડી. પાછી મુખેથી કલકલ અને બચબચ શબ્દોના ઉચ્ચાર કરતી હતી

એટલે કુમારેને ખ્યાલ આવી ગયો કે આ તો વ્યંતરી છે. એટલે તેણે હાથપગ પકડીને જમીન પર પછાડી અને તેનું નાક કાપી નાખ્યું. વ્યંતરી ત્યાંથી તો તરત નાઠી પણ તેને કુમાર પર ઘણો ક્રોધ આવ્યો અને વિચાર્યું કે જેણે મારું નાક કાપ્યું તેને હું પણ દુઃખ આપું.

આમ મનમાં ધારીને વ્યંતરી કુમારનું રૂપ ધરી નગરમાં જઈ રાજાના દરબારમાં પેઠી. પછી અંતઃપુરમાં જઈ રાણી સાથે કામક્રીડા કરવા માંડી. રાત પતી અને રાજા જાગ્યો. તેણે કુમારને રાણી સાથે વિષયક્રીડા કરતો જોયો. રાજાએ અત્યંત ક્રોધમાં આવીને તેને મારવા માટે ખડગ લીધું. એ જોઈને વ્યંતરી એજ રૂપે ત્યાંથી નાસી ગઈ. રાજાને ખ્યાલ આવ્યો નહિ કે આ વ્યંતરી છે. એટલે રાજાએ મંત્રીધરને તેડાવીને કુમારનું વૃતાંત કહીને તેને મારી નાખવાનો હુકમ કર્યો. મંત્રીધરે રાજાને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ રાજા માન્યો નહિ એટલે આજ્ઞા માથે ચડાવી.

કુમાર પણ સવાર થતાં સ્મશાનથી ચાલ્યો આવે છે. તેને વ્યંતરીએ કરેલા કપટની જાણ નથી. રસ્તામાં મંત્રીશ્વર સામો મળે છે અને કહે છે કે "રાજાએ તમારી હત્યા કરવાની આજ્ઞા આપી છે. પણ કેમ તે હું જાણતો નથી." કુમાર કહે છે કે તો પછી વિલંબ શાને ? વહેલામાં વહેલી તકે તેનો અમલ કરો. મંત્રીશ્વર સમયની કટોકટી સમજી કુમારને દેશાંતર જવા માટે સમજાવે છે. કુમાર મંત્રીશ્વરની આજ્ઞા માનીને કાષ્ટના મયૂર પર આરૂઢ આકાશપંથે નીકળી પડ્યો. કોઈક વનમાં સિદ્ધપુરુષ રહેતા હતા ત્યાં આકાશમાંથી નીચે ઉતર્યો. કુમારે સિદ્ધપુરુષને નમસ્કાર કર્યા અને પૂછ્યું. "તમે જ રસસિદ્ધિ કરો છો ?" સિદ્ધપુરુષે હા પાડીને કહ્યું. તેમની પાસે ગુરુદત્ત રસસિદ્ધિ વિદ્યમાન છે. પણ ગુરુએ આપેલ રસસિદ્ધિ કરવા ઇચ્છું છું તો પણ થતી નથી. ત્યારે કુમારે કહ્યું કે, "હે સિદ્ધપુરુષ તમે તમારી દૃષ્ટિએ રસસિદ્ધિ કરો." સિદ્ધપુરુષે તેમ કર્યું એટલે તરત જ કુમારના પ્રભાવ થકી રસસિદ્ધિ થઈ. એટલે ખુશ

થઈને તે સિદ્ધપુરુષે કુમારને સુવર્ણ આપવા માંડ્યું. કુમારે ના પાડી કે તેને સુવર્ણની ઇચ્છા નથી. એટલે સિદ્ધપુરુષે બે વિદ્યા આપી. તેમાં એક વિદ્યા થકી જલનો વિસ્તાર પમાય અને બીજી વિદ્યા થકી કોઈપણ શસ્ત્ર અંગે લાગે નહિ. આ બે વિદ્યાનું ગ્રહણ કરીને કુમાર આકાશમાર્ગે ચાલ્યો.

આગળ ચાલતાં ચાલતાં તેણે એક સુંદર શૂન્યનગર જોયું. કુતૂહલથી કુમાર આકાશમાંથી નીચે ઊતર્યો. ત્યાં ઊતરીને તેણે રાજભવનમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે ચાર દેવાંગના જેવા રૂપ અને ગુણવાળી કન્યાઓ જોઈ. તેણે આશ્ચર્યપૂર્વક આ કન્યાઓને પૂછ્યું, "તમે કેમ શૂન્યનગરમાં રહો છો ? આ નગર કોનું છે ?" કન્યાઓએ જવાબ આપ્યો કે આ આનંદપુર નામે પાટણ છે, તેનો નરસિંહ નામે રાજા છે. તેના એક દેવરથ બીજો દાનવ એવા બે પુત્રો છે અને ચાર પુત્રીઓ નામે દેવસુંદરી, સુરસુંદરી, રત્નસુંદરી અને રત્નવતી છે.

આ રીતે રાજ્ય સુખેથી ચાલતું હતું. એકવાર રાજા ઉપવનમાં ગયા હતા ત્યાં તેમણે એક તાપસ જોયો. રાજાએ તાપસને ઘેર ભોજન માટે આમંત્રણ આપ્યું. તે આવીને ભોજન કરતો હતો ત્યારે ચારે કુંવરીઓ તેને જોવા આવી. આ ચાર કુંવરીઓ જોઈને તાપસની નજર બગડી. રાજાએ જોયું કે તેની નજર લોલુપ થઈ છે એટલે સેવકોને બોલાવીને તેને બહાર કઢાવ્યો. તો પણ દુષ્ટ મનથી તે તાપસ રાત્રિએ પાછો આવ્યો. રાજાએ ખડ્ગ લઈને તેને હણી નાખ્યો. તે તાપસ તપના પ્રભાવથી સ્મશાનમાં રાક્ષસ થયો. અને પૂર્વનું વેર યાદ કરીને અહીં આવીને ઘણો ઉત્પાત મચાવ્યો છે. વળી ઓછું હોય તેમ રાજાને હણીને પોતે રાજભવનમાં રહે છે. એનાથી ત્રસ્ત લોકો પોતાના ઘરો અને સમૃદ્ધિ છોડીને નગરમાંથી નાસી ગયા છે. ફક્ત અમને ચાર બહેનોને તેણે અંતઃપુરમાં રાખી છે.

આ વાત કરીને કન્યાઓ પૂછે છે, "હે કુમાર, રાક્ષસ હમણાં બહાર ભક્ષ્યને અર્થે ગયેલો છે, તેનો આવવાનો સમય થયો છે છતાં અમે તમારું રક્ષણ માગીએ છીએ. અમે તમને અમારા આ ભવના સ્વામી માનીએ છીએ પણ રાક્ષસના ભયથી તમને અહીં રહેવાનું અમે કેવી રીતે કહી શકીએ ?"

કુમાર કહે છે, "હે કન્યાઓ મને રાક્ષસનો ભય નથી કારણ કે મારી પાસે સિદ્ધ વિદ્યા છે. એટલે ઘરમાં હું ગુપ્તપણે રહીશ જ્યારે રાક્ષસ આવે ત્યારે તમે એને સ્નાન કરાવતા હો તેવો પ્રપંચ કરીને તેને આંખો તથા અંગના લટકાં કરીને લોભાવજો. ત્યારે હું રાક્ષસને પકડીશ." થોડીવારમાં રાક્ષસ આવે છે. કન્યાઓ હસતી હસતી રાક્ષસને સ્નાનઅર્થે બેસાડે છે અને તક જોઈને કુમાર પાછળથી આવીને તેને બાંધીને તેની ઉપર ચડી બેસે છે. રાક્ષસ વિનવણી કરે છે કે "હે ધીર પુરુષ મને છોડી દે. તારું સાહસ અને ધૈર્યને જોઈને હું સંતુષ્ટ થયો છું. માટે જે વરદાન માંગે તે આપું." કુમારે કહ્યું કે જો તે નગર છોડીને વનમાં રહેવા જાય તો તેને છોડી દે, નહિતર નહિ છોડે.

રાક્ષસ સાંભળીને વનમાં નાસી જાય છે. પછી કુમારે ચારે કન્યાઓનું પાણિગ્રહણ કર્યું અને દેવસ્થ અને દાનવ એ બે સાળાઓને પોતાના નગરમાં તેડાવી મોટાને સિંહાસને બેસાડ્યો અને નગરના લોકોને પણ તેડાવીને ત્યાં પહેલાંની જેમ જ સ્થાયી કર્યા. પછી થોડા દિવસ રહીને રાજા દેવરથની રજા લઈ, ચાર સ્ત્રીઓ તથા પોતે ઘોડા પર બેસીને આનંદપુર તરફ ચાલ્યા. રસ્તામાં બાર યોજનની અટવી (વન) આવી. તેમાં પ્રવેશ કરીને ચાલતા ચાલતા સંધ્યાકાળ થયો એટલે એક વૃક્ષની નીચે આરામ કરવા રહ્યા. ચાર સ્ત્રીઓ સૂઈ ગઈ અને કુમાર હાથમાં ખડ્ગ લઈને જાગતો રહ્યો. તે સમયે બે વિદ્યાધરી વિમાનમાં બેસી આકાશમાર્ગે જતી હતી. તેમણે કુમારને જોયો અને તેના પર મોહ પામી. એટલે કુમારને પ્રપંચથી નિંદ્રામાં સુવાડી વૈતાઢ્ય પર્વત પર અપહરણ કરીને લઈ ગઈ. આ બાજુ અટવીમાં ચારે સ્ત્રીઓ જાગી અને પોતાના સ્વામીને જોયો નહિ. વનમાં ઘણે ઠેકાણે કુમારને શોધ્યો. પણ ક્યાંય તે દેખાયો નહિ. પછી ચારે સ્ત્રીઓ હૈયે ધરપત રાખી ઘોડા ઉપર ચઢી. કુમારનો ઘોડો સાથે લઈ અટવીની બહાર નીકળી દશરથપુર નગરે ગઈ. તે નગરમાં ધર્મ અને નીતિ વગરનો અન્યાયી સંજ્ઞક નામનો રાજા રાજ્ય કરે છે. તે પાપબુદ્ધિ અને પરસ્ત્રી પ્રત્યે આસક્ત છે. તે ગોખમાં બેઠો બેઠો નગરમાં જુએ છે, ત્યાં ચૌટામાં ચાર સ્ત્રીઓને ઘોડા સહિત જોઈને મોહ પામે છે. એટલે આ દુષ્ટ રાજા સેવકોને મોકલી ચારે સ્ત્રીઓને તેડાવી અંતઃપુરમાં નાખે છે.

રાજાને આ કૃત્ય માટે મંત્રીશ્વર તથા શ્રેષ્ઠ પુરુષો અને ઉત્તમ નગરજનો ઘણા પ્રકારે વારે છે. પણ અત્યંત કામવશ અવસ્થામાં તે કોઈનું સાંભળતો નથી. ચારેય સ્રીઓ પોતાના શીયળના રક્ષણ માટે પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરીને શાસનદેવીનું સ્મરણ કરતી હતી. તેમના પુણ્યના પ્રભાવથી શાસનદેવી પ્રત્યક્ષ થઈ ચારે સ્રીઓને કહે છે. "હે પુત્રીઓ, તમે વિષાદ ના કરો. તમારો સ્વામી ક્ષેમકુશળ છે પણ વિદ્યાધરીઓએ તેનું અપહરણ કર્યું છે. આજથી ત્રીસમા દિવસે પ્રબળ સૈન્ય અને રાજલક્ષ્મી યુક્ત તમારી સંભાળ લેવા આવશે." આમ કહી ચારે સ્રીઓના ગળામાં પ્રભાવિક હાર નાખી શાસનદેવી પોતાના સ્થાનકે ગઈ.

ચારે સ્રીઓ પોતાનો પતિ પાછો આવશે એમ જાણી હર્ષ પામી અને હારને કંઠમાં પહેરી શીયળની રક્ષા કાજે ધર્મધ્યાનમાં રહેતી હતી. એવા અન્યાયી રાજા ત્યાં આવે છે. એને કામક્રીડાના વચનો બોલતો બોલતો જેવો સ્રીઓ પાસે આવે છે તેવો હારના પ્રભાવથી અંધ બની જાય છે. ફરી પાછો ક્ષણિકવાર પછી આવે છે પાછો અંધ બને છે. આમ ત્રણવાર પ્રયત્ન કરે છે પણ નિષ્ફળ જાય છે. પછી નિરાંશ થઈને અટકી જાય છે. આ બાજુ ગજસિંહ કુમારને જે વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરીઓ લઈ ગઈ હતી તેણે કુમારને પોતાના ભવનમાં સંતાડીને રાખ્યો હતો. પછી સોળ શણગાર સજીને પોતે આપેલી અવસ્વાભિની નિંદ્રા પાછી લઈ કુમારને જાતજાતની ચેષ્ટાઓ કરીને જગાડે છે.

કુમાર જાગીને આ સ્રીઓની ચેષ્ટા જોઈને મનમાં વિચારે છે, "શા કારણે અટવીમાંથી મારું અપહરણ કર્યું હશે ?" વળી આ કોનું નગર હશે ? કોની આ સ્રીઓ હશે ? આ સ્રીઓ આગળ મારું શીલ કેવી રીતે રહેશે ? પરંતુ મારું બ્રહ્મવ્રત નિશ્ચલ રહો" એમ ધારીને કુમાર મૌન રહે છે. વિદ્યાધરીઓ તો કામચરિત્રમાં નિપૂણ છે કુમારને આલિંગન આપીને કહે છે કે, "હે કુમાર ! અમે બેઉ તમારી સ્રીઓ છીએ તમારા દર્શન કરીને અમારો કામ સમુદ્ર ઉછળ્યો છે માટે અમારી કામલીલાની ઇચ્છા પૂર્ણ કરો. પણ જેનું

ચિત્ત નિર્વિષય છે તેવા કુમાર કંઈ જ બોલતા નથી. તેવામાં આ બે સ્ત્રીઓનો સ્વામી વિદ્યાધર આવે છે. વિદ્યાધરીઓને બોલતી સાંભળી બહાર ગુપ્ત રીતે બેસી રહ્યો. પોતાની સ્ત્રીઓને કામલોલુપ જોઈને મનમાં વિચારે છે." ઓહો, આ કોઈ ઉત્તમ ધૈર્યવંત પુરુષ છે. ધન્ય છે આ પુરુષને કે બે સ્ત્રીઓ સાથે છે છતાં પોતાના વ્રતની રક્ષા કરે છે અને અધન્ય છે આ બે કામલોલુપ સ્ત્રીઓ. આ સ્ત્રીઓ હવે શું કરે છે તે તો જોઉં તેમ વિચારીને શાંત બેસી રહ્યો. સ્ત્રીઓએ કુમારને ખૂબ લલચાવ્યો પણ કુમાર ચળ્યો નહિ. આમ ઘણીવાર થઈ ગઈ એટલે સ્ત્રીંઓ કડવા વચન બોલવા પર આવી ગઈ. તેમણે કહ્યું, "હે પુરુષ ! અમે અનેક પ્રકારે વિનંતી કરી છતાં તમે માન્યા નહિ તો હવે તમારો પ્રાણ પીડા પામશે." છતાં પણ કુમારે કહ્યું, "હે માતાઓ ! હું પુરુષાર્થ રહિત છું, દગ્ધબીજ છું માટે સ્ત્રીસેવા ના કરી શકું." આ સાંભળીને સ્ત્રીઓએ કુમારને કષ્ટમાં પાડવાનો વિચાર કર્યો અને બૂમાબૂમ કરી મૂકી કે હે લોકજનો, અમારા ઘરમાં ચોર પેઠો છે તેને પકડો. આ સાંભળીને રક્ષક, કોટવાળ અને પોતાના સેવકો સહિત વિદ્યાધરના ઘરમાં પ્રવેશ કરી કુમારને મજબૂત દોરડાથી બાંધીને વધ કરવાના સ્થાને લઈ જાય છે.

પોતાની સ્ત્રીઓનું ચરિત્ર જેણે જોયું તે વિદ્યાધરે કુમારને નિર્વિષયી ઓળખી સેવકોને પાછા બોલાવવા મોકલ્યા. સેવકો અને કોટવાલ કુમારને લઈને આવ્યા એટલે વિદ્યાધરે બધાને કહ્યું કુમાર સત્ પુરુષ છે, મહાન છે. એમ કહીને કુમારને પોતાની પાસે બેસાડ્યો. નગરના લોકો કુમારની સ્તુતિ કરીને પોતપોતાને ઘેર ગયા. વૈતાઢ્યગિરિનો સ્વામી શ્રીધર વિદ્યાધરોનો ઈન્દ્ર છે. તેણે સર્વ વૃતાંત સેવક પાસેથી સાંભળ્યો. તેણે કુમારને બોલાવ્યો અને સ્ત્રીઓના ચારિત્ર અંગે પૂછવા માંડ્યું. કુમારે જવાબ આપ્યો, "હે ખેચરેન્દ્ર ! કરેલા કર્મ ભોગવ્યા વિના ક્ષય નથી થતો. કર્મની ગતિ વિષમ છે, મોહવિલસિત જે કર્મ, તે કર્મના દોષ થકી મહાન પુરુષ પણ મૂંઝાય છે. તેથી તે પુરુષ પણ અનાર્ય કાર્ય કરતાં વિચારતા નથી તો અન્ય વિશે તો શું કહેવું ? તે માટે સર્વ મારાં કર્મનું રચેલું જાણવું પણ અહીં બીજા કોઈનો દોષ નથી."

આવા અમૃત વચનોથી હર્ષ પામીને ઈન્દ્રે કહ્યું, "હે કુમાર ધન્ય છે ! મેં કરેલા પૂર્વ ભવમાં પુણ્યના યોગથી અહીં આવ્યા છો તો મારી પ્રાર્થના સફળ કરો. મારી મદનવતી અને મદનમંજરી એ બે પુત્રીઓ સાથે પાણિગ્રહણ કરો." આ સાંભળી કુમાર કહે છે કે અજાણ્યાને ન દેવાય તેવી શાસ્ત્રની નીતિ છે તો પછી શા માટે મારો આગ્રહ રાખો છો ? છતાં પણ ઈન્દ્રએ કુમારનું સત પારખી પોતાની બે પુત્રીઓ પરણાવી.

પુત્રીઓ પરણાવ્યા પછી ખેચરેન્દ્રે કુમારને પોતાના વૈભવી રાજમહેલમાં રહેવાનું કહ્યું. કુમારે જવાબ આપ્યો કે, "મારી પરણેલી ચાર સ્ત્રીઓ અટવીમાં મૂકી છે, તેમને શોધવા મારે જવું પડશે ત્યાં સુધી તમારી પુત્રીઓને અહીં રાખો. હું તે ચાર સ્ત્રીઓની ખબર લઈ ત્રણ મહિના અને સાત દિવસ પછી અહીં આવીશ." ખેચરેન્દ્રએ તેને અદશ્યાંજની અને ગગનગામિની એ વિદ્યાઓ આપીને જવાની રજા આપી. કુમાર આકાશપંથે ત્યાંથી ચાલી નીકળ્યો. પહેલાં વનમાં આવીને દિવસના ચાર પ્રહર સુધી તે ચાર સ્ત્રીઓને જોઈ, પણ તેને મળી નહિ. રાત્રે વનમાં ભમતો હતો ત્યારે એક સ્ત્રીને આક્રંદ કરતી અને મોટે મોટેથી અર્હુત્ અર્હુત્ એવું નામ બોલતી સાંભળી. તેના અવાજની દિશામાં કુમાર ખડગ લઈને સાવધાનીપૂર્વક ચાલવા માંડ્યો. આગળ જતાં અટવીમાં હાથીના મુખમાં કન્યારત્નને જોયું. પરોપકારીબુદ્ધિ વાપરી ખડગથી હાથીને હણીને કન્યાને છોડાવીને પૂછ્યું કે તે કેવી રીતે હાથીના મુખમાં આવી પડી ?

કન્યાએ પોતાની કથા કહેવા માંડી. શ્રીપુર નગરમાં શ્રીચંદ નામે રાજા છે તેની શીલવતી નામે રાણી છે. તેમની મદનમંજરી નામની પુત્રી છે. એક સમયે તે મદનમંજરીની માતા પૂર્વ કર્મના યોગથી મરણ પામી. એટલે મદનમંજરી અપરમાતાને વશ પડી. અપરમાતા નિત્ય દ્વેષ રાખી રાજા સમક્ષ પુત્રીની નિંદા કર્યા કરતી હતી. મદનમંજરી પણ દુઃખથી જ સમય પસાર કરતી હતી. એકવાર અપરમાતાએ ખોટું આળ ચડાવ્યું. તે સાંભળી કુંવરી ખૂબ દુઃખી થઈ અને મરણને શરણ થવા માટે વનમાં ગઈ. વનમાં આવેલા સરોવરમાં મૃત્યુ પામવા ભૂસકો માર્યો ત્યારે જ ત્યાં એક હાથી પાણી પીવા આવ્યો તેણે

બાલિકાને પડતાં પોતાની સૂંઢમાં લઈ લીધી અને તેણે બીજો હાથી આવતો જોયો એટલે ત્યાંથી કન્યાને સૂંઢમાં ભરાવીને જ નાસી ગયો. તે કન્યા મદનમંજરી હું છું. તમે મને હાથીના મુખમાંથી બચાવી એટલે મારા પતિ પણ તમે જ છે. બીજા પુરુષો મારા માટે બાંધવ સમાન છે. શ્રીજિનધર્મસપી કલ્પતરૂ મને ફળ્યું એટલે તમારો મેળાપ થયો. આ ભવમાં મારે એક જ તમારું શરણું હોજો. આમ સાંભળીને કુમારે પાણિગ્રહણ કર્યું અને મદનમંજરી સાથે ત્યાં વનમાં જ રહ્યો.

શ્રીપુરનગરના રાજાને અપરમાતા કહેવા માંડી કે તમારી પુત્રી કોઈ અજાણ્યા પુરુષને ગ્રહણ કરી નાસી ગઈ છે. આ વાત સાચી માની રાજા ક્રોધે ભરાયો. કુંવરીને શોધવા સેના સહિત તે પોતે જ વનમાં આવ્યો. સવારે વનમાં ફરતાં ફરતાં કુમાર અને કુંવરીને સાથે જોઈને રાજા કુમારને હણવા-મારવા દોડ્યો. કુમાર પણ ખડ્ગ લઈને રાજાની સન્મુખ આવ્યો. રાજા કુમાર સાથે યુદ્ધ ઈચ્છતો હતો એટલે સૈન્યને હાકલ કરી અને યુદ્ધ ચાલુ થયું. ખડ્ગે ખડ્ગે અને મુષ્ટિએ મુષ્ટિ એમ વિદ્યાજડીના પ્રભાવથી કુમારે રાજાના સૈન્યને જીતી લીધું. સૈનિકો દોડવા માંડ્યા. કુમારની પ્રબળ ભુજાઓનું પરાક્રમ જોઈ શ્રીચંદ્રરાજા જાણી ગયો કે કુમાર ઉત્તમ કુળનો છે. પણ પછી રાજાએ તે જમાઈ કેવી રીતે થયો તે પૂછ્યું. કુમારે તે તેમની (રાજાની) કુંવરીના મોઢે જ સાંભળવાનું કહ્યું. કુંવરીએ અપરમાતાની ફરિયાદ વગર આખી વાત કહી. રાજા ખુશ થયો અને સૈન્ય ભેગું કરી કુમારને સાથે લઈ પોતાના નગર ભણી ચાલ્યો.

એવામાં વરસાદ થયો. પાણીની ધારાઓ પડવાથી પર્વત પાસેની નદીમાં પૂર આવ્યું છે. તે કાંઠે રાજા સૈન્ય સાથે આવ્યો ત્યારે નદી પૂરના પ્રવાહમાં રથને વળગેલી, મદદ માટે બે કન્યાઓ બૂમો પાડતી હતી. "હે ધીર ! વીર ! અમારા બેઉનો ઉદ્ધાર કરો ! ઉદ્ધાર કરો ! કન્યાઓ તણાતી જોઈને સૈનિકો હાહાકાર કરવા લાગ્યા. તેવામાં કન્યાઓ ઉપર કુમારની દષ્ટિ પડી. પરોપકારી બુદ્ધિથી કુમાર નદીના પૂરમાં પડી, જડીના પ્રભાવથી સ્રીયુગલને પાણીમાંથી બચાવી કાંઠા પર લાવી દીધા. આ રાજાએ જોયું અને વિચાર્યું કે ચોક્કસ આ કોઈ મોટો પુરુષ છે."

શ્રી ચંદ્રરાજાએ બે કન્યાઓને પ્રશ્ન પૂછ્યો, "હે પુત્રીઓ ! તમે કેમ પાણીના પૂરમાં પડી ?" જવાબમાં કન્યાઓ કહેવા માંડી. દશરથપુરમાં શિવદાસ નામના વ્યવહારીની તે બે પુત્રીઓ હતી. તે પુરમાં પાપબુદ્ધિ નામે રાજા રાજ્ય કરે છે. તેણે કોઈક પરદેશી ચાર સ્ત્રીઓ અને પાંચ ઘોડા નગરમાં પ્રવેશતા જોયા અને સ્ત્રીઓને પોતાના અંતઃપુરમાં રાખી નગરના લોકો, રાજ્યના મંત્રીશ્વર વગેરેએ રાજાને ઘણું સમજાવ્યો કે તે આવું કાર્ય ના કરે પણ રાજાએ કોઈનું માન્યું નહિ. તેના પાપથી નગરમાં ઉપદ્રવ થશે એમ વિચારીને લોકો ધીમે ધીમે પોતાની દ્રવ્ય પ્રમુખ વસ્તુઓ લઈને અન્ય જગ્યાએ રહેવા માંડ્યા.

અમારા પિતાએ અમને બે જણને અમારા ભાઈ સહિત અન્ય ગામે જવા માટે રથમાં બેસાડીને મોકલી. પંથમાં ચાલતાં અહીં સુધી આવ્યા અને નદીના કાંઠે રથ સાથે બે બહેનોને મૂકી તેમનો ભાઈ ગામમાં ગયો. પછી મેઘવૃષ્ટિ થઈ અને બે બહેનો રથ સાથે તણાવા માંડી. તે કુમાર જેવા ઉત્તમ પુરુષે બચાવી એટલે અમે બે બહેનો આ ભવમાં તો તમે અમારા ભરથાર થાવ એમ ઇચ્છીએ છીએ. થોડીવારમાં પૂર ઊતર્યું. રાજા સૈન્ય સહિત નદીમાંથી ઉતરી શ્રીપુરનગરમાં આવ્યા. ત્યાં બે કન્યાઓનો ભાઈ પણ મળી ગયો. બે કન્યાઓએ ભાઈને કુમારના ઉપકારની વાત કરી તે સાંભળી તેણે તેની સુરસુંદરી તથા જયસુંદરી નામની પોતાની બે બહેનોનું પાણિગ્રહણ કરાવ્યું.

પછી કુમારે રાજા આગળ ચાર સ્ત્રીઓનું વૃતાંત્ત કહીને દશરથપુર સૈન્ય મોકલવાની આજ્ઞા માગી અને આનંદપુર પોતાના સાળાને તેડવા દૂત મોકલ્યો. તે પણ પોતાની બહેનો માટે સૈન્ય લઈને આવ્યો અને પોતાના સસરા શ્રીચંદરાજાનું સૈન્ય મળી ચાર અક્ષોહિણી સેના મેળવીને સમુદ્રના કલ્લોલની જેમ ભૂમિ કંપાવતો ગજસિંહકુમાર ચાલતો હતો. દિવસો વિત્યા પછી દશરથપુર પહોંચ્યો અને ગઢને ચારે બાજુ ઘેરી લીધો. પાપબુદ્ધિરાજા પણ ચતુરંગિણી સેના લઈને કુમારના સૈન્ય સાથે બાથ ભરતો હતો. સૈન્યમાં અંદર અંદર યુદ્ધ થયું. છેવટે રાજાની સેના ભાગી ગઈ. કુમારના સુભટે પાપબુદ્ધિ

રાજાને જીવતો બાંધી કુમાર પાસે લાવીને મૂક્યો. કુમાર કહે છે, "હે પાપબુદ્ધિ રાજા ! તેં બહુ મોટો અન્યાય કર્યો છે. એટલે તેં આ ભવમાં તો રાજ્ય ગુમાવ્યું પણ પરભવમાં પણ નરકમાં દુઃખ પામીશ." આમ કહીને તેણે રાજાને છોડી દીધો. રાજા શિયાળની જેમ ભાગી ગયો. નગરના લોકોએ કુમારને વધાવ્યો અને દશરથપુરમાં પ્રવેશ કરાવ્યો.

પોતાની ચાર સ્ત્રીઓએ આવીને નમસ્કાર કર્યા. શીલરક્ષણ માટે શાસનદેવીએ આપેલા હારનો પ્રભાવ કહ્યો. પછી કુમારે પ્રજાને પણ સુખી કરી. હવે પૂર્વના પુણ્યના પ્રભાવથી મળેલા રાજ્ય અને પોતાની સાત સ્ત્રીઓ સાથે આનંદથી રહેવા માંડ્યો અને સાળા તથા સસરાને રજા આપી. તે લોકો પોતાના સ્થાનકે ગયા.

થોડો સમય રાજ કર્યા પછી એક મહિના માટે મંત્રીશ્વરને રાજ સોંપી આકાશમાર્ગે વૈતાઢ્ય પર્વત પર જવા માટે પ્રયાણ કર્યું. રસ્તામાં એક વન આવ્યું. તેમાં સુંદર મંદિર જોયું એટલે કુમાર નીચે ઊતર્યો. મંદિરમાં પ્રવેશ કર્યો અને યક્ષની મૂર્તિ જોઈ. યક્ષની મૂર્તિને વંદન કરીને સ્તવના કરતો હતો ત્યાં ચાર ધૂર્ત પુરુષો હતા તેમણે મીઠાં વચનોથી કુમારને આવકાર્યો અને બેસવા માટે આસન આપ્યું. યક્ષના મંદિરમાં ચાર પુરુષોએ તેનો આટલો આદર કર્યો એટલે અહીં કંઈક ભેદ લાગે છે. આમ વિચારીને કુમારે પૂછ્યું, "તમે લોકો કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? અને અહીં કેમ ભેગા થયા છો ?" ધુતારાઓએ જવાબ આપ્યો. "અમે પરદેશી છીએ, કૌતુક જોવા પૃથ્વીતલ ઉપર આવ્યા અને ફરતાં ફરતાં આ દેરાસરમાં એક આશ્ચર્ય જોયું. આ વનમાં એક પર્વતની ગુફામાં એક વિદ્યાધર રહે છે. તેને ચાર પુત્રીઓ છે. આ ચારેય પુત્રીઓ યક્ષ પાસે આવી અને પ્રાર્થના કરવા લાગી ત્યારે યક્ષ પ્રગટ થયા અને કહ્યું, "હે પુત્રીઓ ! એક મહિના પછી હું અહીં તમારા ભરથારને લાવીશ. તે જોવા માટે અમે અહીં રહ્યા છીએ. એક મહિનો આજે પૂરો થયો છે પણ યક્ષે કહ્યો હતો તે વર હજી આવ્યો નથી. તે કન્યાઓ હમણાં જ ગુફામાં ગઈ અને હવે અગ્નિ પ્રવેશ કરશે. માટે હે ઉત્તમ નર ! તમે પણ ત્યાં જાઓ

અને જો કન્યાઓ જીવતી રહે તો યક્ષનું વચન સત્ય સાબિત થાય.'' ધુતારાઓનું વચન સાંભળી કુમાર ઉપકારબુદ્ધિથી તેમની સાથે ચાર કન્યાઓની મદદ કરવા ચાલ્યો. પર્વતની ગુફાના દ્વાર પાસે આવીને જોયું તો ચાર કન્યાઓ માથું ધુણાવતી જોઈ. તેને તરત વિચાર આવ્યો કે આનો ફડક પરની રચના લાગે છે. આ અગ્નિનો કુંભ શા માટે સળગાવ્યો હશે ? વળી બલિબાહુલ કેમ ભેગા કર્યા હશે ? વળી એક મૃત પુરુષનું શબ પણ પડ્યું છે. ખીર- પુડલા વગેરે નૈવેદ્ય પણ છે. આ સર્વનું કારણ શું હશે ? કુમાર વિચાર કરે છે ત્યાં જ એક યોગી ઊઠીને કુમાર પાસે આવ્યો અને કહેવા લાગ્યો આજે મારો દિવસ સફળ થયો. હે કુમાર આ ચાર કન્યાઓને તમારી સાથે પરણવું છે એટલે તેમનું પાણિગ્રહણ કરીને મારા ઘરજમાઈ થઈને રહો. મારે વિદ્યા સાધવી છે તેના ઉત્તરસાધક તમે થાઓ. સાંભળીને દાક્ષિણ્યપણાના ભાવથી યોગીનું વચન પાળે છે. હવે યોગી પુરુષ ચાર દિશામાં ચાર ધુતારાઓને ઊભા રાખે છે અને હથિયાર આપે છે અને ચાર વિદિશામાં કન્યાઓને ઊભી રાખી ચારેબાજુ દૃષ્ટિ ફેરવતો જાપ કરતો કરતો હોમ કરવા માંડ્યો અને જાપ પત્યા એટલે બલિદાન દેવા માંડ્યું. ત્યારે કુમારને વિચાર આવ્યો આ ઉત્તમ કાર્ય નથી.

કુમારે વિદ્યાધરે આપેલી એક આકાશગતિની અને બીજી અદશ્યઅંજન વિદ્યાઓ છે તેનો ઉપયોગ કરવા વિચાર્યું. નેત્રમાં અંજન આંજીને કુમાર યોગી પાસે જઈને ઊભો રહ્યો પણ યોગી કુમારને જોઈ શકતો નહોતો.

એટલે જેવી યોગીના જાપ હવનની પૂર્ણાહુતિ થઈ તેવો જ કુમારે યોગીને બાંધીને અગ્નિકુંડમાં નાખી દીધો. ચાર ધુતારા (ધૂર્ત) પુરુષો ત્યાંથી નાસી ગયા. યોગી અગ્નિમાં બળતો સુવર્ણ પુરુષ થયો પછી કુમારે ચારે બાલિકાઓનું ઠામઠેકાણું પૂછ્યું. ચારે કન્યાઓએ પોતાની વાત આ પ્રમાણે કહી. હરિપુર નગરમાં શિવદેવ રાજા રાજ કરે છે. તે પરમ ઉત્કૃષ્ટ અરિહંત ભક્ત છે, ન્યાય-નીતિથી પ્રજાને પાળે છે. તે નગરમાં ધનદ, કામદેવ, ધનંજય

અને વિજય નામે ચારે વ્યવહારીયા રહે છે. બધાને એકબીજા સાથે મૈત્રીભાવ છે, તેમની પાસે અગણિત ધન છે, માટે ચારે ધનાઢ્ય કહેવાય છે. આ ચારેય પણ ઉત્કૃષ્ટ અરિહંત ભક્ત છે. તેમની લલિતા, સુલલિતા, સુલોચના અને પ્રગુણા નામે અમે ચાર પુત્રીઓ છીએ. અમારે પણ એકબીજા સાથે સ્નેહભાવ છે અને શ્રીવીતરાગની ભક્તિ કરીએ છીએ.

એકવાર શ્રીસમેતશિખરનો મહિમા ગુરુના મુખથી સાંભળીને તેની યાત્રા કરવા ચતુર્વિધ સંઘ એકઠો કરી અમારા પિતાના પરિવાર સહિત નીકળ્યા. શ્રી સમેતશિખર આવી વીસ ટૂંક પર ઘણી ભક્તિ કરી, જિનેશ્વર પૂજ્યા. સ્વામિવાત્સલ્ય કર્યા અને દીન દુઃખીયાનો ઊદ્ધાર કરીને ત્યાંથી પાછા વળ્યા. પંથ કાપતાં છ મહિના વીતી ગયા. એક વાર માર્ગમાં કોઈ મહાવનમાં શ્રીસંઘે ઉતારો કર્યો રાત્રિએ તંબૂમાં અમે ચારે બાલિકાઓ એકાંત નિદ્રાવશ થઈ હતી. ત્યાંથી આ ચાર ધૂર્ત પુરુષોએ અમારું અપહરણ કરીને આ યોગી પાસે લાવ્યા હતા. અમારા ભાગ્યના ઉદયથી તમે અહીં આવીને અમને અભયદાન આપ્યું. હવે અમારા ચારનું પાણિગ્રહણ કરીને અમન સનાથ કરો. કુમાર તેમનું પાણિગ્રહણ કર્યું પછી સોનાના નરને અગ્નિકુંડમાંથી કાઢીને ચાર કન્યાઓને લઈને હરિપુર ભણી પ્રસ્થાન કર્યું.

એવામાં નગર મધ્યે રહેતી તે જ નગરની વેશ્યા વનમાં આવી. તે કન્યા, અને ઘોડાને સુવર્ણ પુરુષ દેખી લોભમાં આંધળી થઈ. અને કપટ માયાથી કન્યાઓ પાસે આવીને કહેવા માંડી. હે મારા ભાઈની સ્ત્રીઓ ! મારા ઘેર આવો મારા ભાઈએ મને તમને તેડવા માટે મોકલી છે. એવી રીતે ધુતીને બાલિકાઓને સર્વ વસ્તુઓ સહિત પોતાના ઘેર લઈ આવી. વેશ્યાનું ઘર જોઈને ચારેય કન્યાઓ ગભરાઈ ગઈ અને પોતાના શીલરક્ષણ માટે એક ઓરડામાં ઘુસી ગઈ અને દઢ રીતે બારણા બંધ કરી દીધા કે ખુલે જ નહિ.

એટલામાં કુમાર વનમાંથી ફરીને પાછો આવ્યો અને ઘોડો તથા સ્ત્રીઓ કે સુવર્ણ પુરુષ કશું જોયું નહિ. એટલે એને આશ્ચર્ય થયું કે ચોક્કસ કોઈ ધૂર્ત મારી સ્ત્રીઓ સહિત બધું અપહરી ગયો છે. પછી પગલાંથી દોરવાઈને તે

વેશ્યાના ઘર સુધી આવ્યો અને અંજનના પ્રભાવથી અદશ્ય થઈ તેના ઘરમાં પ્રવેશ કરીને બધું પોતાનું છે એમ ઓળખીને બહાર નીકળી ગયો. વેશ્યાને શિક્ષા કરવા બ્રાહ્મણનું રૂપ ધરી નિમિત્તિઓ બનીને વેશ્યાના ઘેર આવ્યો. વેશ્યાએ પણ તે બ્રાહ્મણને દૂરથી આવતો જોઈને ઝડપથી ઊભા થઈ આદર આપી બેસાડ્યો અને નમસ્કાર કરીને બોલી "હે દ્વિજશ્રેષ્ઠ ! ચાર સ્ત્રીઓ પોતાની ઇચ્છાથી જ મારા ઘેર આવી છે. પણ કોઈ ભૂતથી ડરીને બારણા બંધ કરીને અંદર બેસી ગઈ છે. માટે તેમને બહાર લાવો તો યોગ્ય પુરસ્કાર આપીશ. કુમારે જવાબ આપ્યો, "હે નાયિકા ! એ સ્ત્રીઓ કોઈક વિષમ કારણથી ગભરાઈ છે, હું તેમની પાસે જઈ શાકિનીભૂતને બોલાવીશ, ત્યાં સુધી તમારે દૂર રહેવું પડશે. દ્વિજના વચનનો વેશ્યાએ સ્વીકાર કર્યો. થોડીવાર પછી કુમાર ઓરડાની બહાર ઊભો રહીને પ્રેમથી કહે છે, તમે ચિંતા કરશો નહિ, મનમાં સમાધિ રાખીને રહેજો. પતિનો અવાજ સાંભળી સ્ત્રીઓએ બારણું ખોલ્યું અને સ્વામીને નમસ્કાર કર્યા. કુમારે કહ્યું કે પોતે જ્યાં સુધી વેશ્યાને શિક્ષા ના કરે ત્યાં સુધી તમારે અહીં જ રહેવાનું છે. પછી વેશ્યા (કુટણી) પાસે આવીને કહ્યું, તે સ્ત્રીઓના દુઃખને મેં જાણી લીધું છે. હવે મારે તમારા ઘરમાં જ રહીને તેનો ઉપચાર કરવો પડશે."

વેશ્યાએ પૂછ્યું કે તમે બીજી પણ કોઈ સિદ્ધ વિદ્યા જાણો છો ? બ્રાહ્મણે કહ્યું હું સર્વજ્ઞ છું. મારણ મોહન, સ્તંભન, વશીકરણ વગેરે વિદ્યાઓ જાણું છું. વળી બાળકનું અને વૃદ્ધનું વય પરિવર્તન કરવાની વિદ્યા પણ મારી પાસે છે. સાંભળીને વેશ્યા તો એકદમ આનંદમાં આવી ગઈ. તેણે કુમારને કહ્યું, "હું વૃદ્ધ છું માટે મને યૌવનવતી કરો. બ્રાહ્મણે પૂછ્યું જો તમે યુવાન થઈ જાઓ તો મને શું આપો ? વેશ્યાએ કહ્યું કે લાખ સોનામહોર આપીશ. બ્રાહ્મણ બોલ્યો, "હે નગરનાયિકા, ફરીથી યુવાન થવા માટે પ્રથમ માથું મુંડાવી, નગ્ન થઈ પછી મારા આપેલા અદશ્ય અંજનને આંજીને બળતા નીભાડામાંથી અગ્નિ લાવી આપો પછી તે અગ્નિ પર હું વિદ્યાનું આહ્‌વાન કરીશ અને તમે યુવાન થઈ જશો."

નિમિત્તકનું આ વચન સાંભળીને તે વેશ્યા માથું મુંડાવી, નગ્ન થઈ, અંજન આંજી નીંભાડામાં અગ્નિ લેવા ગઈ. ત્યાં નીંભાડાના ધુમાડાથી અંજન આંખમાંથી ઓગળ્યું એટલે વિરૂપ, નગ્ન અને મસ્તક મુંડાવેલી સ્ત્રી પ્રગટપણે દેખાવા માંડી. તેને જોઈને લોકો ભેગા થઈ ગયા અને રાજ પુરુષો આવીને તે શાકિનીને દોરડાથી બાંધી રાજભવન લઈ ગયા. લોકો પણ પાછળ પાછળ કૌતુક જોવા ગયા. કોટવાળે રાજાને કહ્યું કે આ શાકિની નગ્ન થઈને લોકોને છેતરવા માટે નીંભાડામાં જઈને મંત્રનું આહ્વાન કરતી હતી એટલે અમે પકડી લીધી છે. રાજાએ કોટવાલને કહ્યું એને ચોરની જેમ મારતા મારતા જળ ભરેલા જૂના કૂવા પાસે લઈ જઈ, એનું માથું નીચું અને પગ ઉપર રહે તેવી રીતે કૂવામાં નાખી દેજો. રાજપુરુષો તેને મુષ્ટિના પ્રહારો કરતા કરતા લઈ જતા હોય છે અને ચૌટામાં આવે છે ત્યાં બીજી વેશ્યાઓ તેને જુએ છે.

સર્વ વેશ્યાઓ ભેગી થઈને રાજા પાસે જાય છે વિનંતી કરે છે, "હે નાથ ! આ અનાથને કારણ પૂછ્યા વગર શાકિનીનું કલંક આપીને સજા ના કરો. તમે એને પાછી બોલાવીને તેનું કારણ પૂછો કે આમ કેમ બન્યું છે ? સાંભળ્યા પછી જે યોગ્ય લાગે તે કરજો. રાજાએ વેશ્યાને પાછી બોલાવી. રાજા વેશ્યાને પૂછે છે કે આવું કેમ બન્યું ? ત્યારે જ કુમાર તેની ચાર સ્ત્રીઓ લઈને આવે છે અને બધી વાત કરે છે. પહેલાં વેશ્યાએ શું કર્યું અને પછી તેણે શું કર્યું તે બધું વિગતે કહ્યું. રાજ સભામાં સાંભળીને બધી વેશ્યાઓના ચહેરા શરમથી ઝૂકી ગયા. રાજાએ વેશ્યાનો વધ કરવાનો આદેશ આપ્યો. કુમારે જેમતેમ કરીને તેને છોડવી, એટલે તે લોકોની નિંદા, સાંભળતી સાંભળતી પોતાના ઘેર ગઈ. રાજાએ કુમારની પ્રશંસા કરી પોતાની ચારે કન્યાઓનું પાણિગ્રહણ કરાવ્યું."

પછી વાજતેગાજતે કુમાર હરિપુર ભણી ચાલ્યો અને થોડા દિવસોમાં હરિપુર પહોંચ્યો. ત્યાં ચાર બાલિકાઓ પોતાના માતાપિતાને મળતી હતી અને બધી વાત કરતી હતી. વ્યવહારીયા પણ ઉત્તમ જમાઈને જોઈને ઘણા ખુશ થયા. કુમાર પણ નગરના લોકોથી આદર પામતો હતો અને સસરાએ આપેલા

આવાસમાં રહેતો હતો. એકવાર કુમારને પોતાની અવધિ યાદ આવી. સસરાની રજા લઈને તે વૈતાઢ્ય ગયો. ત્યાં ખેચરેન્દ્રને નમસ્કાર કરી પોતાની બધી વાત તેને કરી. ખેચર પણ કુમારની વાતોથી ખૂબ આનંદ પામ્યા. પછી કુમારે વિદ્યાધરના સ્વામીને કહ્યું, હે નરેન્દ્ર, મને રજા આપો તો હું મારા નગરે જઉં. રાજાએ વિમાન, ધન, રત્ન, મણી, મુક્તાફળ વગેરે અનેક પ્રકારની ઋદ્ધ તથા પ્રજ્ઞતિ વિદ્યાઓ આપીને સ્નેહ સહિત પોતાની પુત્રીઓ સાથે પોતાના ગામ જવાની રજા આપી. કુમાર પણ વિમાનમાં બેસી હરિપુર આવ્યો અને પોતાની સ્ત્રીઓ તથા ઋદ્ધિ અને સુવર્ણપુરુષ સાથે લઈ દશરથપુર આવ્યો. ત્યાં મંત્રીશ્વર અને નગરના લોક મહાજને કરેલા મહોત્સવથી નગરમાં પ્રવેશ કરી સુખેથી રાજ કરવા માંડ્યો.

કુમારને પોતાના પિતાને મળવાની ઇચ્છા થઈ. સૈન્ય સહિત, માર્ગમાં જે જે દેશ આવ્યા તેમની પર વિજય મેળવી માલવદેશ અવંતીનગરીમાં આવ્યો અને માતાપિતાને નમસ્કાર કર્યા. જયસિંહ રાજા પુત્રની ઋદ્ધિ દેખી ખૂબ આનંદ પામ્યો અને મોટો મહોત્સવ કરી નગરમાં પ્રવેશ કરાવ્યો. બધા સુખેથી રહેવા માંડ્યા પછી રાજાએ પહેલાંની વાત પૂછી. કુમારે પણ આખી વાત વિગતે કહી. રાજાએ ખુશ થઈને મંત્રીશ્વરને પણ બોલાવ્યો અને આદર સહિત સુવર્ણપટ બંધાવીને તિમિરહર એવું બિરૂદ આપ્યું. હવે ગજસિંહકુમારે સુવર્ણપુરુષને ઉપયોગમાં લઈ પૃથ્વીતલના લોકોને દરિદ્રતાથી દૂર કરી યાચકજનોને નિર્યાચકપણું કરે એવા આશયથી દાન પુણ્ય કરીને સમય પસાર કરવા માંડ્યો.

એકવાર રાજા કુમાર સહિત રાજ્યસભામાં બેઠા હતા ત્યારે વનપાલકે રાજા આગળ આવી ફળભેટણું મૂકી ફૂલથી વધાવીને કહ્યું, "હે રાજા ! હમણાં યુગંધરાચાર્ય, ચાર જ્ઞાનના ધરનાર પાંચસો સાધુઓ સહિત ઉજ્જૈન નગરીના ઉપવનમાં પધાર્યા છે." વનપાલકને સાંભળીને રાજા હર્ષથી કુમાર તથા અન્ય પરિવાજનો સહિત આચાર્યને વાંદવા ઉપવનમાં આવે છે. ગુરુને નમસ્કાર કરીને ગુરુ આગળ બેસી ધર્મ સાંભળે છે. આચાર્ય ઉપદેશ આપતા હતા કે

જીવની રક્ષા કરવી, વીતરાગની પૂજા કરવી, ભક્તિ કરી ધર્મ સાંભળવો, સાધુને નમવું, અહંકારને ટાળવું, સમ્યકત્વી ગુરુનું માનવું, માયા કપટને હણવું, ક્રોધનું શમન કરવું, લોભ કરવો નહિ, ઇંદ્રિયો ઉપર સંયમ રાખવો, મનન કરવું એ અગિયાર વાના છે તેને મુક્તિ પામવાના ઉપાય જાણવા. પછી રાજા પૂછે છે, "હે સ્વામી ! સર્વ પર્વમાં સૌથી મોટું શાશ્વત વિશિષ્ટ પર્વ કયું છે ?" આચાર્ય કહે છે, "હે રાજન ! સર્વ પર્વમાં મોટું પર્યુષણપર્વ છે." રાજા પૂછે છે કે કોણે આરાધ્યું હતું અને કેવું ફળ મળ્યું ? ગુરુ આ પ્રમાણે કહે છે :

"મગધદેશ રાજગૃહી નગરીમાં સુમિત્ર નામે ક્ષત્રીનો પુત્ર છે. તે ભદ્રક છે પણ મિથ્યાદૃષ્ટિ કૌલધર્મી આહેડાકર્મ માટે રક્ત છે. એક વાર શિકાર કરવા વનમાં ગયો છે. ત્યાં કામરક્ત મૃગલામૃગલીનું જોડું જોઈને તે જોડલાને બાણથી હરે છે. તે મૃગસ્ત્રી અને તેનો ભરથાર મરણ પામીને અકામનિર્જરાએ મનુષ્યનું આયુષ્ય બાંધીને તેના યોગ થકી મૃગનો જીવ તે તમે થયા અને મૃગલીનો જીવ તે દુષ્ટ વ્યંતરી થઈ અને સુમિત્ર ક્ષત્રી મૃગ માટે આવ્યો હતો. પણ ત્યાં મુનિ જોઈને લજ્જા પામે છે અને ભદ્રક હોવાથી મુનિને વંદન કરી મુનિ પાસે બેસે છે. મુનિ તેને બોધ આપે છે. "સદા જીવદયાનું પાલન કરવું, ઇન્દ્રિયવર્ગનું દમવું, સત્ય બોલવું, એ ધર્મનું રહસ્ય જાણવું. માટે પ્રાણીવધ કરવો નહિ. હિંસાનો પરિહાર કરવો."

ઉપદેશ સાંભળી સુમિત્ર ક્ષત્રી કહે છે, "હે સ્વામી, મેં ઘણા પાપ કર્યાં છે માટે હું કેવી રીતે પાપરહિત થાઉં. મુનિ કહે છે, 'હે ભવ્ય ! તમે પાપોની આલોચના માટે શ્રી પર્યુષણપર્વમાં અઠ્ઠમ, અક્ષયનિધિ, છઠ્ઠભક્તિ, પંચશિખરણી, અઠ્ઠાઈ વગેરે તપ કરી વિધિપૂર્વક સમ્યક પ્રકારે પર્વ આરાધના કરશો તો પાપરહિત થશો. પણ આહેડાના વ્યસનના લીધે મૃગને હણ્યું તેથી મોટું પાપ કર્યું છે. પર્યુષણની આરાધનાથી આગળના ભવમાં હલુઆકર્મી થશો અને પર્વ આરાધનાથી ઉત્તરોત્તર શુભ સુખ ભોગવી મુક્તિપદ પામશો." મુનિના વચનો સાંભળીને સુમિત્ર ક્ષત્રી પર્યુષણ આરાધવાનો અભિગ્રહ લઈને તે દિવસથી અખંડવ્રતને પાળે છે.

તે ક્ષત્રી સમ્યક પ્રકારે આરાધીને શુભબંધે સમાધિ સહિત મરણ પામી તમારો પુત્ર થયો. પૂર્વ ભવના વેરભાવે તમને પુત્ર પર ક્રોધ ઉપજ્યો અને તમે તેના વધનો આદેશ આપ્યો. વ્યંતરીએ પણ પૂર્વભવના વેરના વશ થકી કુમારનો વધ થાય એટલે તમને દેવદંભની કરણી દેખાઈ. વળી દેશાટનમાં જે સંપત્તિનું પામવું થયું તેને પર્વારાધનનું ફળ સમજવું. જયસિંહ રાજા ગુરુનો ઉપદેશ સાંભળી સંસારથી વિરક્ત થયા અને ગજસિંહ કુમારને સિંહાસન પર બેસાડીને પોતે દીક્ષા ગ્રહણ કરી. ગજસિંહ કુમાર પણ ગુરુના મુખ થકી શ્રીસમ્યકત્વ મૂલ બાર વ્રત સહિત શ્રી પર્યુષણપર્વની આરાધના કરતા હતા અને સુખેથી રાજ્ય પ્રત્યે પણ જવાબદારી અદા કરતા હતા.

શ્રી પર્યુષણપર્વના આરાધનાના પુણ્યે સુવર્ણ પુરુષ પામ્યા, વળી વિદ્યા પામ્યા અને શ્રીજિનશાસનના પ્રભાવિક થયા. તેમણે પરદ્રોહ, હિંસા કરવી, અસત્ય બોલવું, પૈશુન્ય, મત્સરપણું જીવને હણવા, ચોરી તે સર્વ પાપ નિવારીને પાપના નામ પણ નિષેધ્યા. ગામેગામ અરિહંતના દેરાસર બંધાવ્યા. શ્રીગુરુને સર્વ સ્થાનકે બહુમાન આપ્યું. અમારિ પ્રવર્તન કરાવ્યું અને પર્યુષણ મહોત્સવ વર્ષે વર્ષે કર્યા. આમ ધર્મની વૃદ્ધિ થઈ એટલે મેઘવૃષ્ટિ થવા માંડી. પૃથ્વી ધાન્યવંત થઈ. ગાયો દૂધ આપવા લાગી. વૃક્ષો પુષ્પ અને ફળ આપવા માંડ્યા. લોકો પણ ચિંતા રહિત, રોગ રહિત થવા માંડ્યા અને મનોવાંછિત ફળ પામવા માંડ્યા. ગજસિંહ રાજાની ઋદ્ધિ કહે છે - સોળહજાર દેશના સ્વામી - પાંચસો રાણીઓ - ચોત્રીસ લાખ હાથી, ચોત્રીસ લાખ ઘોડા અને રથની સંપદા થઈ. આ રીતે નિષ્કંટક અખંડ રાજ્ય ઘણા કાળ સુધી ભોગવી મહેન્દ્રદત્ત કુમારને રાજપાટ સોંપી શ્રી જયચંદ્રાચાર્ય પાસે દીક્ષા લીધી. ઉત્તમ રીતે ચારિત્ર પાળી મોટા ઉદયનું કરનાર એવું જિન નામકર્મ બાંધ્યું. શુભભાવે અનશન કરી દેવલોકે દેવતા થયા. ત્યાંથી આવીને પૂર્વ મહાવિદેહમાં તીર્થંકરપદ પામી અરિહંતપદ ભોગવી મુક્તિપદ પામશે.

એમ શ્રી મહાવીર સ્વામીના મુખ થકી શ્રી પર્યુષણફળનું સૂચન કરનારું એવું ગજસિંહ રાજાનું ચરિત્ર સાંભળી રાજા શ્રેણિક પર્યુષણપર્વની આરાધના કરવા માટે (પ્રતિ) બોધ પામ્યા.







૧૭, નિશાંત બંગલોઝ વિભાગ-૧, બિલેશ્વર મહાદેવ સામે, સીટી ગોલ્ડ સિનેમાની ગલી,
શ્યામલ ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦૦૦૫
ફોન નં. : ૨૬૭૬૮૦૯૦, ૪૦૦૨૫૯૧૪ | મોબાઇલ નં. : ૯૮૯૮૩૮૦૦૫૩